# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

19 APRIL, 2026 SUNDAY



પેજ 2



ધંધુકા રક્તરંજિત! કરુણ હત્યા બાદ જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો

પેજ 3



આમોદ શામા ચોકડી પાસે ટ્રિપલ અકસ્માત સર્જાતા બાઈક ઉપર સવાર ૫૦ વર્ષીય મહિલાનું મોત

પેજ 7



ડભોઈમાં રેતી માફિયાઓના પાપે નિર્દોષનો જીવ ગયો

પેજ 5



માધવગઢની શાળામાં દીવાલ પડતા કિશોરના મોતનો મામલો



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 34 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


## હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા બે ભારતીય જહાજો પર શનિવારે બપોરે ગોળીબાર થયો હતો

# હોર્મુઝ પર બે ભારતીય જહાજો પર ઈરાનનું ફાયરિંગ

## ક્રૂડ ઓઈલ અને ગેસ લઈને જતા 14 જહાજોને રોક્યા, સ્ટ્રેટ પાર કર્યા વિના જ પરત ફર્યા

• વોશિંગ્ટન ડીસી

હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા બે ભારતીય જહાજો પર શનિવારે બપોરે ગોળીબાર થયો હતો. આ સાથે ઈરાને ભારત આવી રહેલા 14 જહાજોને હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતા રોકી દીધા છે. ન્યૂઝ એજન્સી PTI ના જણાવ્યા અનુસાર, ક્રૂડ ઓઈલ અને ગેસ લઈને ભારત આવી રહેલા આ જહાજોને હોર્મુઝ પાર કરતી વખતે ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) દ્વારા રોકવામાં આવ્યા હતા. સાથે જ, બે જહાજો પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેના પછી 13 જહાજો ફારસની ખાડીમાં અલગ-અલગ સ્થળોએ પરત ફરી ગયા હતા. આ દરમિયાન એક જહાજમાં ગોળી વાગી હતી, જ્યારે એક જહાજ સ્ટ્રેટ પાર કરવામાં સફળ રહ્યું હતું. આ ઘટના બાદ ભારતના વિદેશ મંત્રાલયે શનિવારે ભારતમાં ઈરાનના રાજદૂત ડો. મોહમ્મદ ફથઅલીને તેડું મોકલ્યું હતું. ભારતે આ ફાયરિંગ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.




વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે ઈરાન અગાઉ પણ ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપતું આવ્યું છે, તેથી જહાજોની અવરજવર વહેલી તકે ફરી શરૂ કરવામાં આવે.ઈરાને આજે હોર્મુઝને બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈરાનનો આરોપ હતો કે અમેરિકા સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે, તેથી 24 કલાકની અંદર જ તેણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો.ઈરાની કુદ્સ ફોર્સના વડા ઈસ્માઈલ કાનીશનિવારે બગદાદની મુલાકાતે ગયા હતા અને ઈરાકી રાજકીય નેતાઓ અને સશસ્ત્ર જૂથોના પ્રતિનિધિઓ સાથે મધ્ય પૂર્વના સંઘર્ષની ચર્ચા કરી હતી. કાનીની મુલાકાતનો હેતુ સંવેદનશીલ સમયે તેહરાનના સાથીઓ વચ્ચે સંકલનને પ્રોત્સાહન આપવાનો અને ઈરાકમાં સુરક્ષા પરિસ્થિતિને બગડતી અટકાવવાનો છે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી બંધ કરવામાં આવ્યા બાદ અને વધતા તણાવ વચ્ચે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગોલ્ફ રમવા ગયા હતા. અગાઉ, તેમણે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ અને રાજ્ય સચિવ માર્કો રુબિયો સાથે સિચ્યુએશન રૂમમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જ્યાં ઈરાની નાકાબંધી અને વાટાઘાટોની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.ઈરાન સાથે યુદ્ધવિરામ હવે માત્ર ત્રણ દિવસ દૂર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેમની રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે બેઠકો માટે વોશિંગ્ટનમાં રોકાયા હતા અને તેમણે એવી પણ ટિપ્પણી કરી હતી કે વાટાઘાટો દરમિયાન ઈરાન થોડું ચાલાક બની રહ્યું છે. ઈરાનના રાજ્ય સંચાલિત ફાઉન્ડેશન ફોર માર્ટીયર્સ એન્ડ વેટરન્સ અફેર્સ અનુસાર, યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધી યુએસ અને ઈઝરાયલી હુમલાઓમાં ઓછામાં ઓછા 3,468 લોકોના મોત થયા છે.આ માહિતી ISNA ન્યૂઝ એજન્સી દ્વારા સંસ્થાના વડા અહમદ મૌસાવીને ટાંકીને આપવામાં આવી હતી.

આ નવો આંકડો 12 એપ્રિલના રોજ ઈરાની લીગલ મેડિસિન ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પાડવામાં આવેલા અગાઉના અહેવાલ (3,375 મૃત્યુ) કરતા વધારે છે.કતારના વિદેશ મંત્રાલયે દક્ષિણ લેબનોનમાં યુએન પીસકીપિંગ મિશન (UNIFIL) પર થયેલા હુમલાની સખત નિંદા કરી છે, જેમાં એક ફ્રેન્ચ સૈનિકનું મોત થયું હતું અને ઘણા અન્ય ઘાયલ થયા હતા.

મંત્રાલયે UNIFIL પરના કોઈપણ હુમલાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો, સુરક્ષા અને સ્થિરતા જાળવવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કર્યો. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફે ઈસ્લામાબાદમાં અમેરિકા સાથેની તેમની વાતચીતની ચોંકાવનારી વિગતો આપી છે.એક ટીવી ઈન્ટરવ્યુમાં, તેમણે ખુલાસો કર્યો કે, હોર્મુઝમાં એક અમેરિકન માઈનસ્વીપરની હાજરીથી નોંધપાત્ર તણાવ થયો હતો.

ગાલિબાફે દાવો કર્યો હતો કે તેમણે યુએસ પ્રતિનિધિમંડળને સીધી ચેતવણી આપી હતી કે જો તેમનું જહાજ તેની સ્થિતિથી થોડું પણ ખસશે, તો ઈરાની સૈન્ય તરત જ તેનો નાશ કરશે. હિઝબુલ્લાહના નેતા નઈમ કાસિમે કહ્યું કે, ઈઝરાયલ સાથે 10 દિવસનો યુદ્ધવિરામ ફક્ત ત્યારે જ ટકી શકે છે જો બંને પક્ષો તેનો આદર કરે. કાસિમે આજે કહ્યું કે યુદ્ધવિરામનો અર્થ બધી પ્રતિકૂળ પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ રોક છે, અને તેમના લડવૈયાઓ લેબનોનમાં કોઈપણ ઈઝરાયલી દ્વારા કરાયેલા હુમલાનો સખત જવાબ આપશે.

ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજોની અવરજવર માટે નવો 'પે-એન્ડ-પાસ' પ્રોટોકોલ લાગુ કર્યો છે, જેના હેઠળ સુરક્ષા અને બચાવ સેવાઓ માટે ચૂકવણી કરનારા જહાજોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# આફ્રિકાનો ચક્કર લગાવીને મિડલ ઈસ્ટ જઈ રહ્યું અમેરિકી યુદ્ધ જહાજ

## હુતી બળવાખોરોના હુમલાના ડરથી રસ્તો બદલ્યો, 6000 નાવિક અને 3 ડિસ્ટ્રોયર પણ સાથે

• વોશિંગ્ટન ડીસી

દરિયામાં દુનિયાના સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજોમાં સામેલ અમેરિકાનું વિશાળ એરક્રાફ્ટ કેરિયર USS જ્યોર્જ એચડબ્લ્યુ બુશ સીધો રસ્તો છોડીને લાંબો ચક્કર લગાવી રહ્યું છે.આ જહાજ હવે દોઢ ગણું વધુ અંતર કાપીને આફ્રિકાનો આખો ચક્કર લગાવીને ઈરાન નજીક પહોંચી રહ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, રેડ સીનો રસ્તો હુતી વિદ્રોહીઓના ખતરાથી ભરેલો છે. જેનાથી બચવા માટે આ અમેરિકી સુપરકેરિયર લાંબો રસ્તો લેવા મજબૂર છે.ફોર્બ્સના રિપોર્ટ અનુસાર, અમેરિકી કેરિયર જિબ્રાલ્ટર, ભૂમધ્ય સાગર અને સુએઝ નહેર થઈને રેડ સીમાંથી પસાર થાય છે.પરંતુ આ વખતે અમેરિકી નૌકાદળે આ રસ્તો પસંદ કર્યો નથી.આ કેરિયર સાથે ત્રણ ડેસ્ટ્રોયર અને લગભગ 6,000 નાવિક છે. બે અમેરિકી અધિકારીઓએ APને જણાવ્યું કે આ સ્ટ્રાઈક ગ્રુપ મિડલ ઈસ્ટમાં તૈનાતી માટે રવાના થયું છે.ૅઆ સૌથી શક્તિશાળી ગણાતા અમેરિકી જહાજનો આટલો લાંબો રૂટ લેવો એ કોઈ સામાન્ય બાબત નથી. પેન્ટાગોને સત્તાવાર રીતે કારણ જણાવ્યું નથી, પરંતુ



સંકેતો સ્પષ્ટ છે કે આફ્રિકાનો રસ્તો લેવાથી આ જહાજ રેડ સી અને બાબ-અલ-મંદેબ સ્ટ્રેટથી બચી રહ્યું છે.તાજેતરના વર્ષોમાં, યમનના હુતી વિદ્રોહીઓએ આ વિસ્તારને અસુરક્ષિત બનાવી દીધો છે.આ હુતી વિદ્રોહીઓને ઈરાનનું સમર્થન છે અને તેઓ અગાઉ પણ રેડ સી અને બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરી ચૂક્યા છે.આ જ કારણ છે કે વિશ્વની સૌથી શક્તિશાળી નૌકાદળ પણ હવે તે માર્ગે જવાનું ટાળી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાજપે રાહુલ ગાંધીના ઘર સામે તેમનું પૂતળું બાળ્યું:દિલ્હી CMએ મહિલા સાંસદો સાથે વિપક્ષ નેતાના ઘર સુધી કૂચ કરી

• નવી દિલ્હી

લોકસભામાં બંધારણ (131મો સુધારો) વિધેયક પસાર ન થવાને કારણે એનડીએ નેતાઓ દેશભરમાં પ્રદર્શન કરી રહ્યા છે. દિલ્હીના CM રેખા ગુપ્તાએ મહિલા સાંસદો સાથે રાહુલ ગાંધીના ઘર તરફ કૂચ કરી. કાર્યકર્તાઓએ રાહુલનું પૂતળું બાળ્યું. પોલીસે ભીડ હટાવવા માટે વોટર કેનનનો ઉપયોગ કર્યો. કેન્દ્રીય રાજ્ય મંત્રી રક્ષા ખડસે, ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજ અને કમલજીત સેહરાવતની અટકાયત કરવામાં આવી છે.સરકારે શુક્રવારે લોકસભામાં બંધારણનો 131મો સુધારો બિલ રજૂ કર્યો હતો. સરકાર તેને પસાર કરાવી શકી નહીં. તે 54 મતોથી નામંજૂર થયું. પ્રિયંકાએ કહ્યું- આજની મહિલાઓની સમસ્યાઓ વધી રહી છે.

### મહારાષ્ટ્ર, ઓડિશા અને બિહારમાંથી 4 શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ:રમકડામાં બોમ્બ લગાવીને હુમલાની તૈયારી કરી રહ્યા હતા

નવી દિલ્હી :દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે મહારાષ્ટ્રમાંથી બે અને ઓડિશા અને બિહારમાંથી એક-એક શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ કરી છે.દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મહારાષ્ટ્ર, ઓડિશા અને બિહારમાંથી ચાર શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે.પોલીસે શનિવારે જણાવ્યું કે તેમની પાસેથી IED અને તેની સાથે સંકળાયેલ સામાન મળી આવ્યો છે.આરોપીઓમાં બે મહારાષ્ટ્રના અને એક-એક ઓડિશા અને બિહારના છે. તેમની ઓળખ મોસાઈબ અહેમદ, મોહમ્મદ હમ્માદ, મોહમ્મદ સોહેલ અને શેખ ઈમરાન તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, બે આરોપીઓ એક રિમોટ કંટ્રોલ રમકડાની કારમાં IED ફીટ કરવાની તૈયારીમાં હતા.તપાસમાં એ પણ સામે આવ્યું છે કે શેખ ઈમરાન ડિસેમ્બર 2025માં દિલ્હીની મુલાકાતે આવ્યો હતો. તેણે લાલ કિલ્લો અને ઈન્ડિયા ગેટ જેવા સ્થળોની રેકી કરી હતી. એજન્સીઓ અનુસાર, આ લોકોએ રામ મંદિર, સંસદ ભવન અને લશ્કરી ઠેકાણા જેવા મુખ્ય ટારગેટ પર હુમલાઓની પણ ચર્ચા કરી હતી.

### મોંઘવારી ભથ્થામાં 2%નો વધારો:58%થી વધી 60% થયું, 1.19 લાખ કેન્દ્રીય કર્મચારી-પેન્શનરોને ફાયદો

નવી દિલ્હી : સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR)માં 2%ના વધારાને મંજૂરી આપી દીધી છે. સરકારે DA 58%થી વધારીને 60% કર્યો છે. આ વધારો 1 જાન્યુઆરી 2026થી લાગુ પડશે.આ પહેલા ઓક્ટોબરમાં મોંઘવારી ભથ્થાને 55%થી વધારીને 58% કરવામાં આવ્યું હતું. છેલ્લું રિવિઝન 1 જુલાઈ 2025થી પ્રભાવી માનવામાં આવ્યું હતું, જેની ચુકવણી એરિયર સાથે કરવામાં આવી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શનિવારે (18 એપ્રિલ) દિલ્હીમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં તેની જાહેરાત કરવામાં આવી હતી. આનાથી લગભગ 50.5 લાખ કર્મચારીઓ અને 68.3 લાખ પેન્શનરોને ફાયદો થશે.મોંઘવારી ભથ્થું (DA) સરકારી કર્મચારીઓને આપવામાં આવતું 'કોસ્ટ-ઓફ-લિવિંગ' એડજસ્ટમેન્ટ છે.


# દાંતામાં ખાખીના આશીર્વાદથી વરલી-મટકાનો ખેલ? પોલીસના પેટનું પાણી કેમ નથી હલતું?

## કયા પોલીસ કર્મીની રહેમ નજર હેઠળ આ જુગારધામો ધમધમી રહ્યા છે?

દાંતા (બનાસકાંઠા):શું દાંતા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદાનો ડર ઓસરી ગયો છે? કે પછી કાયદાના રક્ષકો જ ભક્ષકોના રક્ષક બની ગયા છે? છેલ્લા કેટલાક સમયથી દાંતા તાલુકામાં બહારથી આવેલા તત્વો દ્વારા વરલી-મટકાના જુગારનો જે પ્રકારે હાટડો ખોલવામાં આવ્યો છે, તેનાથી સ્થાનિક યુવાધન બરબાદીના પંથે છે.

પાક્કો ગુજરાતી ના અહેવાલની ધબકતી અસર:

જ્યારે પણ પાક્કો ગુજરાતી દ્વારા આ કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવે છે, ત્યારે પોલીસ એક્શન લેવાને બદલે સેટિંગ કરવામાં વ્યસ્ત થઈ જતી હોય તેવું જણાય છે. ચર્ચાઈ રહ્યું છે કે, સમાચાર પ્રસિદ્ધ થયા બાદ પોલીસ દ્વારા રેડ પાડવાને બદલે સંચાલકોને ફોન કરીને કહેવામાં આવે છે: 'ભાઈ, બે દિવસ ધંધો બંધ રાખજો, મામલો શાંત પડે એટલે ફરી શરૂ કરી દેજો!'




કોણ છે આ વહીવટદારો?

દાંતામાં મુસ્લિમ સમાજ અને અન્ય સમાજના કેટલાક તત્વો બહારથી આવીને આ નેટવર્ક ચલાવી રહ્યા છે.સવાલ એ થાય છે કે:

* સ્થાનિક પોલીસ આ અજાણ્યા તત્વોને ઓળખવામાં નિષ્ફળ કેમ છે?

* કયા પોલીસ કર્મીની રહેમ નજર હેઠળ આ જુગારધામો ધમધમી રહ્યા છે?

* શું વહીવટદારો અને પોલીસ વચ્ચે કોઈ ગુપ્ત ડીલ થયેલી છે?

જો તપાસ નિષ્પક્ષ રીતે કરવી હોય, તો દાંતા પોલીસ સ્ટેશનના શંકાસ્પદ પોલીસ કર્મીઓના છેલ્લા ૧ મહિનાના કોલ ડિટેલ્સ તપાસવામાં આવે. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

યુવાધનને કોણ બચાવશે?

જુગારના આ દૂષણે અનેક મધ્યમવર્ગીય પરિવારોને પાયમાલ કર્યા છે. બહારથી આવતા લોકો દાંતાની ધરતીને બદનામ કરી રહ્યા છે અને સ્થાનિક વહીવટીતંત્ર માત્ર તમાશો જોઈ રહ્યું હોય તેમ લાગે છે.

અમારો સવાલ:

શું બનાસકાંઠા એસ.પી. સાહેબ આ બાબતે ગંભીરતા દાખવશે? શું દાંતા પોલીસ સ્ટેશનના એ વહીવટદારો સામે કડક કાર્યવાહી થશે જેઓ પોલીસ અને જુગારીઓ વચ્ચે કડી સમાન છે?

રિપોર્ટ: પાક્કો ગુજરાતી ન્યૂઝ, દાંતા


### જનતા તેમને સજા જરૂર આપશે: PM

# PM બોલ્યા-મહિલા અનામત બિલ પાસ ન થયું, માફી માગું છું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહિલા અનામત પર દેશને 30 મિનિટ સંબોધિત કર્યો. તેમણે કહ્યું, 'આ બિલમાં સુધારો થઈ શક્યો નથી. હું તમામ માતાઓ-બહેનોની માફી માંગુ છું.' તેમણે કહ્યું, 'મારા માટે દેશહિત સર્વોપરી છે, જ્યારે કેટલાક લોકો માટે પક્ષનું હિત સર્વસ્વ બની જાય છે, પક્ષનું હિત દેશના હિત કરતાં મોટું થઈ જાય છે. ત્યારે નારી શક્તિને જ તેનો ભોગ બનવું પડે છે.' PMએ કહ્યું કે કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે જેવા વિરોધ પક્ષો આ ભ્રૂણહત્યાના ગુનેગાર છે. તેઓ દેશના બંધારણના અપરાધી છે. નારી શક્તિના અપરાધી છે. જે લોકોએ અડધી વસતીનો અધિકાર છીનવી લીધો, તેમને આ પાપની સજા મળશે.

મહિલાઓના સપનાને કચડી નાખ્યા: 'આજે ભારતનો દરેક નાગરિક જોઈ રહ્યો છે કે કેવી રીતે ભારતની નારી શક્તિની ઉડાનને રોકી દેવામાં આવી. તેમના સપનાઓને નિર્દયતાથી કચડી નાખવામાં આવ્યા.'

વિપક્ષે ટેબલ થપથપાવ્યા: 'કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સમાજવાદી



પાર્ટી જેવા પક્ષોની સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની નારી શક્તિએ ઉઠાવવું પડ્યું છે. કાલે દેશની કરોડો મહિલાઓની નજર સંસદ પર હતી. દેશની નારી શક્તિ જોઈ રહી હતી. મને પણ એ જોઈને ખૂબ દુઃખ થયું કે જ્યારે આ નારી હિતનો પ્રસ્તાવ પડતો મુકાયો ત્યારે કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી, સપા જેવી પરિવારવાદી પાર્ટીઓ ખુશીથી તાળીઓ વગાડી રહી હતી. મહિલાઓ પાસેથી તેમના અધિકારો છીનવીને આ લોકો મેજ થપથપાવી રહ્યા હતા.'મહિલા અપમાન ભૂલતી નથી: 'ગઈકાલે વિપક્ષે જે કંઈ પણ કર્યું તે માત્ર ટેબલ પર થાપ નહોતી.

### બંગાળના CMએ કહ્યું- ભાજપનું પતન ગઈકાલથી શરૂ થયું; રાહુલ ગાંધીની તમિલનાડુમાં 3 રેલી

• કોલકાતા

આસામના CM હિમંતા બિસ્વા સરમાએ આરોપ લગાવ્યો કે મમતા બેનર્જીએ મત માટે બંગાળની જમીન બાંગ્લાદેશી મુસલમાનોને વેચી દીધી છે. કાલિમપોંગમાં એક રેલી દરમિયાન હિમંતાએ કહ્યું કે જ્યારેથી મમતા CM બની છે, તેમણે આખા બંગાળને બરબાદ કરી દીધું છે. તેમને સત્તા પરથી હટાવવા પડશે, નહીં તો આપણે બંગાળ ગુમાવી દઈશું.આ તરફ, બંગાળના ઉલુબેરિયામાં ચૂંટણી રેલીમાં મમતા બેનર્જીએ કહ્યું કે BJPનું પતન ગઈકાલથી શરૂ થઈ ગયું છે. અમે છેલ્લા ઘણા દાયકાઓથી મહિલા અનામતના મુદ્દાની હિમાયત કરતા આવ્યા છીએ. આ મહિલાઓના અનામતનું બિલ નહોતું, પરંતુ તેનો સંબંધ સીમાંકન સાથે હતો. તેથી અમે તેનો વિરોધ કર્યો. જ્યારે, શનિવારે તમિલનાડુમાં રાહુલ ગાંધીએ પહેલી ચૂંટણી રેલી કરી. પોન્નેરીમાં જનતાને સંબોધિત કરતા તેમણે કહ્યું- ધરતી પર એવી કોઈ તાકાત નથી જે તમિલનાડુ કે તમિલ ભાષાને જરા પણ નુકસાન પહોંચાડી શકે, કારણ કે તમિલ કોઈ સામાન્ય ભાષા નથી.રાહુલે કહ્યું કે જૂના જમાનાની સેનાઓની જેમ જ, BJP પણ તમિલ ભાષા પર હુમલો કરવા માંગે છે, ઈતિહાસને ભૂંસી નાખવા માંગે છે અને તમિલ સંસ્કૃતિને વિકૃત કરીને રજૂ કરવા માંગે છે. અમે આવું ક્યારેય થવા દઈશું નહીં.

# યુપીનું બાંદા એશિયામાં સૌથી ગરમ શહેર, પારો 45.4C પહોંચ્યો

• નવી દિલ્હી

દેશના લગભગ તમામ રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે. ઉત્તર પ્રદેશના બાંદામાં શુક્રવારે તાપમાન 45.4C નોંધાયું હતું, જે આ સિઝનમાં અત્યાર સુધી એશિયામાં સૌથી વધુ તાપમાન છે. રસપ્રદ વાત એ છે કે એક અઠવાડિયા પહેલા, એટલે કે 9-10 એપ્રિલે, દેશના મેદાની વિસ્તારોમાં સૌથી ઓછું 12C તાપમાન પણ બાંદામાં જ નોંધાયું હતું.આજે, આગામી 4 દિવસ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળમાં લૂ લાગવાની શક્યતા છે. યુપીના 16 જિલ્લાઓમાં તાપમાન 40C થી વધુ રહ્યું, જેના કારણે હીટવેવ એટલે કે લૂ ચાલી. પ્રયાગરાજ, વારાણસી સહિત 50 શહેરોમાં ભીષણ ગરમી પડી રહી છે.મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશાના ઘણા જિલ્લાઓમાં તાપમાન 43C ને પાર પહોંચી ગયું છે. એમપીના 13 જિલ્લાઓમાં શાળાઓનો સમય બદલવામાં આવ્યો છે.છત્તીસગઢ ઉપરાંત ઓડિશાના બોલાંગીર, સુબર્ણપુર અને કાલાહાંડી જિલ્લાઓમાં 21 એપ્રિલ સુધી તમામ શાળા, કોલેજ અને આંગણવાડી કેન્દ્રો બંધ રહેશે.

રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીમાં શુક્રવારે વરસાદે થોડી રાહત આપી છે. તેમ છતાં આ રાજ્યોમાં પારો 40C થી ઉપર રહ્યો. જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ, બિહાર, સિક્કિમ, બંગાળ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં વરસાદનું એલર્ટ છે. બંગાળને અડીને આવેલા ઓડિશાના કેટલાક જિલ્લાઓમાં પણ વરસાદ પડી શકે છે. અહીં કર્ણાટકના કેટલાક જિલ્લાઓમાં કરા પડી શકે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# દહેજ પોલીસની મોટી સફળતા, GFL કંપનીમાં થયેલી 3.16 કરોડની ઘરફોડ ચોરીનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ

## માધવ ઇન્ડસ્ટ્રીઝમાં થયેલી ચોરીમાં પણ પોતાની સંડોવણી હોવાની કબૂલાત કરી છે

• વાગરા

વાગરા તાલુકાના દહેજ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા હાંસલ કરતા ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિમિટેડ કંપનીના વેરહાઉસમાંથી થયેલી 3,16,83,000/- ની માતબર રકમની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. આ મામલે પોલીસે પંજાબ, રાજસ્થાન અને સ્થાનિક રહેવાસી એવા કુલ 6 શખ્સોની ધરપકડ કરી છે અને મુદ્દામાલ રિકવર કર્યો છે. દહેજ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી GFL કંપનીએ નવા પ્લાન્ટના બાંધકામ માટે અટાલી ગામની સીમમાં વી-લોજિસ્ટિક નામનું વેરહાઉસ ભાડે રાખ્યું હતું. ગત તા. 15/04/2026 થી 16/04/2026 ના સમયગાળા દરમિયાન તસ્કરોએ વેરહાઉસનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો ત્યાંથી અંદાજે 15 લાખની કિંમત ધરાવતા 21 નંગ કિંમતી મિકેનીકલ સીલ (કુલ કિંમત 3.15 કરોડ), ઈન્ડસ્ટ્રીયલ વાલ્વ અને અન્ય સ્પેરપાર્ટસ મળી કુલ 3.16 કરોડથી વધુના મટીરિયલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.




ઘટનાની ગંભીરતાને જોતા વડોદરા રેન્જ આઈજી અને ભરૂચ એસપીની સૂચનાથી દહેજ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરતા સર્વેલન્સ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે ચોરીના મુદ્દામાલ સાથે એક વાદળી રંગની બ્રેઝા ગાડી રહીયાદ ચોકડી તરફ આવી રહી છે. પોલીસે વોચ ગોઠવી ગાડીને આંતરી હતી, જેમાં તપાસ કરતા 4 ઈસમો મળી આવ્યા હતા અને ગાડીમાંથી ચોરીના મિકેનીકલ સીલ પણ મળી આવ્યા હતા. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછમાં અન્ય બે સાગરીતોના નામ પણ ખુલ્યા હતા, જેઓ રહીયાદ ચોકડી પાસે આવેલી એક પતરાની દુકાનમાં બાકીનો મુદ્દામાલ સંતાડીને બેઠા હતા. વધુમાં, મુખ્ય આરોપી વિશાલદીપસીંગે નવેઠા ચોકડી પાસેથી એક બાઈક ચોર્યું હોવાની અને અગાઉ માધવ ઈન્ડસ્ટ્રીઝમાં થયેલી ચોરીમાં પણ પોતાની સંડોવણી હોવાની કબૂલાત કરી છે. પોલીસે હાલમાં બ્રેઝા ગાડી, ચોરીનું બાઈક, 2 મોબાઈલ અને તમામ ચોરાયેલ મટીરિયલ મળી કુલ 3,21,68,000/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કેસમાં ઉત્તર પ્રદેશનો બલવિંદરસિંગ નામનો એક આરોપી હજુ વોન્ટેડ છે, જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. રિપોર્ટર સૈફ અલી ભટ્ટી વાગરા

---

**ઘરની શાન** દીકરીઓ જ કુળનું નામ રોશન કરે છે અને ઘરની ખુશહાલીનો આધાર હોય છે

# 'દીકરીઓ છે ઘરની શાન, અંશી માકને વધાર્યું પરિવારનું માન'










• [પ્રસ્તાવના]

કહેવાય છે કે દીકરીઓ ઘરની લક્ષ્મી હોય છે, પરંતુ જ્યારે એ જ લક્ષ્મી પોતાની મહેનત અને પ્રતિભાથી સફળતાના શિખરો સર કરે છે, ત્યારે તે સમગ્ર સમાજ માટે એક પ્રેરણા બની જાય છે. આજે મહાનગર મેટ્રો પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. આપણા ગ્રુપ એડિટર શ્રી પવન માકનજીની સુપુત્રી અંશી માકને જૂનિયર-૨ ના પરિણામોમાં શાનદાર 'A' ગ્રેડ મેળવીને ટોપ કર્યું છે.

સફળતાનો ગુંજારવ: માકન પરિવારમાં ખુશીનો માહોલ

અંશીની આ શાનદાર સિદ્ધિએ માત્ર તેના માતા-પિતાનું માથું ગર્વથી ઊંચું નથી કર્યું, પરંતુ સાબિત કરી દીધું છે કે જો દીકરીઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે, તો તેઓ આકાશને આંબી શકે છે. અંશીની સફળતાથી માકન પરિવારમાં અત્યારે દિવાળી જેવો ઉત્સાહ અને ખુશીનો માહોલ છે.

'દીકરી માત્ર આંગણની રોનક નથી, પણ ભવિષ્યની ભાગ્યવિધાતા પણ છે.'

સમાજ માટે સંદેશ: દીકરીનું સન્માન, દેશનું ઉત્થાન અંશી માકન જેવી નાની પ્રતિભાઓ સમાજના એવા રૂઢિચુસ્ત વિચારો પર આકરા પ્રહાર કરે છે જે આજે પણ દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ રાખે છે.

* પ્રેરણા: અંશીની આ જીત દરેક વાલીઓ માટે એક સંદેશ છે કે તમારી દીકરીઓના સપનાઓને પાંખો આપો.

* પરિવર્તન: સમાજમાં પરિવર્તન ત્યારે જ આવશે જ્યારે આપણે દીકરીઓના શિક્ષણ અને તેમની દરેક નાની-મોટી સિદ્ધિઓની ઉજવણી કરીશું.

* સન્માન: દીકરીઓ જ કુળનું નામ રોશન કરે છે અને ઘરની ખુશહાલીનો આધાર હોય છે.

શુભેચ્છાઓ અને પ્રાર્થના

મહાનગર મેટ્રોની સમગ્ર ટીમ વતી દીકરી અંશી માકનને આ ભવ્ય સફળતા બદલ હાર્દિક અભિનંદન! અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે દીકરીનું આયુષ્ય લાંબુ હોય, તે સદાય સ્વસ્થ રહે અને ભવિષ્યમાં પણ આવી જ રીતે સફળતાના નવા સોપાન સર કરીને પરિવાર અને સમાજનું નામ રોશન કરતી રહે.

અંશી, તારી મહેનત અને તેજસ્વીતા કાયમ ઝળકતી રહે!

[અપીલ]

ચાલો, આપણે સૌ સાથે મળીને દીકરીઓના સન્માનનો સંકલ્પ લઈએ. કારણ કે જ્યારે એક દીકરી ભણે છે અને આગળ વધે છે, ત્યારે માત્ર એક પરિવાર નહીં, પણ આખી પેઢીનો વિકાસ થાય છે.

---

જૈન સંપ્રદાયને અપાયેલી જમીન સામે આરપારની લડાઈ

# ગિરનારની પવિત્ર ધરતી પર 'જમીન કૌભાંડ'નો વિસ્ફોટ; મહેશગીરી બાપુએ ખોલ્યો ભ્રષ્ટાચારનો મોરચો!

**મોરચો!** ' મંદિરોમાં કબજા થાય છે અને જમીનો વેચાય છે!' – સાધુ-સંતોની લાલઆંખ

• [જૂનાગઢ બ્યુરો રિપોર્ટ]

જૂનાગઢ. ગરવા ગિરનારની ગરિમા પર અત્યારે વિવાદોના વાદળ છવાયા છે. હિન્દુ આસ્થાના પ્રતીક સમાન ગિરનાર પર્વત પર જમીનોના વેચાણ અને મંદિરો પર થતા કબજાને લઈને સનાતન ધર્મના સાધુ-સંતો મેદાને આવ્યા છે. મહેશગીરી બાપુએ તંત્ર અને અમુક ચોક્કસ સમુદાયો સામે ગંભીર આક્ષેપો કરીને 'આરપારની લડાઈ'ના શંખનાદ ફૂંક્યા છે.

મહેશગીરી બાપુના સળગતા સવાલો

ગિરનારની સુરક્ષા માટે અવાજ ઉઠાવતા મહેશગીરીએ તંત્રની મિલીભગત અને ભ્રષ્ટાચાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમના આક્ષેપો છે કે:



* જમીનોની લ્હાણી: 'જૈન સંપ્રદાયને ૨૦૦૦ વાર જેટલી જમીન આપી દેવામાં આવી છે, જે શુદ્ધ ભ્રષ્ટાચાર સિવાય બીજું કંઈ જ નથી.'

*મંદિરો પર કબજા:પવિત્ર પર્વત પર આવેલા પૌરાણિક મંદિરો પર ગેરકાયદેસર કબજા કરીને સનાતન ધર્મની આસ્થા સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે.

* જમીન માફિયાઓનો ખેલ: ગિરનારની સંરક્ષિત જમીનો વેચાઈ રહી છે અને તંત્ર મૌન સેવીને બેઠું છે.

આ વિવાદ માત્ર જમીન પૂરતો સીમિત નથી રહ્યો, પણ હવે સામાજિક અને ધાર્મિક રંગ પકડી રહ્યો છે. મહેશગીરી બાપુએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ગિરનારની પવિત્રતા સાથે ચેડાં કરવાનું બંધ નહીં થાય અને ખોટી રીતે અપાયેલી જમીનો પરત લેવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

'ગિરનાર એ કોઈની જાગીર નથી, એ દેવોની ભૂમિ છે. અહીં જમીનોનો વેપાર કરનારાઓને અમે સાંખી નહીં લઈએ!' – મહેશગીરી બાપુ

તંત્ર સામે રોષ જૂનાગઢ વહીવટી તંત્ર અને વન વિભાગની ભૂમિકા પર પણ સવાલો ઉભા થયા છે. વાલીઓની જેમ આ પર્વતની રક્ષા કરવાની જવાબદારી જેમના માથે છે, તેઓ આટલા મોટા પાયે થતા 'બાંધકામ' અને 'કબજા'થી અજાણ કેવી રીતે હોઈ શકે?

પાક્કો ગુજરાત ન્યૂઝ એનાલિસિસ:

ગિરનાર વિવાદ હવે જૂનાગઢની સરહદો વટાવીને રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જૈન સંપ્રદાય અને હિન્દુ સાધુ-સંતો વચ્ચેના આ ગજગ્રાહમાં જો તંત્ર વહેલી તકે મધ્યસ્થી નહીં કરે, તો આ મામલો આગામી દિવસોમાં વધુ વરવું સ્વરૂપ ધારણ કરી શકે છે.

---

# પ્રાઈવેટ સ્કૂલોના 'મોંઘા' શિક્ષણને સુરતી વાલીઓનો રામ-રામ; સરકારી શાળામાં પ્રવેશ માટે ૧ કિમી લાંબી લાઈનો!

## સુરતના મોટા વરાછામાં 'શિક્ષણ ક્રાંતિ'ની લહેર; ૪૦૦ બેઠકો માટે ૨૦૦૦ ફોર્મ ઉપડ્યા, હવે એડમિશન માટે થશે ડ્રો.

• [સુરત બ્યુરો રિપોર્ટ]

સુરત. અત્યાર સુધી તમે ખાનગી શાળાઓ કે બ્રાન્ડેડ સ્કૂલોની બહાર એડમિશન માટે વાલીઓની લાઈનો જોઈ હશે, પરંતુ ડાયમંડ સિટી સુરતે આજે આખી તસવીર બદલી નાખી છે. સુરતના મોટા વરાછા વિસ્તારમાં સરકારી શાળામાં બાળકને ભણાવવા માટે વાલીઓએ સવારના ૪ વાગ્યાથી ૧ કિલોમીટર લાંબી કતાર લગાવી છે. આ દ્રશ્યો સાક્ષી પૂરે છે કે હવે ગુજરાતના શિક્ષણમાં 'સરકારી' શબ્દનો અર્થ 'શ્રેષ્ઠ' થઈ રહ્યો છે.




મોટા વરાછામાં વાલીઓનો ઘોડાપૂર

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પ્રવેશ લેવા માટે અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને:

* શાળા ક્રમાંક: ૩૩૪, ૩૪૬, ૩૫૫ અને મહારાજા કૃષ્ણકુમારસિંહ પ્રાથમિક શાળામાં એડમિશન મેળવવા માટે પડાપડી થઈ રહી છે.

* ક્ષમતા સામે ચારગણી માંગ: આ શાળાઓમાં પ્રવેશ ક્ષમતા માત્ર ૪૦૦ વિદ્યાર્થીઓની છે, જેની સામે ૨૦૦૦થી વધુ એડમિશન ફોર્મનું વિતરણ થઈ ચૂક્યું છે.

કેમ વાલીઓએ પ્રાઈવેટ સ્કૂલ છોડી?

આ માત્ર ભીડ નથી, પણ મોંઘા શિક્ષણ સામે મધ્યમ વર્ગનો વિજય છે. વાલીઓ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાંથી ઉઠાડીને સરકારીમાં મૂકી રહ્યા છે તેના મુખ્ય કારણો:

1. સ્માર્ટ ક્લાસ અને સુવિધાઓ: ખાનગી શાળાઓને ટક્કર આપે તેવા હાઈટેક ક્લાસરૂમ.

2. ફી અને ડોનેશનમાંથી મુક્તિ: લાખો રૂપિયાની ફી અને યુનિફોર્મ-પુસ્તકોના નામે થતી લૂંટ સામે સરકારી શાળામાં નિ:શુલ્ક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ.

3. શ્રેષ્ઠ પરિણામ: સરકારી શાળાઓની બદલાયેલી શિક્ષણ પદ્ધતિ અને ઉત્સાહી શિક્ષકો.

હવે એડમિશન માટે થશે 'નસીબ'ની કસોટી

વધતા ધસારાને કારણે શાળા તંત્ર પણ અચંબિત છે. સ્થિતિ એવી સર્જાઈ છે કે હવે મેરિટ અથવા ડ્રો સિસ્ટમ દ્વારા જ એડમિશન આપવું પડે તેમ છે. વાલીઓ કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને માત્ર એક ફોર્મ મેળવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે, જે શિક્ષણ ક્ષેત્રે આવેલી મોટી સામાજિક ક્રાંતિનો સંકેત છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ એનાલિસિસ

આ સમાચાર તે વાલીઓ માટે આંખ ઉઘાડનારા છે જેઓ એવું માને છે કે માત્ર ઊંચી ફી ભરવાથી જ બાળકનું ભવિષ્ય સુધરે છે. સુરતની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ સાબિત કરી દીધું છે કે જો સરકારી તંત્ર મજબૂત ઈચ્છાશક્તિ રાખે, તો સામાન્ય માણસને પ્રાઈવેટ સ્કૂલોની ગુલામીમાંથી મુક્ત કરી શકાય છે.

---

# મોંઘવારીના મારમાં જનતા બેહાલ; ખાદ્ય તેલ અને શાકભાજીના ભાવે ગૃહિણીઓનું બજેટ ખોરવ્યું!

## મધ્યમ વર્ગની થાળીમાંથી સુખ ગાયબ; વેપારીઓ કહે છે - 'આગામી દિવસોમાં હજુ પણ ભાવ વધવાની શક્યતા '.

• [બ્યુરો રિપોર્ટ | અમદાવાદ/રાજકોટ]

ગુજરાતમાં અત્યારે તહેવારોની મોસમ નજીક આવી રહી છે, ત્યારે જ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં લાગેલી આગે સામાન્ય માણસની કમર તોડી રહી છે. સિંગતેલ હોય કે કપાસિયા તેલ, ડબ્બાના ભાવમાં થયેલો તોતિંગ વધારો હવે મધ્યમ અને ગરીબ વર્ગના ખિસ્સા પર સીધો પ્રહાર કરી રહ્યો છે.

રાજકોટ અને ઊંઝા જેવા મોટા યાર્ડમાં માલની આવક ઓછી થતા અને આંતરરાષ્ટ્રીય બજારની અસરોને કારણે ભાવ આસમાને પહોંચ્યા છે. એક તરફ ખેડૂતોને પૂરતા ભાવ નથી મળી રહ્યા, તો બીજી તરફ ગ્રાહકોને ઊંચા ભાવે ખરીદી કરવી પડી રહી છે. આ વચેટિયાઓનો ખેલ છે કે તંત્રની નિષ્ફળતા? એ હવે મોટો સવાલ છે.

માત્ર તેલ જ નહીં, પણ રોજિંદા શાકભાજીના ભાવ પણ ડબલ થઈ ગયા છે. બટાકા, ડુંગળી અને ટામેટાના ભાવ જે રીતે વધી રહ્યા છે, તેનાથી ગૃહિણીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગૃહિણીનો અવાજ: 'પહેલા ૫૦૦ રૂપિયામાં આખા અઠવાડિયાનું શાક આવતું હતું, હવે ૨૦૦ રૂપિયા લઈને જઈએ તો બે દિવસ પણ માંડ ચાલે છે. ગેસના બાટલા અને તેલના ભાવ જોતા હવે રસોઈ કરવી પણ મોંઘી પડી રહી છે.'

પાક્કો ગુજરાતનો સવાલ: સરકાર જ્યારે વિકાસના મોટા દાવા કરે છે, ત્યારે શું સામાન્ય માણસની આ બૂમ તેમના કાન સુધી નથી પહોંચતી? શું ચૂંટણીઓ નજીક આવશે ત્યારે જ ભાવમાં ઘટાડો જોવા મળશે? જનતા હવે 'અચ્છે દિન' નહીં પણ 'સસ્તા દિવસો'ની રાહ જોઈ રહી છે.

મુખ્ય અંશો:* તેલના ડબ્બામાં ૨૦૦ થી ૩૦૦ રૂપિયાનો વધારો.* શાકભાજીના ભાવમાં ૫૦% થી ૮૦% નો ઉછાળો.

* જનતામાં સરકારની નીતિઓ સામે ભારે અસંતોષ.

---

# મોરબીના બળાત્કાર અને પોક્સોના ગુનામાં સંડોવાયેલ ઈનામી આરોપી ઉત્તર પ્રદેશથી ઝડપાયો : જેતપુર પોલીસને સોંપ્યો

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખી, કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની સૂચના હેઠળ એક સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. મોરબી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કાર અને પોક્સો (POCSO) જેવા ગંભીર ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા-ફરતા અને જેની પર ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું તેવા આરોપી સંદીપ ગોકરણ પાસવાનને ઉત્તર પ્રદેશથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસની વિગત મુજબ, આરોપી સંદીપ ગોકરણ પાસવાન (રહે. ઝરવા ગામ, જી. બલરામપુર, ઉત્તર પ્રદેશ) મોરબી ખાતે રહી મજૂરી કામ કરતો હતો. તે દરમિયાન તેણે એક સગીરવયની કિશોરી સાથે પ્રેમ સંબંધ બાંધી, તેને લગ્નની લાલચ આપીને ભગાડી ગયો હતો. આરોપી કિશોરીને પોતાના વતન લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે મોરબી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૫(૧) તેમજ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાની તપાસ દરમિયાન ભોગ બનનાર કિશોરી મળી આવી હતી, પરંતુ આરોપી સંદીપ ધરપકડ ટાળવા માટે છેલ્લા ત્રણ મહિનાથી ફરાર હતો.

---

પોલીસે ખેલ બગાડ્યો! સ્પોર્ટ્સ શૉપમાં ચાલતા ગેરકાયદેસર દારૂના અડ્ડા પર પોલીસની લાલઆંખ; બે શખ્સો જેલના સળિયા પાછળ.

# જૂનાગઢમાં 'સ્પોર્ટ્સ'ની આડમાં 'સ્પિરિટ'નો કાળો કારોબાર; બેટ-બોલ વેચવાની દુકાનમાંથી નીકળી દારૂની બોટલો!

• [જૂનાગઢ બ્યુરો રિપોર્ટ]

જૂનાગઢ. નવાબી નગરી જૂનાગઢમાં ગુનેગારોએ પોલીસને થાપ આપવા માટે એક અનોખો પણ ખતરનાક રસ્તો અપનાવ્યો હતો, જેનો સ્થાનિક પોલીસે પર્દાફાશ કરી દીધો છે. સામાન્ય રીતે જ્યાં યુવાનો બેટ, બોલ અને રમતગમતના સાધનો ખરીદવા જતા હોય, તેવી સ્પોર્ટ્સની દુકાનમાં પડદા પાછળ દારૂનો વેપલો ચાલતો હોવાની વિગતો બહાર આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.




પોલીસની ચોકસાઈ અને રેડ

જૂનાગઢ પોલીસને બાતમી મળી હતી કે શહેરની એક પ્રતિષ્ઠિત દેખાતી સ્પોર્ટ્સની દુકાનમાં રમતગમતના સાધનોના વેપારની આડમાં કઈક 'બીજું જ' રંધાઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે અચાનક દરોડો પાડતા દુકાનદારોના હોશ ઊડી ગયા હતા. તપાસ દરમિયાન દુકાનમાંથી મોટી માત્રામાં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

કેવી રીતે ચાલતું હતું નેટવર્ક?

પકડાયેલા બે શખ્સોની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી:

* આડશ: દુકાનના આગળના ભાગે સ્પોર્ટ્સના સાધનો પ્રદર્શિત કરવામાં આવતા હતા જેથી કોઈને શંકા ન જાય.

* વેપલો: અંદરના ભાગે કે ગોડાઉનમાં દારૂનો સંગ્રહ કરીને ચોક્કસ ગ્રાહકોને માલ સપ્લાય કરવામાં આવતો હતો.

* ઝડપાયેલા શખ્સો: પોલીસે સ્થળ પરથી બે શખ્સોની ધરપકડ કરી છે અને દારૂના જથ્થા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગુનેગારો ગમે તેટલા સ્માર્ટ બને, પોલીસ એક ડગલું આગળ!

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે જૂનાગઢ પોલીસ ગુનેગારોના દરેક મનસૂબા પર પાણી ફેરવવા માટે સજ્જ છે. સ્પોર્ટ્સ જેવી પવિત્ર પ્રવૃત્તિના નામે નશાનો કારોબાર કરનારા તત્વો સામે હવે પોલીસે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# ફૂટપાથથી 'વિધાનસભા' સુધીની સફર શાહપુરના આશાબેનનું ખુલ્યું નસીબ!

## કોંગ્રેસે પાથરણાવાળી મહિલાને આપી ટિકિટ, એક ફોન અને બદલાઈ ગઈ દુનિયા

• અમદાવાદ

કહેવાય છે કે 'નસીબ ડગલું ભરે ત્યારે આખું આકાશ નીચું નમી જાય છે.' આવો જ કંઈક ચમત્કાર અમદાવાદના શાહપુર વિસ્તારમાં જોવા મળ્યો છે. વર્ષોથી ફૂટપાથ પર બેસીને રમકડાં વેચી પોતાનું ગુજરાન ચલાવતા આશાબેન માટે એક ફોન કોલ જિંદગીનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો છે. જે હાથમાં ગઈકાલ સુધી પ્લાસ્ટિકના રમકડાં હતા, તે હાથ હવે લોકશાહીના સૌથી મોટા જંગમાં ચૂંટણી લડવા માટે તૈયાર થયા છે.

"મારી પાસે સગવડ નથી..." - આશાબેનની વેદના અને કોંગ્રેસનો સાથ જ્યારે કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી આશાબેનને ચૂંટણી લડવા માટે ફોન આવ્યો, ત્યારે તેમની આંખોમાં હરખના આંસુ સાથે મનમાં એક ચિંતા હતી. તેમણે સામો જવાબ આપ્યો કે, "સાહેબ, હું તો પાથરણાવાળી સામાન્ય સ્ત્રી છું, મારી પાસે ચૂંટણી લડવાની સગવડ કે પૈસા નથી."પરંતુ આશાબેનની પ્રામાણિકતા અને લડાયક મિજાજ જોઈને કોંગ્રેસે તેમને પૂરેપૂરો સપોર્ટ જાહેર કર્યો છે. પાર્ટીએ સ્પષ્ટ કર્યું કે, આ લડાઈ ધનબળની નહીં પણ જનબળની છે અને સામાન્ય માણસ પણ સત્તાના સર્વોચ્ચ શિખર સુધી પહોંચી શકે છે.

રિપોર્ટના મુખ્ય અંશ: * સ્થળ: શાહપુર, અમદાવાદ - જ્યાં આશાબેન વર્ષોથી રમકડાં વેચે છે. * ટ્વિસ્ટ: એક સામાન્ય શ્રમિક મહિલાને રાજકીય પક્ષે સીધી ચૂંટણી મેદાનમાં ઉતારી.* લોકચર્ચા: આશાબેનની ઉમેદવારીથી વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોમાં ભારે ઉત્સાહ. * સંદેશ: રાજકારણ માત્ર પૈસાદારો માટે નથી, તે આશાબેનની આ કહાની સાબિત કરે છે.

પાક્કો ગુજરાત એનાલિસિસ: શું સામાન્ય જનતાનો અવાજ ગુંજશે? અમદાવાદના રાજકારણમાં આ એક ઐતિહાસિક કદમ માનવામાં આવે છે. સામાન્ય રીતે ટિકિટ મેળવવા માટે લાખો-કરોડોના વહીવટની ચર્ચાઓ થતી હોય છે, ત્યાં એક ફૂટપાથ પર રહેતી મહિલાને મેદાનમાં ઉતારી કોંગ્રેસે મોટો જુગાર રમ્યો છે.

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મીડિયા કન્વીનર નીતિન ખંભોળજા એ જીલ્લા/ઝોનવાર કન્વીનરની વરણી કરી

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ ઠાકર તથા ઝોન પ્રભારીઓની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રદેશ મીડિયા કન્વીનર નીતિન ખંભોળજા એ નીચે પ્રમાણેના કન્વીનરોની વરણી ની જાહેરાત કરી છે. જેમાં વિગતવાર માહિતી જોઈએ તો ધ્રુવ સોમપુરા (સુરત),શ્રી યોગેશ પરીક (ભરૂચ), પરેશ અધ્વર્યુ (નવસારી), રાજેશભાઈ જોષી (પંચમહાલ,ગોધરા) સંદીપ દેવાશ્રયી (મહીસાગર), અજય જાની (છોટાઉદેપુર),વિવેક રાવલ (છોટાઉદેપુર),ગિરીશ જોષી (અમદાવાદ શહેર),નચિકેત મહેતા (ખેડા જીલ્લો ),ચેતનભાઈ ત્રિવેદી (ગાંધીનગર શહેર), કમલેશ રાવલ (સાબરકાંઠા),શૈલેષ પંડ્યા (અરવલ્લી જિલ્લો),જયપ્રકાશ જોષી (માલપુર),પ્રિતેશ પંડ્યા (મેઘરજ, અરવલ્લી જિલ્લો) ધ્રુવભાઈ દવે (સિધ્ધપુર), ભરતભાઈ પંડ્યા (ખેરાલુ મહેસાણા જિલ્લો), ઈન્દ્રવદન ભટ્ટ (વિસનગર, મહેસાણા), ભરતભાઈ જોશી (કાંકરેજ બનાસકાંઠા), દુષ્યંતભાઈ આચાર્ય (અંબાજી બનાસકાંઠા), પ્રહલાદભાઈ વ્યાસ (પાટણ જિલ્લા), પ્રેમલભાઈ ત્રિવેદી (પાટણ), કૌશલ પંડ્યા (આણંદ), ની મીડિયા વિભાગ મા વરણી કરી છે.

**કામલીલા** KYC ના નામે 'કામલીલા'ની માંગ!

# જલગાંવમાં બેંક કર્મચારીની નફફટાઈ: "પહેલા સંબંધ બાંધો, પછી જ કામ થશે", પીડિતાની હિંમત સામે નરાધમ પરાસ્ત

## ઘર સુધી પીછો: આરોપી મહિલાના ઘરે જઈને પણ અશ્લીલ માંગણીઓ કરતો હતો

• [મહારાષ્ટ્ર-જલગાંવ | પાક્કો ગુજરાત ડેસ્ક]

બેંકિંગ અને સરકારી કામકાજમાં 'KYC' (Know Your Customer) એટલે કે ગ્રાહકને જાણવો, એવો નિયમ છે. પરંતુ મહારાષ્ટ્રના જલગાંવમાં એક નરાધમ કર્મચારીએ આ નિયમનો અર્થ 'ગંદી માંગણી' કરી નાખ્યો છે. એક મહિલા ગ્રાહક સાથે KYC અપડેટ કરવાના બહાને જે શરમજનક કૃત્ય આચરવામાં આવ્યું, તેણે સમગ્ર માનવતા અને વિશ્વાસના સંબંધોને લજવ્યા છે.

બેંકનું કામ અને નરાધમની ગંદી નજર

પીડિત મહિલા પોતાના બેંકના કામ માટે આરોપીનો સંપર્ક કરે છે. પરંતુ આરોપી કામ કરવાના બદલામાં તેની પાસે સેસની માંગણી કરે છે. નફફટાઈની હદ તો ત્યારે વટાવી જ્યારે આરોપી "પહેલા સેસ કરો, પછી જ કામ થશે" તેવું કહીને મહિલાના ઘર સુધી પહોંચી ગયો. તે વારંવાર મહિલાને શારીરિક સંબંધ

### કેવાયસીના નામે શરમજનક માંગણી! હિંમતવાન મહિલાનો કરારો જવાબ




બાંધવા માટે દબાણ કરતો હતો અને કામ અટકાવી દેવાની ધમકી આપતો હતો.

હિંમતની જીત: જો મહિલા ચૂપ રહી હોત તો...?

આરોપીને એમ હતું કે સમાજ અને બદનામીના ડરથી મહિલા મૌન રહેશે, પરંતુ આ પીડિતાએ 'હિંમત' દેખાડી. તેણે ડરવાને બદલે પોલીસનો સંપર્ક કર્યો અને આ નરાધમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. આજે આ આરોપી પોલીસના સકંજામાં છે, પણ વિચારવા જેવી વાત એ છે કે જો આ મહિલા ચૂપ રહી હોત, તો આ શિકારીએ બીજી કેટલીય માસૂમ મહિલાઓને પોતાની હવસનો શિકાર બનાવી હોત?

રિપોર્ટના મુખ્ય અંશ:

* વિકૃત માનસિકતા: KYC અપડેટ કરવા જેવા સામાન્ય કામ માટે મહિલાની આબરૂનો સોદો કરવાનો પ્રયાસ.
* ઘર સુધી પીછો: આરોપી મહિલાના ઘરે જઈને પણ અશ્લીલ માંગણીઓ કરતો હતો.
* કાયદાનો સકંજો: મહિલાની ફરિયાદ બાદ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

પાક્કો ગુજરાત એનાલિસિસ: બહેનો, હવે જાગવાનો સમય છે!

આ ઘટના માત્ર જલગાંવની નથી, પણ આપણા સમાજમાં છુપાયેલા એવા અનેક વરુઓનો પર્દાફાશ કરે છે જે સત્તા કે હોદ્દાનો દુરુપયોગ કરી મહિલાઓનું શોષણ કરે છે. પાક્કો ગુજરાત જલગાંવની આ મહિલાની હિંમતને સલામ કરે છે.અમારો સવાલ: ક્યાં સુધી આવી વિકૃત માનસિકતા ધરાવતા લોકો આપણી આસપાસ ફરતા રહેશે? બહેનો, જો તમારી સાથે પણ આવું કંઈક થાય, તો ચૂપ ન રહો. તમારી એક ફરિયાદ આવા અનેક નરાધમોને જેલના સળિયા પાછળ ધકેલી શકે છે. યાદ રાખજો, ચૂપ રહેવું એ ગુનેગારને પ્રોત્સાહન આપવા સમાન છે!

રાજકોટ ગ્રામ્ય LCBની સફળતા

# જેતપુરમાં ૨૭ વર્ષ પહેલાં ચોકીદારની હત્યા કરી લૂંટ ચલાવનાર આરોપી હરિયાણાથી ઝડપાયો

**ક્રૂરતાપૂર્વક** પથ્થર જેવા બોથડ પદાર્થથી માથાના ભાગે અને શરીરે ઘા ઝીંકી તેમની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવતા ૨૭ વર્ષથી પોલીસને થાપ આપી રહેલા લૂંટ વિથ મર્ડરના ગુનાના આરોપીને હરિયાણા રાજ્યમાંથી દબોચી લીધો છે. વર્ષ ૧૯૯૯માં જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગંભીર ગુનામાં આરોપી સતત પોતાની ઓળખ છુપાવી નાસતો ફરતો હતો.




આ ગુનાની વિગત એવી છે કે, વર્ષ ૧૯૯૯માં જેતપુર શહેર ખાતે ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે આવેલા ફરિયાદી વજુભાઈ મોહનભાઈ સાકરિયાના 'ગણેશ સીમેન્ટ પ્રોડક્શન' નામના કારખાનામાં આ ઘટના બની હતી. ત્યાં ચોકીદાર તરીકે કામ કરતા દેવજીભાઈ કરશનભાઈ ધંધુકીયાને તારીખ ૨૭/૧૦/૧૯૯૯ ના રોજ રાત્રિના સમયે આરોપીઓએ દોરી વડે હાથ-પગ બાંધી દીધા હતા. ત્યારબાદ પથ્થર જેવા બોથડ પદાર્થથી માથાના ભાગે અને શરીરે ઘા ઝીંકી તેમની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી.આરોપીઓ કારખાનામાંથી રોકડ રૂપિયા અને એક મોટર સાયકલની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા.

આ ગુનામાં સંડોવાયેલો આરોપી વિરેન્દ્ર ઉર્ફે મહેન્દ્ર હીરાલાલ પટેલ (રહે. મુકુંદપુર ગામ, જી. ચિત્રકૂટ, ઉત્તર પ્રદેશ) છેલ્લા ૨૭ વર્ષથી ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હતો. રાજકોટ ગ્રામ્ય LCB ની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને ખાનગી બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી પોતાના વતન ઉત્તર પ્રદેશમાં નથી, પરંતુ ઓળખ છુપાવીને અલગ-અલગ રાજ્યોમાં મજૂરી કામ કરી રહ્યો છે.ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી હાલ હરિયાણા રાજ્યના રોહતક જિલ્લામાં છે. જેના આધારે પોલીસની ટીમે ત્યાં પહોંચી તપાસ કરતા આરોપી વિરેન્દ્ર ઉર્ફે મહેન્દ્ર હીરાલાલ પટેલને રોહતક જિલ્લામાંથી લોકેટ કરી ઝડપી પાડ્યો હતો.પકડાયેલા આરોપી સામે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ગુના નંબર ૦૩૧૬/૧૯૯૯ મુજબ IPC કલમ ૩૦૨ (હત્યા), ૩૯૪ (લૂંટ દરમિયાન ઈજા) અને ૩૪ હેઠળ ગુનો નોંધાયેલો હતો. આરોપી ૨૭ વર્ષ સુધી અલગ-અલગ નામો ધારણ કરી પોલીસથી બચતો રહ્યો હતો, પરંતુ અંતે તે કાયદાના સકંજામાં આવી ગયો છે. હાલમાં આ આરોપી સામે જેતપુર સિટી પોલીસ સ્ટેશન ખાતે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આમોદ શમા ચોકડી પાસે ટ્રિપલ અકસ્માત સર્જાતા બાઈક ઉપર સવાર ૫૦ વર્ષીય મહિલાનું મોત

## નોકરી ઉપર હાજર ટી.આર.બી.ના જવાનોએ માનવતા મહેકાવી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડયા

આમોદ શમા ચોકડી પાસે આજ રોજ બપોરના સમયે ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ઉપર સવાર એક મહિલાનુ ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું.જ્યારે અન્ય લોકોને ભરૂચ રીફર કરવામાં આવ્યા હતા.પોલીસે કાર ચાલક સામે અકસ્માત ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.આમોદ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આમોદ શમા ચોકડીથી દૂર પાણીની ટાંકી પાસે વાગરાથી રાકેશભાઈ જયંતિભાઈ પટેલ તેમની માસી રમીલાબેન ગણપતભાઈ પરમાર તેમજ ભત્રીજી ધ્રુવિબેન હિતેન્દ્રભાઈ પરમાર સાથે જંબુસર તરફ જતા હતા. ત્યારે આમોદની શમા ચોકડીથી થોડે દૂર પાણીની ટાંકી પાસે જંબુસરથી ભરૂચ તરફ જતી અલ્ટો કારના ચાલક હાર્દિક ભિષ્મદેવસિંહ ચૌહાણ રહેવાસી. બ્રાહ્મણ ફળીયુ, અટાલી ગામ તા.વાગરા જી.ભરૂચનાએ પોતાના કબજામાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી બાઈક ચાલકને ટક્કર મારી ફંગોળી દીધી હતી.ત્યાર બાદ



સામેથી આવતા ટ્રેકટર સાથે અકસ્માત કર્યો હતો.જે અકસ્માતમાં બાઈક ઉપર સવાર રમીલાબેન ગણપતભાઈ પરમાર ઉ.વ.૫૦ રહે.આહીર ફળીયુ,વાગરાનું ઘટના સ્થળે કરુણ મોત થયું હતું.જ્યારે બાઈક ચાલક રાકેશભાઈ જયંતીભાઈ પટેલ ઉ.વ.૩૫ તેમજ ધ્રુવીબેન હિતેન્દ્રભાઈ પરમાર ઉ.વ.૭ રહે.આહીર ફળીયુ, વાગરાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માત થતા જ સ્થળ ઉપર હાજર રહેલા ટી.આર.બી.ના જવાનો મદદ માટે દોડી ગયા હતા.અને ઈજા પામનારને આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે પહોંચાડ્યા હતા.ત્યાર બાદ ઈજાગ્રસ્તોને વધુ સારવાર ભરૂચ રીફર કરવામાં આવ્યા હતા.આમોદ પોલીસે મરણ જનારના પુત્ર હિતેન્દ્રભાઈ ગણપતભાઈ પરમારની ફરિયાદ નોંધી કાર ચાલક હાર્દિક ભિષ્મદેવસિંહ ચૌહાણ સામે અકસ્માતનો ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.જેની તપાસ આમોદના પોલીસ ઈન્સપેકટર આર.બી. કરમટિયા ચલાવી રહ્યા છે. રિપોર્ટર સૈફ અલી ભટ્ટી વાગરા

# ખેડામાં માનવતા મરી પરવારી! સગીરા પર આઠ નરાધમોનો સામૂહિક બળાત્કાર, પોલીસની સપાટો

## તમામ 8 પશુ સમાન નરાધમો જેલના સળિયા પાછળ

• [ખેડા | પાક્કો ગુજરાત બ્યુરો]

ગુજરાતના શાંત ગણાતા ખેડા જિલ્લામાંથી એક એવી ઘટના સામે આવી છે જે સાંભળીને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનું લોહી ઉકળી ઉઠે. એક માસૂમ સગીરાની આબરૂ લૂંટનારા આઠ હેવાનોએ માનવતાને લજવી છે. જોકે, ઘટનાની ગંભીરતા જોઈને ખેડા પોલીસ હરકતમાં આવી હતી અને ગણતરીના કલાકોમાં જ તમામ 8 આરોપીઓને દબોચી લઈને સળિયા પાછળ ધકેલી દીધા છે.

ઘટનાની વિગત: રક્ષક સમાજમાં ભક્ષકોનો આતંક

મળતી માહિતી મુજબ, ખેડા જિલ્લાના એક ગામમાં આ પાપીઓએ સગીરાને એકલતાનો લાભ ઉઠાવી પોતાની હવસનો શિકાર બનાવી હતી. આ નરાધમોએ એક પછી એક સગીરા પર અત્યાચાર ગુજાર્યો અને ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. ભોગ બનનાર સગીરાએ હિંમત બતાવી પરિવારને જાણ કરતા જ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પોલીસની 'સિંઘમ' સ્ટાઈલ કામગીરી

ખેડા એસ.પી.ની સૂચનાથી અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસે જાળ બિછાવી હતી. એક પછી એક કડીઓ જોડતા પોલીસે આઠેય નરાધમોને જેલના સળિયા ગણતા કરી દીધા છે. પોલીસના આ કડક વલણને જનતા વધાવી રહી છે, પણ લોકોની એક જ માંગ છે: 'આવા નરાધમોને જાહેરમાં ફાંસી આપો!'

રિપોર્ટના મુખ્ય અંશ:

* ઝડપી ધરપકડ: પોલીસે કોઈ પણ રાજકીય કે સામાજિક દબાણ વગર 8 આરોપીઓને જેલ ભેગા કર્યા.
* સગીરાની હાલત: ભોગ બનનાર સગીરા હાલ આઘાતમાં છે, તેને તબીબી સારવાર અને કાઉન્સેલિંગ આપવામાં આવી રહ્યું છે.
* લોકરોષ: ખેડા સહિત આખા ગુજરાતમાં આ ઘટનાને પગલે ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સોશિયલ મીડિયા પર આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ ઉઠી છે.

# પદ્મિનીબાના 'આપ'માં પ્રવેશથી ગુજરાતના રાજકારણમાં ભૂકંપ! 'ભાજપ-કોંગ્રેસ વચ્ચે ઈલુ-ઈલુ, બંને ભેગા થઈ AAP સામે લડે છે'

• [અમદાવાદ | પાક્કો ગુજરાત બ્યુરો]

ગુજરાતના રાજકારણમાં અત્યારે સૌથી મોટો સવાલ એ ચર્ચાઈ રહ્યો છે કે, ક્ષત્રિય આંદોલનનો મોટો ચહેરો ગણાતા પદ્મિનીબા અચાનક આમ આદમી પાર્ટી (AAP) માં કેમ જોડાયા? અને જો જોડાયા છે, તો પછી ચૂંટણી કેમ નથી લડી રહ્યા? 'પાક્કો ગુજરાત' સાથેની વાતચીતમાં પદ્મિનીબાએ એવા ઘટસ્ફોટ કર્યા છે કે જેનાથી ભાજપ અને કોંગ્રેસ બંનેના કેમ્પમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સનસનીખેજ આરોપ: "ભાજપ-કોંગ્રેસનું અંદરખાને ગઠબંધન" પદ્મિનીબાએ રાજકારણમાં આવતાની સાથે જ સીધો પ્રહાર કરતા કહ્યું છે કે, 'ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસનું અંદરખાને ગઠબંધન થઈ ગયું છે. આ બંને પક્ષો જનતા સામે લડવાનો દેખાવ કરે છે, પણ અસલમાં તેઓ 'આમ આદમી પાર્ટી'ને રોકવા માટે એક થઈ ગયા છે.' તેમના મતે, પ્રજાના પ્રશ્નો ઉઠાવતા ત્રીજા પક્ષને દબાવવા માટે આ બે પરંપરાગત હરીફોએ હાથ મિલાવી લીધા છે.

મોટો સવાલ: ચૂંટણી કેમ નથી લડી રહ્યા?

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે ટિકિટ કેમ ન લીધી? ત્યારે પદ્મિનીબાએ ખૂબ જ સ્પષ્ટતા સાથે જણાવ્યું હતું કે: સેવા એ જ લક્ષ્ય: મારો ઉદ્દેશ્ય સત્તા મેળવવાનો કે ધારાસભ્ય બનવાનો નથી, પણ સમાજની અને જનતાની સેવા કરવાનો છે.

બેંકની કોર સિસ્ટમ સાથે છેડછાડ કરી ખંખેરી લીધા કરોડો રૂપિયા; સાયબર સેલ અને પોલીસે આંતરરાજ્ય ટોળકીનો કર્યો પર્દાફાશ.

# ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેંકમાં કરોડોનું 'ડિજિટલ ગાબડું'; સિસ્ટમની ખામીનો ફાયદો ઉઠાવનાર ટોળકીના 4 સાગરીતો જેલના સળિયા પાછળ!

[ભાવનગર બ્યુરો રિપોર્ટ]

ભાવનગર. બેંકિંગ ક્ષેત્રે સુરક્ષાના દાવાઓ વચ્ચે ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેંકમાં એક ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે. બેંકની કોર બેંકિંગ સિસ્ટમ (CBS) ની ટેકનિકલ ખામીનો લાભ ઉઠાવીને કરોડો રૂપિયાની ઉચાપત કરનાર ટોળકી પર પોલીસે લાલ આંખ કરી છે. આ મામલે પોલીસે સઘન તપાસ હાથ ધરીને ટોળકીના 4 મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

કેવી રીતે આચર્યું કરોડોનું કૌભાંડ?

આ કોઈ સામાન્ય ચોરી નહોતી, પણ એક સુનિયોજિત ડિજિટલ લૂંટ હતી. આરોપીઓએ બેંકની સોફ્ટવેર સિસ્ટમમાં રહેલી લૂપહોલ્સ (ખામીઓ) શોધી કાઢી હતી:

* ટેકનિકલ છેડછાડ: આરોપીઓએ બેંકની ઓનલાઈન ટ્રાન્ઝેક્શન સિસ્ટમમાં ઘૂસણખોરી કરી હતી.
* ગેરકાયદેસર ઉપાડ: સિસ્ટમની ખામીનો ઉપયોગ કરીને ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવા છતાં ટેકનિકલ એરર ઊભી કરી કરોડો રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.
* નેટવર્ક: આ ટોળકી માત્ર સ્થાનિક નહીં પણ આંતરરાજ્ય સ્તરે ફેલાયેલી હોવાની શંકા છે, જે અલગ-અલગ બેંક ખાતાઓના ડેટાનો ઉપયોગ કરતી હતી.

પોલીસનો સપાટો અને ધરપકડ

બેંક સત્તાધીશોને જ્યારે હિસાબમાં મોટી ગડબડ જણાઈ ત્યારે તુરંત પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ભાવનગર સાયબર સેલ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી અને આખરે આ ટોળકીના 4 સભ્યોને દબોચી લીધા છે.

* મુદ્દામાલ: પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને બેંકિંગ વ્યવહારના સાધનો જપ્ત કરવામાં આવ્યા છે.
* તપાસનો વ્યાપ: પોલીસ અત્યારે એ તપાસ કરી રહી છે કે આ કૌભાંડમાં બેંકના કોઈ અંદરના કર્મચારીની સંડોવણી છે કે કેમ.

ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેંક જેવી મોટી સંસ્થામાં જ્યારે કરોડોનું કૌભાંડ થાય ત્યારે સામાન્ય થાપણદારોમાં ચિંતાની લહેર પ્રસરી છે. જોકે, બેંક તંત્રએ દાવો કર્યો છે કે ગ્રાહકોના પૈસા સુરક્ષિત છે અને આ માત્ર સિસ્ટમની ખામીનો લાભ લેવાનો પ્રયાસ હતો.

પાક્કો ગુજરાત ન્યૂઝ એનાલિસિસ: આ ઘટના ડિજિટલ ઈન્ડિયાના યુગમાં બેંકોની નબળી સાયબર સિક્યોરિટી પર મોટો સવાલ ઉભો કરે છે. જો કરોડો રૂપિયા ટેકનિકલ ખામીના નામે ઉપડી જતા હોય, તો સામાન્ય માણસનો વિશ્વાસ બેંકિંગ સિસ્ટમ પરથી ઉઠી શકે છે. પોલીસની આ ત્વરિત કામગીરી કાબિલે તારીફ છે, પણ શું આ ટોળકીના મૂળ સુધી પહોંચી શકાશે?

# જેતપુરના ચારણ સમઢીયાળા ગામ પાસેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી સ્વિફ્ટ કાર ઝડપાઈ : ચાલક ફરાર

### તાલુકા પોલીસે રૂ. ૫.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી, ફરાર કાર ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય પોલીસે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે સઘન કાર્યવાહી હાથ ધરી છે. આ અંતર્ગત જેતપુર તાલુકા પોલીસે ચારણ સમઢીયાળાથી હનુમાન ખીજડીયા રોડ પરથી 5.54 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, કાર ચાલક પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં કડક પેટ્રોલીંગ અને ચેકિંગ ચાલી રહ્યું છે. આ દરમિયાન જેતપુર તાલુકા પોલીસને દારૂબંધીના કાયદાના અમલીકરણમાં આ સફળતા મળી છે.




પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જેતપુર તાલુકા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે તેમને ખાનગી બાતમી મળી હતી. બાતમીના આધારે જાણવા મળ્યું હતું કે, એક શંકાસ્પદ સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીને આધારે પોલીસે ચારણ સમઢીયાળાથી હનુમાન ખીજડીયા જવાના માર્ગ પર વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતી સફેદ રંગની મારુતિ સુઝુકી સ્વિફ્ટ કાર (રજી.નં. GJ-03-EL-0481) ને અટકાવી તેની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

કારમાંથી ભારતીય બનાવટના પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂની 180 એમ.એલ.ની કુલ 1584 બોટલો (ચપટા) મળી આવી હતી. પોલીસે 2,54,922/- ની કિંમતનો દારૂનો જથ્થો અને 3,00,000/- ની કિંમતની કાર મળી કુલ 5,54,922/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દારૂનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ફરાર કાર ચાલકને ઝડપી પાડવા પણ પ્રયાસો ચાલુ છે.આ સફળ કામગીરીમાં જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એલ. આહિર, એ.એસ.આઈ. ભુરાભાઈ માલીવાડ, એ.એસ.આઈ. વિપુલભાઈ મારૂ, UHC અજીતભાઈ ગંભીર, UHC મનેશભાઈ જોગરાદિયા, પી.સી. પ્રદ્યુમનસિંહ વાઘેલા તથા પી.સી. ઝવેરભાઈ સારલા જોડાયા હતા.

**તોફાન** હેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું

# ધંધુકા રક્તરંજિત! કરુણ હત્યા બાદ જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો; તોફાનોના વમળમાં શાંત ગણાતું શહેર

### ઉશ્કેરાયેલા ટોળાએ બજારો બંધ કરાવી તોડફોડ કરી; ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ધંધુકા છાવણીમાં ફેરવાયું.

• [બ્યુરો રિપોર્ટ | ધંધુકા]

ધંધુકા. અમદાવાદ જિલ્લાનું ધંધુકા શહેર અત્યારે ભારેલા અગ્નિ જેવી સ્થિતિમાં છે. એક યુવકની ઘાતકી હત્યાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર શહેરમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. આ હત્યાના વિરોધમાં રોષે ભરાયેલા ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા અને જોતજોતામાં સ્થિતિ તંગ બની ગઈ હતી.

શું હતી ઘટના?

મળતી માહિતી મુજબ, જૂની અદાવત અથવા સોશિયલ મીડિયાની કોઈ પોસ્ટના વિવાદમાં એક યુવકની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યા એટલી ક્રૂર હતી કે તેના ઘેરા પ્રત્યાઘાત આખા પંથકમાં પડ્યા છે. મૃતકના પરિવારજનો અને સ્થાનિક રહીશોએ ન્યાયની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો.

હિંસા અને તોડફોડના દ્રશ્યો

હત્યા બાદ ઉશ્કેરાયેલું ટોળું રસ્તા પર ઉતરી આવ્યું હતું:



* બજારો સજ્જડ બંધ: વેપારીઓએ સ્વયંભૂ બજારો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો.
* પથ્થરમારો અને તોડફોડ: ટોળા દ્વારા જાહેર મિલકતો અને વાહનોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.
* પોલીસ પર દબાણ: લોકોની એક જ માંગ છે કે હત્યારાઓને વહેલી તકે પકડીને કડકમાં કડક સજા કરવામાં આવે.

ધંધુકા પોલીસ છાવણીમાં ફેરવાયું

પરિસ્થિતિ કાબૂ બહાર જતી જોઈને અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને SRPની ટુકડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

1. ચુસ્ત બંદોબસ્ત: શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.
2. ઉચ્ચ અધિકારીઓનું આગમન: રેન્જ આઈજી અને એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોતે ધંધુકામાં પડાવ નાખીને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.
3. અફવાઓથી સાવધ: સોશિયલ મીડિયા પર કોઈ ખોટી અફવા ન ફેલાય તે માટે સાયબર સેલ પણ સક્રિય થઈ ગયું છે.

પાક્કો ગુજરાતનો સંદેશ

હત્યા એ કોઈપણ સભ્ય સમાજ માટે કલંક છે અને ગુનેગારોને સજા મળવી જ જોઈએ. પરંતુ, કાયદો હાથમાં લેવો કે તોફાનો કરવા એ કોઈ ઉકેલ નથી. ધંધુકાની જનતાને વિનંતી છે કે શાંતિ જાળવે અને પોલીસ તંત્રને તેની કામગીરી કરવા દે. ન્યાય પ્રક્રિયામાં વિલંબ ભલે થાય, પણ સત્યનો વિજય નિશ્ચિત છે.

### અમદાવાદમાં ખાખી પર ખૂની હુમલો!

# ડ્રગ્સ માફિયાઓ બેફામ: ક્રાઈમ બ્રાન્ચના PSI પર છરીના ઘા ઝીંકાયા, ડ્રગ્સ રેડ દરમિયાન સર્જાયો લોહિયાળ જંગ

**લોહિયાળ જંગ** અમદાવાદનું ભાટ ગામ, જ્યાં એમડી ડ્રગ્સનું નેટવર્ક પકડવા પોલીસ પહોંચી હતી

• અમદાવાદ | પાક્કો ગુજરાત બ્યુરો

અમદાવાદને સુરક્ષિત ગણાવતી પોલીસના દાવાઓની વચ્ચે આજે ડ્રગ્સ પેડલરોએ ખાખીની આબરૂ પર ઘા કર્યો છે. શહેરના ભાટ ગામ પાસે એમડી ડ્રગ્સના નેટવર્કને તોડવા ગયેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર આરોપીએ જીવલેણ હુમલો કરતા સમગ્ર પોલીસ બેડામાં ભારે સળવળાટ મચી ગયો છે. આ હુમલામાં એક PSI ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

ભાટ ગામ પાસે 'ખૂની ખેલ': ડ્રગ્સની રેડમાં PSI લોહીલુહાણ


ડ્રગ્સ નેટવર્ક પર ત્રાટકેલી પોલીસ પર પેડલરનો હુમલો, PSI ઈજાગ્રસ્ત

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ભાટ ગામ નજીક એમડી ડ્રગ્સનો મોટો સોદો થવાનો છે. બાતમીના આધારે ટીમ દરોડો પાડવા પહોંચી ત્યારે ડ્રગ્સ પેડલરે પોતાની ધરપકડ ટાળવા માટે પોલીસ પર છરી વડે હુમલો કરી દીધો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ (PSI) પર છરીથી હિચકારો હુમલો થતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત પોલીસકર્મીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

રિપોર્ટના મુખ્ય અંશ:

* ઘટનાસ્થળ: અમદાવાદનું ભાટ ગામ, જ્યાં એમડી ડ્રગ્સનું નેટવર્ક પકડવા પોલીસ પહોંચી હતી.
* હુમલાખોરની હિંમત: પોલીસની હાજરી હોવા છતાં પેડલરે છરી કાઢી PSI પર હુમલો કર્યો, જે દર્શાવે છે કે આરોપીઓમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી.
* પોલીસ એક્શન: હુમલા બાદ પોલીસ કાફલો ઘટનાસ્થળે ઉતારી દેવામાં આવ્યો છે અને આરોપીને દબોચી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.
* સુરક્ષા સામે સવાલ: જે પોલીસ સામાન્ય જનતાની સુરક્ષા કરે છે, જો તે પોતે જ સુરક્ષિત ન હોય તો શહેરીજનોનું શું?

પાક્કો ગુજરાત એનાલિસિસ: શું ડ્રગ્સ માફિયાઓને કાયદાનો ડર નથી?અમદાવાદ પોલીસ 'સેફ સિટી'ના બણગા ફૂંકે છે, પણ હકીકત એ છે કે ડ્રગ્સના સોદાગરો હવે પોલીસ પર હુમલો કરતા પણ અચકાતા નથી. ભાટ ગામની આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે શહેરમાં ડ્રગ્સનું નેટવર્ક કેટલું ઊંડું ઉતરી ગયું છે. PSI પર થયેલો આ હુમલો એ માત્ર એક વ્યક્તિ પર નહીં, પણ સમગ્ર કાયદા વ્યવસ્થા પર થયેલો હુમલો છે.શું હવે પોલીસ આ ડ્રગ્સ પેડલરોને એવી સજા આપશે કે ફરી કોઈ ખાખી પર હાથ ઉપાડવાની હિંમત ન કરે? જોવાનું એ રહેશે કે આ લોહિયાળ જંગ પછી ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ કેવા કડક પગલાં લેવાય છે.

# ઉંમર તો માત્ર આંકડો છે! 18 વર્ષનું લગ્નજીવન અને 3 બાળકોની જવાબદારી છતાં દીપા ભાટી બન્યા PCS ઓફિસર

### 'મન હોય તો માળવે જવાય'. આ કહેવતને અક્ષરશઃ સાચી સાબિત કરી બતાવી છે દીપા ભાટીએ

• ખાસ અહેવાલ, પાક્કો ગુજરાત]

અમદાવાદ/નોઈડાઃ કહેવાય છે કે, 'મન હોય તો માળવે જવાય'. આ કહેવતને અક્ષરશઃ સાચી સાબિત કરી બતાવી છે દીપા ભાટીએ. જ્યારે મોટાભાગના લોકો 40ની ઉંમરે કારકિર્દીના સંતોષમાં સ્થિર થઈ જતા હોય છે, ત્યારે દીપા ભાટીએ ખાખી વર્દી ધારણ કરી સમાજ અને ખાસ કરીને મહિલાઓ માટે એક નવો ચીલો ચાતર્યો છે. 18 વર્ષનું લગ્નજીવન અને ત્રણ સંતાનોની જવાબદારી હોવા છતાં, તેમણે ઉત્તર પ્રદેશ જાહેર સેવા આયોગ (UPPCS) ની પરીક્ષા પાસ કરી PCS ઓફિસર બનીને ઈતિહાસ રચ્યો છે.સંઘર્ષ અને મક્કમ નિર્ધારની ગાથાદીપા ભાટીની આ સફર ફૂલોની પથારી જેવી નહોતી. ઘરકામ, બાળકોનો અભ્યાસ અને સામાજિક જવાબદારીઓ વચ્ચે પુસ્તકો સાથે નાતો જોડી રાખવો એ લોઢાના ચણા ચાવવા જેવું હતું.



* લગ્નના 18 વર્ષ: લાંબા સમય સુધી અભ્યાસથી દૂર રહ્યા બાદ ફરીથી શરૂઆત કરવી પડકારજનક હતી.
* 3 બાળકોની માતા: બાળકોની જરૂરિયાતો અને તેમના ભવિષ્યની ચિંતા વચ્ચે પોતાના સપનાને જીવંત રાખ્યા.
* 40ની ઉંમરે સફળતા: ઉંમરના આ પડાવે જ્યારે લોકો નવું શીખતા ડરતા હોય છે, ત્યારે તેમણે ઓફિસર બનીને સાબિત કર્યું કે શીખવાની અને જીતવાની કોઈ સીમા હોતી નથી.

મહિલાઓ માટે પ્રેરણાનું ઝરણું

દીપા ભાટીની આ સફળતા માત્ર એક વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ તે લાખો ગૃહિણીઓ માટે આશાનું કિરણ છે જેઓ લગ્ન પછી પોતાના સપનાઓને દબાવી દે છે. તેમની આ સફર સંદેશ આપે છે કે જો તમારી પાસે મક્કમ મનોબળ અને પરિવારનો સાથ હોય, તો દુનિયાની કોઈ પણ તાકાત તમને સફળ થતા રોકી શકતી નથી.

'સપના પૂરા કરવા માટે ક્યારેય મોડું થતું નથી. જરૂર છે માત્ર એક સાચા નિર્ણયની અને સખત પરિશ્રમની.' - દીપા ભાટી

# ગુજરાતમાં મનરેગાના 'મરણતોલ' સમાચાર: લાખો શ્રમિકોના ખિસ્સા ખાલી

### ભાજપ સરકારની ઉદાસીનતાએ ગરીબોના ચૂલા ઠાર્યા!

• [અમદાવાદ | પાક્કો ગુજરાત બ્યુરો]

ગુજરાતમાં 'વિકાસ'ની વાતો વચ્ચે ગ્રામીણ ગૌરવ ગણાતી મનરેગા યોજના આજે સરકારની બેદરકારીનો ભોગ બની છે. મનરેગા એ માત્ર યોજના નથી, પણ લાખો પરિવારો માટે જીવાદોરી છે, જે અત્યારે કપાઈ રહી હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે.

પગાર નથી, પણ પીડા છે! ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, રાજ્યના લાખો શ્રમિકોને છેલ્લા ત્રણ મહિનાની મજૂરી ચૂકવવામાં આવી નથી. આટલું જ નહીં, મનરેગાના ૩૦૦૦ કર્મચારીઓ પણ છેલ્લા ૬ મહિનાથી વેતન વગર કામ કરી રહ્યા છે. જે યોજના ડો. મનમોહન સિંઘે ગરીબોને ૧૦૦ દિવસની રોજગારીની ખાતરી માટે આપી હતી, તેને ભાજપ સરકાર આયોજનબદ્ધ રીતે તોડી રહી છે.

આંકડા બોલે છે હકીકત:

* કામના દિવસોમાં ઘટાડો: ૧૦૦ દિવસને બદલે શ્રમિકોને માંડ ૨૧ થી ૨૪ દિવસ જ કામ મળી રહ્યું છે.
* આદિવાસી વિસ્તારોમાં સંકટ: બનાસકાંઠા, દાહોદ અને પંચમહાલ જેવા જિલ્લાઓમાં સ્થિતિ વરવી છે. ૪૫.૭% મહિલા શ્રમિકો આજે પરિવારને ખવડાવવા લોન લેવા મજબૂર બની છે.
* નવા કાયદાનો ડરઃ કેન્દ્ર સરકાર VB-GRAMG Act, ૨૦૨૫ લાવીને જૂના અધિકારો છીનવવાની પેરવીમાં હોય તેવું જણાય છે.

પાક્કો ગુજરાત એનાલિસિસ:

મોંઘવારીના જમાનામાં જ્યારે સૂચિત વેતન વધારો પણ અટકાવી દેવાયો હોય, ત્યારે શ્રમિકો ક્યાં જાય? શું ભાજપ સરકાર ગરીબોના શોષણને જ વિકાસ ગણે છે? કોંગ્રેસે માંગ કરી છે કે બાકી વેતન તુરંત ચૂકવાય અને શ્રમિકોના હક અકબંધ રહે. જો સરકાર નહીં જાગે, તો આવનારા દિવસોમાં ગ્રામીણ ગુજરાતમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી શકે છે.

## નર્મદામાં આમ આદમી પાર્ટીને વધુ એક ઝટકોઃ ડેડીયાપાડા તાલુકા પ્રમુખે આપ્યું રાજીનામું

રાજપીપલા, તા 1હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે ટિકિટ ફાળવવા થી માંડીને પક્ષ પલટા અને કાર્યકર્તાઓ દ્વારા રાજીનામાં આપવાની મોસમ ચાલી રહી છે. કોંગ્રેસ, ભાજપા આને આપ માં આવન જાવન શરૂ થઈ ગઈ છે જેમાં પાછલે બારણેથી ધાક ધમકી, લાલચ, પ્રલોભનો,અને સામ દામ દંડ ભેદની રાજનીતિ પણ શરુ થઈ ચુકી છે હાલ આમ આદમી પાર્ટીનું જોર વધતું જાય છે ત્યારે આપના દોડતા ઘોડાને રોકવા રાજકીય ખેલ પણ ખેલાઈ રહ્યા છે જેમાં આપના ઘણા કાર્યકર્તાઓ આગેવાનો ઉમેદવારો રાજીનામાં આપી અન્ય પક્ષોમાં જોડાઈ રહ્યાં છે ત્યારે મતદાન પર અને પરિણામ પર એની કેવી અસર પડશે એ તો સમય જ બતાવશે. પણ હાલ આપના ઘણા નારાજ ઉમેદવાર કાર્યકર્તાઓ રાજીનામાં આપી રહ્યાં છે ત્યારે આપને એનાથી કેટલું નુકસાન થશે એ તો સમય જ બતાવશે.હાલ તો જિલ્લામાં રાજકીય ગરમાવો વચ્ચે આમ આદમી પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે. ડેડીયાપાડા તાલુકાના આમ આદમી પાર્ટીના પ્રમુખ રાજેન્દ્રભાઈ એમ વસાવાએ પક્ષના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપ્યું છે.તેઓએ આ બાબત અંગે પક્ષના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીને પત્ર લખીને જાણ કરી છે. પોતાના રાજીનામા પત્રમાં રાજેન્દ્રભાઈ વસાવાએ જણાવ્યું છે કે તેઓ લાંબા સમયથી પક્ષ સાથે જોડાયેલા રહ્યા છે અને પાર્ટીના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું છે. છતાં, સ્થાનિક સ્તરે કેટલાક નિર્ણયો દરમિયાન તેમની અવગણના થતી હોવાની લાગણી વ્યક્ત કરી છે.

### વોર્ડ નં. ૧૯ માં જનતાનો મિજાજ ગરમ; 'કોર્પોરેટરોએ પોતાનો વિકાસ કર્યો, વિસ્તારનો નહીં' - રહીશોનો રોષ આસમાને.

# બોડકદેવમાં વિકાસના નામે 'મીંડું'? ૩૦ વર્ષમાં એક ગટર લાઈન ન નાખી શકનાર નેતાઓ કયા મોઢે મત માંગવા નીકળ્યા!

અમદાવાદ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે નેતાઓ સફેદ કપડાં પહેરીને ફરી એકવાર 'વિકાસના વાયદા' લઈને નીકળી પડ્યા છે. પરંતુ અમદાવાદનો પોશ ગણાતો બોડકદેવ (વોર્ડ નં.૧૯) વિસ્તાર આજે પણ પ્રાથમિક સુવિધાઓ માટે ટળવળી રહ્યો છે. પાક્કો ગુજરાતની ટીમ જ્યારે જનતાનો મૂડ જાણવા બોડકદેવના ખૂણેખૂણે પહોંચી, ત્યારે જે વાસ્તવિકતા સામે આવી તે ચોંકાવનારી છે.

બોડકદેવના સ્થાનિકો હવે નેતાઓના ખોટા વચનોથી કંટાળી ગયા છે. લોકોમાં જે આક્રોશ જોવા મળ્યો તેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

* ગટર અને પાણીની રામાયણ: રહીશોનો સીધો આક્ષેપ છે કે છેલ્લા ૩૦ વર્ષથી તેઓ ગટર લાઈનની માંગ કરી રહ્યા છે, પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. ગંદા પાણીનો નિકાલ ન થતા લોકો નરકાગારમાં જીવવા મજબૂર છે.
* વિકાસ માત્ર કાગળ પર: લોકોનું કહેવું છે કે ૧૦ વર્ષમાં આ વોર્ડના કોર્પોરેટરોએ માત્ર પોતાનો આર્થિક વિકાસ કર્યો છે. રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને શુદ્ધ પાણી જેવી પાયાની જરૂરિયાતોમાં પણ વહાલા-દવલાની નીતિ અપનાવાય છે.
* ચૂંટણી ટાણે જ દર્શન: 'પાંચ વર્ષ સુધી એકપણ કોર્પોરેટર મોઢું બતાવવા નથી આવતા, અને હવે જ્યારે વોટ જોઈએ છે ત્યારે પગે લાગવા આવે છે,' - તેવો રોષ એક વડીલે ઠાલવ્યો હતો.

વોર્ડ નં. ૧૯ ના મતદારોમાં ચર્ચા છે કે છેલ્લા બે ટર્મમાં જે જે પ્રતિનિધિઓ ચૂંટાયા, તેમની સંપત્તિમાં તો તોતિંગ વધારો થયો, પણ વિસ્તારની ગટરો આજે પણ ઉભરાય છે. મધ્યમ વર્ગના વિસ્તારોમાં રોડ-રસ્તાની હાલત બદતર છે, જ્યારે વીઆઈપી સોસાયટીઓ પાસે જ વિકાસ અટકી જતો હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

તમામ રાજકીય પાર્ટીઓ અત્યારે મતદારોને રિઝવવા નવનવા પેકેજ અને વચનો આપી રહી છે, પરંતુ બોડકદેવની જનતા આ વખતે આરપારના મૂડમાં છે. સ્થાનિક યુવાનોનું કહેવું છે કે, 'અમને પાર્ટી સાથે લેવાદેવા નથી, જે કામ કરશે તેને જ વોટ મળશે. ૩૦ વર્ષનો હિસાબ ચૂકતે કરવાનો સમય આવી ગયો છે.'

પાક્કો ગુજરાત ન્યૂઝ એનાલિસિસ:

બોડકદેવનો આ મિજાજ સાબિત કરે છે કે હવે જનતા જાગૃત થઈ છે. નેતાઓ ભલે એસી ગાડીઓમાં ફરીને પ્રચાર કરે, પણ ગ્રાઉન્ડ પર ગટરના ગંદા પાણી અને તૂટેલા રસ્તાઓ તેમની હારનું કારણ બની શકે છે. શું આ વખતે પરિવર્તન આવશે કે પછી જનતા ફરી વાયદાના વમળમાં ફસાશે?

# માધવગઢની શાળામાં દીવાલ પડતા કિશોરના મોતનો મામલો

## ગ્રામજનો સિવિલમાં ધરણાં બેઠા, ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર



ગાંધીનગર : ગાંધીનગરના માધવગઢમાં ગઈકાલે સાંજે શાળાની જર્જરિત દીવાલ ધરાશાયી થતા માસૂમ રઘુનંદનસિંહના મોત મામલે હવે વિરોધનો વંટોળ વકર્યો છે. કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન ભરાતા અને દુ:ખની આ ઘડીમાં એક પણ જવાબદાર અધિકારી પરિવારની મુલાકાતે ન આવતા રોષે ભરાયેલા પરિવારે ન્યાયની માંગ સાથે લાશ સ્વીકારવાનો સાફ ઈનકાર કરી દીધો છે.

શાળાની જર્જરિત દીવાલ પડતા 11 વર્ષીય કિશોરનું મોત નિપજ્યું હતું ગાંધીનગરના માધવગઢ ગામની ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-1 તોડવાનું કામ અધૂરું મૂકી દેનાર કોન્ટ્રાક્ટરની લાપરવાહીને કારણે ગઈકાલે સાંજે 11 વર્ષીય રઘુનંદનસિંહ રાઠોડ પર જર્જરિત દીવાલ ધરાશાયી થતા તેનું કરુણ મોત નિપજ્યું હતું. આજે સિવિલ હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા છે. અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ સાથે હોસ્પિટલ પરિસરમાં જ ધરણાં પર બેસી જતા મામલો ગરમાયો છે.

ગઈકાલે સાંજે ક્રિકેટ રમી રહેલા 11 વર્ષીય બાળક પર અડધી તોડેલી સ્કૂલની દીવાલ કાળ બનીને ત્રાટકી હતી. આ ઘટનામાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત તેમજ ગુનાહિત લાપરવાહી સ્પષ્ટ દેખાઈ રહી છે છતાં પણ વહીવટી તંત્ર મૌન સેવી રહ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પરિવારે અને ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ મામલે કસૂરવાર કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધી તેની ધરપકડ કરવામાં ન આવે અને તંત્રના જવાબદારો સામે પગલાં ન ભરાય ત્યાં સુધી તેઓ બાળકનો મૃતદેહ સ્વીકારશે નહીં.

ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કારસિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ પણ કલાકો સુધી લાશ પડી રહી છતાં વહીવટી તંત્રમાં થી હજુ સુધી કોઈ ઉચ્ચ અધિકારી આ પરિવારની વેદના સાંભળ વા પહોંચ્યા નથી. ત્યારે પરિ સ્થિતિ વણસતી જોઈ હોસ્પિટલ ખાતે પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે. એક તરફ રઘુનંદનના અકાળે અવસાનથી રાઠોડ પરિવારમાં આક્રંદ છવાયું છે.

બીજી તરફ ન્યાય મેળવવા માટે તેમને હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ધરણાં કરવાની નોબત આવી છે. ગામ લોકોનો એક જ સૂર છે કે આ માત્ર અકસ્માત નથી પણ તંત્ર દ્વારા કરવામાં આવેલી હત્યા છે અને દોષિતોને સજા અપાવ્યા વિના તેઓ પીછેહઠ કરશે નહીં. જ્યાં સુધી ન્યાય નહીં ત્યાં સુધી લાશ સ્વીકારીશું નહીં.

**વિશ્વાસ**

'ધંધો પણ ચાલુ રાખીએ છીએ અને પ્રચાર પણ કરીએ છીએ'

# પાથરણાથી ગુજરાન ચલાવતા મહિલાને ચૂંટણીની ટિકિટ મળી, કહ્યું- જીતવા પૈસા નહીં જનતાનો વિશ્વાસ જરૂરી

## ચૂંટણીમાં દરેક પાર્ટી એક બીજા પર એવો આક્ષેપ કરતી હોય છે કે પરિવારના લોકોને જ ટિકિટ આપવામાં આવે છે

અમદાવાદ : ચૂંટણીમાં દરેક પાર્ટી એક બીજા પર એવો આક્ષેપ કરતી હોય છે કે પરિવારના લોકોને જ ટિકિટ આપવામાં આવે છે. છતાં પણ દરેક પાર્ટી નેતાના દીકરાને ટિકિટ આપી ચૂંટણી મેદાને ઉતારતી હોય છે. તેમજ રાજકીય જગતમાં સામાન્ય રીતે અનુભવી અને સ્થાપિત નેતાઓને ટિકિટ મળતી હોય છે.

પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસે માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. ગુજરી બજારમાં રમકડાંના પાથરણાથી ગુજરાન ચલાવતા મહિલા કાર્યકર્તા આશાબેન દંતાણીને શાહપુર વોર્ડમાં સામાન્ય સ્ત્રી અનામત બેઠક પરથી ટિકિટ આપી ચૂંટણી મેદાને ઉતાર્યા છે. આશાબેનને કોંગ્રેસમાંથી ફોન આવ્યો ને નસીબ ખુલ્યું. મારીપાસેસગવડ નથી કહેતા જ સપોર્ટ કર્યો. રમકડાં વેચીને ગુજરાન ચલાવતા આશાબેનને કોંગ્રેસે ટિકિટ આપી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસે શાહપુરમાંથી આશાબેન દંતાણીને ઉમેદવાર બનાવતા એક સામાન્ય મહિલાની અસામાન્ય સફર શરૂ થઈ ગઈ છે. ગુજરી બજારમાં ફૂટપાથ પર રમકડાં વેચીને ગુજરાન ચલાવતા આશાબેન હવે લોકોના હકો માટે લડવા મેદાનમાં ઉતરી છે. દિવસભર મહેનત કરીને પરિવારનું પેટ ભરનારા આશાબેન



લોકોની સમસ્યા અને મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે ઘર ઘર સુધી જઈ રહ્યાં છે. આશાબેન માટે ચૂંટણી માત્ર સત્તા મેળવવાનો માર્ગ નથી, પરંતુ જીવનભરના સંઘર્ષને અવાજ આપવાનો પ્રયાસ છે.'ફોન આવ્યો ત્યારે મેં કહ્યું હતું કે....' શાહપુર વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર આશાબેન દંતાણીએ જણાવ્યું હતું કે, મને કોંગ્રેસે ટિકિટ આપી એની ખુબ ખુશી છે. રસ્તા પરથી અમને ક્યાંથી ક્યાં લાવીને બેસાડી દીધા છે. તમામ સમાજ અમારી સાથે જ છે. જેથી ચૂંટણી માટે પૈસાની જરૂર નથી પ્રજામાં સાથ અમે સહકારની જરૂર છે.'ધંધો પણ ચાલુ રાખીએ છીએ અને પ્રચાર પણ કરીએ છીએ' પૈસાથી નહીં જનતાનો વિશ્વાસ જીતીને ચૂંટણી લડીશું તેવું કહેતા આશાબેને જણાવ્યું હતું કે, ગુજરી બજારમાં જૂના રમકડા વેચવાનું કામ કરું છું. તેમજ બાકીના દિવસ ફૂટપાથ પર રમકડા વહેંચીએ છીએ. કોંગ્રેસે આ વખતે અમારા જેવા લોકોને ટિકિટ આપી તે ગર્વની વાત કહેવાય છે. ધંધો પણ ચાલુ રાખીએ છીએ અને પ્રચાર પણ કરીએ છીએ. કોણ છે આશાબેન દંતાણી આશાબેન દંતાણી મૂળ બેચરાજી તાલુકામાં આવેલા વુરજ ગામના વતની છે. પરંતુ આશાબેનનો જન્મ અમદાવાદમાં જ થયો છે અને સાસરું પણ અમદાવાદના શાહપુરમાં આવેલું છે. અત્યારે શાહપુરમાં આવેલા શંકરભવન ખાતેભાડાના મકાનમાં પરિવાર સાથે રહીને ગુજરાન ચલાવે છે.આશાબેન તેના પતિ સાથે રમકડા વેચીને પરિવારનું ગુજરાન ચલાવે છે પરિવારમાં આશાબેન તેમના પતિ, બે દીકરા અને બે દીકરી છે. એક દીકરાના લગ્ન થઈ ગયા છે. જો કે એક દીકરો 24 વર્ષનો છે, પરંતુ માસનિક રીતે બીમાર હોવાથી તેના લગ્ન થયા નથી. દીકરો અત્યારે છૂટક મજુરી કરીને તેના પરિવારનું ગુજરાન ચલાવે છે જ્યારે આશાબેન અને તેમના પતિ ગુજરી બજારમાં રમકડા વહેંચીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જ્યારે બાકીના દિવસ શાહપુરમાં આવેલા શંકરભવન પાસે બ્રિજના છેડે પાથરણા પાથરીને રમકડાનું વેચાણ કરે છે.પૂર્વ ધારાસભ્યએ ચૂંટણી લડવા માટે ફોન કર્યો હતો આશાબેનના પતિ કોંગ્રેસ સાથે જોડાયેલા છે. જેથી પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે તેમને ચૂંટણી લડવા માટે ફોન કર્યો હતો. પરંતુ ચૂંટણી લડી શકે તે માટેના પૈસા ન હોવાથી પહેલા આશાબેન દંતાણીએ ચૂંટણી લડવાની ના પાડી હતી. પરંતુ તે બાદ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ અને અન્ય કોંગ્રેસના નેતાઓએ સપોર્ટ કરવાનું કહેતા હવે આશાબેન દંતાણી ચૂંટણી લડી રહ્યા છે. પૈસાની સગવડ ન હોવાથી ચુંટણી લડવાનો ઈનકાર કર્યો હતોછેલ્લા 25 વર્ષથી આશાબેન દંતાણી ગુજરી બજારમાં બેસે છે ત્યાં રમકડાં વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. કોંગ્રેસમાં ટિકિટ માટે આશાબેન દંતાણીએ કોઈપણ પ્રકારની દાવેદારી નોંધાવી નહોતી. છતાં પાર્ટીએ પાથરણા પર વસ્તુ વેચીને રોજગાર કરતી એક સામાન્ય મહિલા કાર્યકરને તક આપી મતદારોને આકર્ષવા માટે માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. આશાબેનનું જીવન સામાન્ય નાગરિકની જેમ સંઘર્ષભર્યું રહ્યું છે. જેથી આશાબેનને આશા પણ નહતી કે તેમને ચૂંટણી લડવાની તક મળશે.

તંત્રીની ગર્જના: 'ધમકીઓથી નહીં, અમે તથ્યોથી લડીએ છીએ'

# મહા-ખુલાસો: જૈન સમાજની પીઠમાં છરો ભોંકનાર 'ત્રિમૂર્તિ' ગેંગનો અંત નજીક!

**ડિજિટલ ષડયંત્ર**

'જિનાલય' પર ગીધ દ્રષ્ટિ– કરોડોની ખંડણી માટે મુનિ ભગવંતો વિરુદ્ધ રચાયેલું 'ડિજિટલ ષડયંત્ર' બેનકાબ

સુરત. ધર્મ જ્યારે વેપાર બની જાય અને પત્રકારત્વ બ્લેકમેલિંગનું હથિયાર, ત્યારે સમજી લેજો કે 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'નો સમય આવી ગયો છે. સુરતના વેસુમાં નિર્માણાધીન શ્રી અભય પાર્શ્વનાથ ભગવાન જિનાલય વિરુદ્ધ જે પ્રકારનું ઝેરીલું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, તે માત્ર કાયદાનું ઉલ્લંઘન નથી, પરંતુ સમગ્ર જૈન સમાજની આસ્થાનું અપમાન છે. 'પાક્કો ગુજરાત' આજે એ ચહેરાઓને ઉજાગર કરી રહ્યું છે જેઓ પોતાને 'જૈન' કહે છે, પરંતુ જેમનું કામ માત્ર અને માત્ર 'જૈન શાસન'ને બદનામ કરવાનું રહી ગયું છે.

ષડયંત્રની તપાસ: 'કચરા' વીડિયોથી 'તિજોરી' ભરવાનો પ્લાન સાવધાન! હાર્દિક હુડિયા, જગત પારેખ અને વિક્રમ બાફના– આ એ ત્રિપુટી છે જે જૂના, નકલી અને તપાસમાં નકારાઈ ગયેલા વીડિયોને સોશિયલ મીડિયા પર વાયરલ કરી 23 એપ્રિલના પાવન 'અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ'ને રોકવા માંગે છે.

* રણનીતિ: મુનિ ભગવંતોના નામે નકલી 'હનીટ્રેપ' અને 'મોર્ફ્ડ' વીડિયો ફેલાવવા.

* ઉદ્દેશ્ય: પ્રતિષ્ઠા મહોત્સવના આયોજકોમાં ભય પેદા કરવો અને 'પ્રોટેક્શન મની'ના નામે કરોડોની ઉઘરાણી કરવી.

બેનકાબ ચહેરા: સમાજના આ ત્રણ ગદ્દાર

1. હાર્દિક હુડિયા (મુંબઈ): બ્લેકમેલિંગનો માસ્ટરમાઈન્ડ. પ્રશાસનને ખોટી અરજીઓ મોકલી ગેરમાર્ગે દોરવામાં અને ધમકીઓ આપવામાં માહિર.

2. જગત પારેખ (અમદાવાદ): રિકવરી એજન્ટ. ગુનાહિત ભૂતકાળ સાથે સમાજમાં આતંક ફેલાવી વસૂલાત કરનાર.

3. વિક્રમ બાફના (જોધપુર): ટોળકીનો નવો સરગના. પોતાના જ સમાજના મંદિરને તોડવા માટે દિવસ-રાત ષડયંત્ર રચનાર ગદ્દાર.

તંત્રીની ગર્જના: 'ધમકીઓથી નહીં, અમે તથ્યોથી લડીએ છીએ'

ગ્રુપ એડિટર પવન માકનની સ્પષ્ટ ચેતવણી:

'હુડિયા અને તેની ગેંગને લાગે છે કે તેઓ 'પાક્કો ગુજરાત'નો અવાજ દબાવી દેશે? આ તમારી સૌથી મોટી ભૂલ છે. પત્રકારત્વ જ્યારે ધર્મની રક્ષા માટે ઉભું થાય છે, ત્યારે માફિયાઓના કિલ્લા પત્તાના મહેલની જેમ તૂટી પડે છે. હુડિયા, તારી દરેક ધમકી હવે તારી ચાર્જશીટનો ભાગ બનશે!'

પ્રશાસનને સખત ચેતવણી: અપરાધીનો સાથ આપવો એ અપરાધ છે

અમે સુરત મહાનગર પાલિકા (SMC) અને પોલીસ પ્રશાસનને સચેત કરીએ છીએ કે આ ગુનેગારોની ઉપજાવી કાઢેલી ફરિયાદોને મહત્વ આપવું એ ન્યાયનું ગળું ટાંપવા સમાન હશે. આ 'ડિજિટલ ડાકુઓ' પ્રશાસનના ખભાનો ઉપયોગ પોતાની ઉઘરાણી માટે કરી રહ્યા છે. જો આ ગદ્દારો પર તાત્કાલિક સખત કાર્યવાહી નહીં થાય, તો જૈન સમાજનો આક્રોશ એક જન-આંદોલનનું સ્વરૂપ લેશે.

અંતિમ આહવાન: હવે 'ન્યાય'નો વારો છે

જોધપુરથી મુંબઈ સુધી ફેલાયેલી આ ગેંગ સમાજ માટે 'કેન્સર' બની ગઈ છે. ભગવાન મહાવીરનો સંદેશ 'અહિંસા'નો છે, પરંતુ 'અધર્મ' સામે યુદ્ધ કરવું એ પણ આપણી ફરજ છે. 'પાક્કો ગુજરાત' સમગ્ર જૈન સમાજને અપીલ કરે છે કે આ તત્વોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર કરે.

તેમનો ઈલાજ ન તો વાતચીત છે, ન તો સમજૂતી– તેમનો એકમાત્ર ઈલાજ માત્ર 'જેલ' છે!

પાક્કો ગુજરાત

સત્યની ધાર, માફિયાઓ પર વાર!

# નર્મદાના તિલકવાડાના ડાભીયા ગામે સગીર વયની કન્યાનું અપહરણ કરી મરજી વિરુદ્ધ બળાત્કાર પ્રકરણમાં

## ભોગબનનારને રૂ.૨ લાખ(બે લાખ)ના વળતર ચુકવવાનો હુકમ

રાજપીપલા, તા 18

તિલકવાડા તાલુકાના ડાભીયાગામે સગીર વયની કન્યા સાથે બળાત્કાર ના સ્પે.પોકસો કેસમાં નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે આરોપીને 20 વર્ષ કેદની સજા અને 50 હજાર દંડની સજા ફટકારી છે. કેસની વિગત પ્રમાણે આ કામના આરોપી જગદીશભાઈ કપુરભાઈ ભીલ રહે.ડાભીયા તા.તિલકવાડા તા.૧૨/૦૨/૨૦૨૩ના રોજ રાતના એક વાગ્યાનાસુમારે મોજે ડાભીયા ગામે આ કામના ફરીયાદી કમલેશભાઈ ગણપતભાઈ ભીલની દીકરીભોગબનનાર બેન સગીરવયની જાણવા છતા પટાવી-ફોસલાવી-લલચાવી લગ્ન કરવાના બદઈરાદેકાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બોટાદ ખાતે આવેલ વાઘરીની વાડી ખાતે લઈ જઈઅવારનવાર મરજી વિરુદ્ધ શરીર સુખ માણી ગુન્હો કરેલ છે.



સદર કેસ નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબ એ.વી.હિરપરા સાહેબનીકોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં ફરીયાદી તર્ફે સરકારી વકીલશ જીતેન્દ્રસિંહ જે. ગોહીલનાઓએ ફરીયાદપક્ષે સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓતથા મોખીક દલીલો રજૂ કરી નામદાર કોર્ટે સદર પુરાવાઓને ધ્યાનમાંરાખી આરોપીને ઈ.પી.કો કલમ- ૩૭૬(૨) અને પોકસો અધિનીયમની કલમ-૬ હેઠળ આરોપીને ૨૦(વીસ) વર્ષની સખત કેદ તથા રૂ.૫૦,૦૦૦।-(પચાસ હજાર) દંડ અને જો દંડ નભરે તો વધુ ૧(એક) વર્ષની કેદ તથા ઈ.પી.કો. કલમ- ૩૬૩ હેઠળ આરોપીને ૫(પાંચ) વર્ષનીસખત કેદ તથા રૂ.૧૦,૦૦૦।-(દસ હજાર) દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની કેદતથા ઈ.પી.કો. કલમ-૩૬૬ હેઠળ ૭(સાત) વર્ષની સખત કેદ તથા રૂ.૨૦,૦૦૦।-(વીસ હજાર) દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૬(છ) માસની કેદની સજાનો તથા ભોગબનનારને રૂ.૨ લાખ(બે લાખ)નાવળતર ચુકવવાનો હુકમ આજરોજ ફરમાવેલ છે.તસવીર :દીપક જગતાપ, રાજપીપલા


# ડભોઈ નગર અગનભઠ્ઠીમાં ફેરવાયું: આકરા તાપમાં પક્ષીઓની વહારે આવ્યા નગરજનો



ડભોઈ:ડભોઈ નગર અને તાલુકામાં ઉનાળાનો પારો સતત વધી રહ્યો છે. સવારના નવ વાગ્યાથી જ આભમાંથી અગનગોળા વરસતા હોય તેવી સ્થિતિ સર્જાતા જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના સમયે રાજમાર્ગો સૂમસામ ભાસી રહ્યા છે અને લોકો ગરમીથી બચવા ઘરોમાં કેદ થયા છે.

આ અસહ્ય ગરમીમાં માનવીઓ તો રક્ષણ મેળવી લે છે, પરંતુ મૂંગા પક્ષીઓની હાલત કફોડી બની ગઈ છે. આ સ્થિતિમાં ડભોઈના સંવેદનશીલ નગરજનો પક્ષીઓની વહારે આવ્યા છે. તરસ્યા પક્ષીઓ માટે ઠેર-ઠેર ઘરની બહાર અને છત પર પાણીના કુંડા મૂકવામાં આવ્યા છે. પક્ષીઓ પણ આ કુંડા અને જૂના લાકડાના મકાનો તેમજ પીડિયા પાટલી વાળા મકાનોમાં આશરો લઈ ઠંડક મેળવી રહ્યા છે.બીજી તરફ, રખડતા પશુઓ પણ ગરમીથી બચવા મોટા ઝાડ નીચે છાંયડો શોધતા જોવા મળે છે. પશુ-પક્ષીઓ અને માનવીઓ અત્યારે ચોમાસાની રાહ જોઈ રહ્યા છે અને આકરા તાપ સામે ઝઝૂમી રહ્યા છે.

# તુલસીદાસજી નારી નિંદક નથી : મોરારિબાપુ પાલીતાણામા સંતોની હાજરીમાં રામકથાનો મંગલ પ્રારંભ



• વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂ. મોરારિબાપુના શ્રી મુખેથી ગવાનાર રામકથાનો આજે કૈલાશ ટેકરી સગાપરા ધાર પાલીતાણા ખાતે દીપ પ્રાગટ્યથી પ્રારંભ થયો બ્રહ્મલીન તપસ્વી સંત પૂ.વિજયગીરીબાપુની તપોભૂમિ ખાતે પૂ લાલગીરીબાપુની નિશ્રામાં આયોજન થઈ રહ્યું છે.સ્વાગત પ્રવચનમાં જગ્યાના મહંત શ્રી લાલગીરીબાપુએ કહ્યું કે વીજયગીરીબાપુની તબસાધના આ કથાને અહીં લાવી છે. આજે આનંદ છે કે આપને મનોરથને સંપન્ન કરી શક્યા છીએ. તેઓએ ભાવુક બનીને શબ્દો ઉચ્ચાર્યા હતા.પૂ. મોરારિબાપુએ આજની કથાનો સંવાદમાં કરતા કહ્યું કે આ કથાનુ નામાભિધાન 'માનસ શિવ સંકલ્પ 'કરીએ છીએ.તુલસીદાસજી કદાપી નારી નિંદક નથી. કારણ કે તેમના પ્રથમ ગુરૂ નારી એટલે કે તેમના ધર્મપત્ની રત્નાવલીજી છે તેથી તે નારી નિંદક કેવી રીતે હોઈ શકે? બાપુએ આજે વર્ષો પહેલા પાલીતાણામાં શ્રી લીલાબેન કપાસી અને ડો.મકરાણીયા સાહેબ દ્વારા યોજાયેલી કથાઓનું પણ સ્મરણ કર્યું હતું.

અખાત્રીજે બાળ લગ્ન અટકાવવા તંત્ર સજ્જ

# મોનિટરિંગ કરવા ખાસ ટીમો તૈયાર, માત્ર માતા-પિતા જ નહીં, ગોર મહારાજ, રસોઈયા અને મંડપવાળા સામે પણ ગુનો નોંધાશે

ગાંધીનગર : આવતીકાલ અખાત્રીજના પવિત્ર દિવસે મોટી સંખ્યામાં લગ્નોનું આયોજન થવાની શક્યતા છે. આ સંજોગોમાં ક્યાંય પણ કુરિવાજ બાળ લગ્નો ન થાય તે માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કાયદાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં અને તેના માટે જિલ્લામાં સતત મોનીટરીંગ કરવા માટે ખાસ ટીમોની રચના પણ કરી દેવામાં આવી છે જે કોઈપણ શંકાસ્પદ પ્રસંગ પર તુરંતજ કાર્યવાહી કરશે.આ વખતે તંત્રએ એક મહત્વનો નિર્ણય લીધો છે કે બાળ લગ્ન રોકવા માટે માત્ર વાલીઓ જ જવાબદાર ગણાશે નહીં, પરંતુ આ ગુનામાં સાથ આપનાર તમામ લોકો સામે ફોજદારી ગુનો નોંધવામાં આવશે,આનો અર્થ એ છે કે લગ્ન કરાવનાર ગોર મહારાજ, રસોઈ બનાવનાર કેટરર્સ, મંડપ ડેકોરેટર્સ, ફોટોગ્રાફર્સ



તેમજ બેન્ડવાજા અને સાઉન્ડ સિસ્ટમ ચલાવનારાઓ પણ હવે કાયદાના દાયરામાં આવશે.આ તમામ સેવા આપનારાઓને કડક સૂચના આપવામાં આવી છે કે લગ્નનું કોઈ પણ કામ લેતા પહેલાં વર અને કન્યાની ઉંમરના પુરાવા તપાસવાની જવાબદારી તેમની રહેશે અને જો કોઈ પણ સ્તરે બેદરકારી જણાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.કાયદાકીય રીતે જોઈએ તો લગ્ન માટે યુવકની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષ અને યુવતીની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ હોવી અનિવાર્ય છે, જો કોઈ પણ વ્યક્તિ બાળ લગ્ન કરાવે છે, તેમાં મદદ કરે છે કે ભાગ લે છે, તો તેને 2 વર્ષની સખત કેદ અને 1 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે,સમાજના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો તેમની આસપાસ ક્યાંય પણ બાળ લગ્ન થવાની શક્યતા દેખાય, તો તરત જ ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર 1098 અથવા અભયમ હેલ્પલાઈન 181 પર સંપર્ક કરવો જેથી આ સામાજિક કુરિવાજને નાબૂદ કરી શકાય.અખાત્રીજે સૌથી વધુ લગ્નો યોજાતાં હોવાથી ખાસ તકેદારી રખાશે અખાત્રીજનું મુહૂર્ત શ્રેષ્ઠ ગણાતું હોવાથી મોટી સંખ્યામાં આ દિવસે લગ્નો યોજાતા હોય છે તેની આડમાં બાળ લગ્નો પણ યોજાઈ ન જાય તે માટે તંત્ર દ્વારા આ દિવસે ખાસ તકેદારી રાખવામાં આવશે. ગામડામાં આવા કિસ્સા વધુ બનતા હોવાથી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વિશેષ મોનિટરીંગ કરવામાં આવનાર છે.

## તંત્રીની કલમે

# પ્રેમ, કૃતજ્ઞતા અને સંબંધોની સુવાસ જ્યારે શબ્દો પણ ઓછા પડે...

[લેખકઃ પવન માકન | ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત]

રાજકારણના ગરમાવા, સમાચારોની દોડધામ અને સમાજની ઘટમાળ વચ્ચે ક્યારેક મન કવિતાની ગલીઓમાં સરી પડે છે. જીવનમાં જ્યારે કોઈ ખાસ વ્યક્તિનું આગમન થાય છે, ત્યારે માત્ર સમય જ નથી બદલાતો, પરંતુ આખી દુનિયા જોવાનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. આજે મન કોઈના પ્રત્યેની અતૂટ આસ્થા અને આભારની લાગણીથી છલોછલ છે.

સંબંધોની મહેકઃ જિંદગીનો અસલી શણગાર

કહેવાય છે કે, 'તમારા આવવાથી જિંદગી મહેકી ઉઠી છે.' આ પંક્તિ માત્ર શબ્દો નથી, પણ એક હૃદયનો એકરાર છે. જિંદગીમાં અનેક લોકો આવે છે અને જાય છે, પણ કોઈક એવું હોય છે જેના આવવાથી પાનખર જેવી જિંદગીમાં પણ વસંત ખીલી ઉઠે છે. ખુશીઓની એ ક્ષણોમાં જ્યારે આંખો હરખાઈ ઉઠે, ત્યારે સમજવું કે ઈશ્વરે તમારા પર અમીદ્રષ્ટિ કરી છે.



આભારઃ એક નાનકડો શબ્દ, પણ અનંત લાગણી

આજકાલની દોડતી દુનિયામાં આપણે ઘણીવાર આપણી સફળતાનો શ્રેય જાતને આપીએ છીએ, પણ હકીકતમાં આપણી ખુશીઓ પાછળ કોઈકની છૂપી મહેનત અને અસીમ પ્રેમ હોય છે. આભાર માનવો એ તો એક નાનકડી વિધિ છે, પણ જેમના પ્રેમે આપણી આખી દુનિયા બદલી નાખી હોય, તેમના માટે તો આખું આયખું પણ ઓછું પડે.

'શબ્દો પણ ઓછા પડે તારો આભાર માનવા માટે,
તું હંમેશા રહે છે મારી ખુશીઓ સજાવવા માટે...'

ખાસ હોવાનો અહેસાસ

દરેક માણસ દુનિયા માટે ભલે સામાન્ય હોય, પણ કોઈ એક વ્યક્તિ માટે તે આખી દુનિયા હોય છે. જ્યારે કોઈ આપણને 'ખાસ' હોવાનો અનુભવ કરાવે, ત્યારે જિંદગી જીવવાની મજા બમણી થઈ જાય છે. એક એવો સથવારો, જે ક્યારેય સાથ ન છોડે; એક એવો વિશ્વાસ, જે ડગવા ન દે; અને એક એવો પ્રેમ, જે દરેક મુશ્કેલીમાં સ્મિત બનીને સાથે રહે.

અંતિમ વિચારઃ'પાક્કો ગુજરાત' ના માધ્યમથી હું એટલું જ કહીશ કે, જો તમારી પાસે પણ એવી કોઈ વ્યક્તિ છે જે તમારી ખુશીઓ સજાવે છે, તો આજે જ તેમને કહો - આભાર! કારણ કે સંબંધો એ કાગળ પર લખાયેલા અક્ષરો નથી કે ભૂંસી શકાય, એ તો હૃદય પર કોતરાયેલી એવી સુવાસ છે જે જિંદગીભર મહેકતી રહે છે.આટલો ખાસ અનુભવ કરાવવા માટે અને મારી દુનિયા બદલવા માટે તમારો દિલથી ખૂબ ખૂબ આભાર!




લેખક :દીપક જગતાપ

અખાત્રીજ ( અક્ષય તૃતીયા) :વણ જોયું શુભ મુહૂર્ત

# અખાત્રીજ ( અક્ષય તૃતીયા ) દિવસે ભગવાન વિષ્ણુએ પરશુરામ અવતાર ધારણ કર્યો હતો

**અખાત્રીજ એટલે કે અક્ષય તૃતીયા, જે વણ જોયું શુભ મુહૂર્તગણાય છે.વૈશાખ માસના શુક્લ પક્ષની તૃતીયા પર ઉજવવામાં આવે છે**

અખાત્રીજ એટલે કે અક્ષય તૃતીયા, જે વણ જોયું શુભ મુહૂર્તગણાય છે.વૈશાખ માસના શુક્લ પક્ષની તૃતીયા પર ઉજવવામાં આવે છે. શુભ કાર્ય કરવા માટે તે શુભ સમય માનવામાં આવે છે, એટલે કે આ દિવસે મુહૂર્ત કાઢ્યા વિનાકોઈ પણ શુભ કાર્ય કરી શકાય છે.હિન્દુ ધર્મમાં અખાત્રીજ એટલે કે અક્ષય તૃતીયાને ખૂબ જ શુભ તિથિ માનવામાં આવે છે. લગ્ન, ગૃહપ્રવેશ, જનોઈ સંસ્કાર સહિત કોઈપણ શુભ કાર્ય કરવા માટે અક્ષય તૃતીયાને વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે. આ કારણથી અક્ષય તૃતીયાના દિવસે દેવી લક્ષ્મીની પૂજા કરવાથી શુભ ફળ મળે છે. મહર્ષિ વેદ વ્યાસે અક્ષય તૃતીયાના અવસરે મહાભારત લખવાનું શરૂ કર્યું. આ પુસ્તકમાં શ્રી ભગવત ગીતાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે શ્રી ભાગવત ગીતાના 18મા અધ્યાયનો પાઠ કરવો જોઈએ.એવું માનવામાં આવે છે કે નર-નારાયણ પણ અક્ષય તૃતીયાના દિવસે અવતર્યા હતા. એટલા માટે તેને શુભ માનવામાં આવે છે. મહાભારત અનુસાર, આ દિવસે ભગવાન કૃષ્ણએ પાંડવોને તેમના વનવાસ દરમિયાન 'અક્ષય પત્ર' અર્પણ કર્યું હતું. અક્ષય પત્ર ક્યારેય ખાલી નથી હોતું. તે હંમેશા ભોજનથી ભરેલું હોય છે, જેમાંથી પાંડવોને ભોજન મળતું હતું.

એટલે કે આ દિવસે મુહૂર્ત કાઢ્યા વિના પણ શુભ કાર્યો કરી શકાય છે. હિંદુ કેલેન્ડર મુજબ, દર વર્ષે અક્ષય તૃતીયા વૈશાખ મહિનાના શુક્લ પક્ષની તીજે આવે છે. આ વર્ષે અક્ષય તૃતીયા 30 એપ્રિલ 2025ના રોજ છે.

અખાત્રીજનું મહાત્મય : અક્ષય તૃતીયાનો દિવસ શુભ કાર્ય કરવા માટે ખૂબ જ સારો છે. આ ઉપરાંત આ દિવસે કિંમતી વસ્તુઓ જેવી કે નવા કપડાં, ઘરેણાં, ઘર-ગાડી વગેરેની ખરીદી કરવી પણ ખૂબ જ શુભ માનવામાં આવે છે.આ દિવસે ધાર્મિક કાર્યક્રમો પણ યોજાય છે.

મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતના કેટલાક રાજ્યોમાં આ દિવસે સોના-ચાંદીની કોઈ વસ્તુ ખરીદવાની પરંપરા છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે સોનું અને ચાંદી ખરીદવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે. એટલું જ નહીં આ દિવસે દાન કરવાનું પણ ઘણું મહત્વ છે. અક્ષય તૃતીયાના દિવસે દાન કરવાથી ઘરમાં સમૃદ્ધિ આવે છે.



## ધર્મદર્શન

લેખક :દીપક જગતાપ

ભારતીય સંસ્કૃતિમાં અક્ષય તૃતીયાને બહુ શુભ દિવસ માનવામાં આવે છે. એવું કોઈ શુભ કાર્ય નથી જે આ દિવસે ના થઈ શકે. આ દિવસ સોનુ ખરીદવા માટે શુભ મનાય છે.

અક્ષય તૃતીયાનું મહત્વઃ-

1.અક્ષય તૃતીયા પર પરશુરામ જયંતિ ઉજવવામાં આવે છે. ભગવાન વિષ્ણુએ વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજના દિવસે પરશુરામ અવતાર ધારણ કર્યો હતો.

2. પિતૃઓની શાંતિ માટે અક્ષય તૃતીયાને બહુ વિશેષ માનવામાં આવે છે.

3.શિવ-પાર્વતી અને નર નારાયણની પૂજા કરવામાં આવે છે.

4. માન્યતા છે કે ત્રેતા યુગનો આરંભ અક્ષય તૃતીયાએ જ થયો હતો.

5. અક્ષય તૃતીયાએ જ સુદામાને ભગવાન શ્રીકૃષ્ણે ચોખા આપ્યાં હતા.

6. અક્ષય તૃતીયાના દિવસે વૃંદાવનના શ્રી બાંકે બિહારીજી મંદિરમાં શ્રી વિગ્રહના ચરણ દર્શન કરી શકાય છે. વર્ષભરમાં આ માત્ર એક જ અવસર હોય છે, જે દિવસે તમે આવા દર્શન કરી શકો છો.

7. અક્ષય તૃતીયા ખૂબ જ શુભ માનવામાં આવે છે, તેથી આ દિવસે લગ્ન, સગાઈ કરવા ઉપરાંત મકાન, વાહન, કપડાં, ઘરેણાં વગેરેની ખરીદી કરવી પણ શુભ માનવામાં આવે છે.

8.અક્ષય તૃતીયા પર દાન કરવાથી સુખ-સંપત્તિ વધે છે અને પુણ્ય લાભ પણ થાય છે.

9. અક્ષય તૃતીયાના અવસર પર પ્રસિદ્ધ તીર્થસ્થળ બદ્રીનારાયણના કપાટ ખુલે છે અને ત્યાં પૂજા અર્ચના શરૂ થાય છે.

અન્ય એક માન્યતા અનુસાર, આ દિવસે ભગીરથની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈને દેવી ગંગા સ્વર્ગમાંથી પૃથ્વી પર આવી. ત્રીજી માન્યતા અનુસાર, માતા અન્નપૂર્ણાનો જન્મ પણ આ દિવસે થયો હતો. તેથી એવું માનવામાં આવે છે કે અક્ષય તૃતીયાના દિવસે રસોડા અને અનાજની પૂજા કરવાની સાથે ભૂખ્યાને ભોજન અવશ્ય આપવું જોઈએ.અક્ષય તૃતીયાના દિવસે ભગવાન શંકરને મહાલક્ષ્મીની પૂજા કરવા માટે કુબેરજીની પૂજા કરવાનું કહેવામાં આવ્યું હતું. આ કારણથી અક્ષય તૃતીયાના દિવસે દેવી લક્ષ્મીની પૂજા કરવાથી શુભ ફળ મળે છે. મહર્ષિ વેદ વ્યાસે અક્ષય તૃતીયાના અવસરે મહાભારત લખવાનું શરૂ કર્યું. આ પુસ્તકમાં શ્રી ભગવત ગીતાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે શ્રી ભાગવત ગીતાના 18મા અધ્યાયનો પાઠ કરવો જોઈએ.એવું માનવામાં આવે છે કે નર-નારાયણ પણ અક્ષય તૃતીયાના દિવસે અવતર્યા હતા. એટલા માટે તેને શુભ માનવામાં આવે છે. મહાભારત અનુસાર, આ દિવસે ભગવાન કૃષ્ણએ પાંડવોને તેમના વનવાસ દરમિયાન 'અક્ષય પત્ર' અર્પણ કર્યું હતું. અક્ષય પત્ર ક્યારેય ખાલી નથી હોતું. તે હંમેશા ભોજનથી ભરેલું હોય છે, જેમાંથી પાંડવોને ભોજન મળતું હતું.

# રાણપુર તાલુકાના નાગનેશ ગામે નદીના પાણીમાં નાહવા બાબતે હુમલો કરાયો

## પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો,2 મહિલા સહિત 10 લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાગનેશ ગામે ભાદર નદીમાં નહાવા બાબતે હુમલાની ઘટના બની છે. આ હુમલામાં 15 થી 20 લોકોના ટોળાએ 7 યુવકોને ઈજા પહોંચાડી હતી અને તેમની મોટરસાયકલને પણ નુકસાન કર્યું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, કોળી સમાજના યુવકો નદીના પાણીમાં નહાતા હતા તે દરમિયાન દેવીપૂજક સમાજના લોકો દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ કુંડળીવાળી લાકડીઓ, ફરસી, છરી, લાકડાના ધોકા અને પથ્થરો જેવા ઘાતક હથિયારોનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા 7 યુવકોને 108 એમ્બ્યુલન્સ મારફતે રાણપુરની



સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટના બાદ રાણપુરની સરકારી હોસ્પિટલ ખાતે લોકોના ટોળા એકઠા થયા હતા.ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. આ સમગ્ર હુમલા અંગે ભરતભાઈ ઉમેશભાઈ વેલાણીએ રાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં 2 મહિલા સહિત કુલ 10 લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં શરદભાઈ લાલજીભાઈ જીલીયા, ભગીરથભાઈ ઉર્ફે ભકો કાળુભાઈ જીલીયા, બળવંતભાઈ ગોરધનભાઈ જીલીયા, રોહિતભાઈ રાજુભાઈ જીલીયા, રાજુભાઈ કાળુભાઈ જીલીયા, કાળુભાઈ મેરૂભાઈ જીલીયા, રાહુલભાઈ ગોરધનભાઈ જીલીયા, લીલાબેન ભગીરથભાઈ જીલીયા, ગીતાબેન રાજુભાઈ જીલીયા અને વિકાસભાઈ રાજુભાઈ જીલીયાનો સમાવેશ થાય છે. રાણપુર પોલીસે તમામ 10 આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર:વિપુલ લુહાર

# ડેઝ ગ્રુપ દ્વારા સુવિધા કાર્ડ અંતર્ગત નોટબુક અને ઘઉં વિતરણનું સફળ આયોજન

## શ્રૃંખલાને આગળ ધપાવતા ડેઝ ગ્રુપે આ વર્ષે ' સુવિધા કાર્ડ' યોજના અંતર્ગત વધુ એક મહત્વનું ડગલું ભર્યું છે

અમદાવાદ સમાજ સેવા અને જનકલ્યાણની ભાવનાથી પ્રેરિત અમદાવાદના ડેઝ ગ્રુપ દ્વારા વધુ એક વખત પ્રશંસનીય પહેલ કરતા 'પઢેગા તો બઢેગા ઈન્ડિયા' ના સંકલ્પને સાકાર કરવામાં આવ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગ્રુપ દ્વારા જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણનો ભવ્ય અને સુવ્યવસ્થિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શૈક્ષણિક અને આર્થિક સહયોગ

આ પુણ્ય કાર્ય અંતર્ગત વિદ્યાર્થીઓને 'ઈન્દ્રિય વિજયી અંતર્મના' નામની નોટબુક અત્યંત કિફાયતી (રાહત) દરે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ડેઝ ગ્રુપનો ઉદ્દેશ્ય માત્ર શૈક્ષણિક સહયોગ આપવાનો જ નથી, પરંતુ ગુરુદેવના આશીર્વાદથી બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કરવાનો પણ છે.

આ શ્રૃંખલાને આગળ ધપાવતા ડેઝ ગ્રુપે આ વર્ષે 'સુવિધા કાર્ડ' યોજના અંતર્ગત વધુ એક મહત્વનું ડગલું ભર્યું છે. આ અભિનવ પહેલ હેઠળ સુવિધા કાર્ડ ધારક પરિવારોને બજાર ભાવ કરતા પણ ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાવાળા ઘઉં પૂરા પાડવામાં આવ્યા હતા, જેથી સામાન્ય જનને રોજિંદી આવશ્યક ચીજવસ્તુઓમાં આર્થિક રાહત મળી શકે.

સુવિધા કાર્ડના બહુઆયામી લાભો

ડેઝ સુવિધા કાર્ડ દ્વારા સમાજને અનેકવિધ લાભો આપવામાં આવી રહ્યા છે, જેમાં નીચે મુજબની સેવાઓ પર વિશેષ વળતર (ડિસ્કાઉન્ટ) શામેલ છેઃ

હોસ્પિટલ સેવાઓ અને દવાઓ

મેડિકલ તપાસ (લેબોરેટરી)

ફૂડ અને હોટલ સેવાઓ

કાર્ડ ધારકો નિર્ધારિત સંસ્થાઓ પર જઈને આ તમામ સુવિધાઓનો સરળતાથી લાભ મેળવી શકે છે.

'આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય જૈન સમાજને મહત્તમ આર્થિક અને સામાજિક લાભ પહોંચાડવાનો છે અને ભવિષ્યમાં તેને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.'

– શ્રી મનીષ પાટની, પ્રમુખ - ડેઝ ગ્રુપ

ભવિષ્યનું આયોજનઃ રોજગાર યોજના

નોંધનીય છે કે ડેઝ ગ્રુપ ટૂંક સમયમાં અમદાવાદમાં એક નવી રોજગાર યોજના શરૂ કરવા જઈ રહ્યું છે, જેનાથી સમાજના અનેક લોકોને રોજગારી અને આત્મનિર્ભરતાની નવી તકો પ્રાપ્ત થશે.

ડેઝ ગ્રુપના આ સતત પ્રયાસો માત્ર સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જ નથી, પરંતુ સમૃદ્ધ અને સશક્ત સમાજના નિર્માણની દિશામાં એક પ્રેરણાદાયી પગલું પણ છે.

## રાશીફળ (તા.19-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે પરાક્રમમાં વધારો થશે. સરકારી અટકેલા કામો પૂરા થશે. ઘરની નાની દીકરીની કોઈ સિદ્ધિ તમારા ચહેરા પર સ્મિત લાવશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. રોકાણ કરવા માટે આજનો દિવસ સરેરાશ છે, પરંતુ જૂના મિત્રોનો સહયોગ વેપારમાં નવો જીવ ફૂંકશે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે તમારી રાશિમાં ઉન્નતિના યોગ છે. નવા વિચારો પર અમલ કરવાનો યોગ્ય સમય છે. પરિવાર સાથે સુખદ પ્રવાસ કે પિકનિકનું આયોજન થઈ શકે છે. |
| કર્ક (ડ.હ) | માનસિક શાંતિ માટે થોડો એકાંત શોધશો. ખોટા ખર્ચથી બચવું. જીવનસાથી સાથે તાલમેલ જાળવવાનો પ્રયાસ કરો. |
| સિંહ (મ.ટ) | આજે તમે 'લીડર' ની ભૂમિકામાં રહેશો. સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે. સંતાન પક્ષ તરફથી (ખાસ કરીને દીકરીઓ તરફથી) શુભ સમાચાર મળી શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | કારાબારમાં વિસ્તારના યોગ છે. ટેકનિકલ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને આજે મોટી સફળતા મળી શકે છે. સ્વાસ્થ્યમાં સુધારો થશે. |
| તુલા (ર.ત) | ભાગ્ય આજે તમારી સાથે છે. જો તમે નવું વાહન કે કિંમતી વસ્તુ ખરીદવાનું વિચારી રહ્યા હોવ, તો દિવસ ઉત્તમ છે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આજે થોડું સંભાળીને ચાલવાની જરૂર છે. અચાનક આવતા ગુસ્સા પર કાબૂ રાખો. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. બપોર પછી સ્થિતિ સામાન્ય થશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | વૈવાહિક જીવન સુખમય રહેશે. ભાગીદારીના બિઝનેસમાં મોટો નફો જોવા મળી શકે છે. વિદ્યાર્થીઓ માટે એકાગ્રતા વધારવાનો દિવસ છે. |
| મકર (ખ.જ) | પર વિજય પ્રાપ્ત થશે. જૂની બીમારીમાંથી રાહત મળી શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | ક્રિએટિવ કામ કરનારાઓ માટે આજનો દિવસ 'ગોલ્ડન' છે. પ્રેમ સંબંધોમાં નિકટતા આવશે. સંતાનના શિક્ષણને લગતી ચિંતા દૂર થશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | જમીન-મકાનના યોગ બની રહ્યા છે. માતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઘરમાં કોઈ માંગલિક કાર્યની રૂપરેખા બની શકે છે. |

# ક્રાઈમ બ્રાન્ચના PSI પર છરીના ઘા ઝીંક્યા, એમડી ડ્રગ્સ વેચનારા પર દરોડા વચ્ચે બની ઘટના

## તપાસનો ધમધમાટ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સનો જથ્થો કબજે કરી આરોપી વિરુદ્ધ હત્યાનો પ્રયાસ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં નશાના કાળા કારોબારને નાબૂદ કરવા માટે કાર્યરત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર ડ્રગ્સ પેડલરોએ હિંસક હુમલો કર્યો છે. ભાટ ગામ નજીક એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક શંકાસ્પદ આરોપીને પકડવા ગયેલી ટીમ પર આરોપીએ જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે.

ઓપરેશન દરમિયાન અકસ્માત અને અફરાતફરી મળતી માહિતી મુજબ, ગઈકાલે સાંજના સમયે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે, ભાટ ગામ નજીક એમડી ડ્રગ્સની હેરાફેરી થવાની છે. આ બાતમીના આધારે પોલીસે ગુપ્ત રીતે છટકું ગોઠવ્યું હતું. પોલીસ જ્યારે આરોપીને કોર્ડન કરવા ગઈ ત્યારે પોલીસના વાહન અને શંકાસ્પદ આરોપીના વાહન વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ફરજ પરના PSI પર છરીથી હુમલો પોલીસથી ઘેરાઈ ગયેલા આરોપીએ ભાગવાના અંતિમ પ્રયાસ રૂપે પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી કાઢી હતી. અંધાધૂંધીનો લાભ લઈ આરોપીએ ફરજ પરના PSI પર છરી વડે હુમલો કરી દીધો હતો. આ હિંસક હુમલામાં પોલીસ અધિકારીને ઈજાઓ



પહોંચતા તેમને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસની મોટી સફળતા 350 ગ્રામ ડ્રગ્સ ઝડપાયું પોલીસ અધિકારી પર હુમલો થયો હોવા છતાં, ક્રાઈમ બ્રાન્ચની ટીમના અન્ય જવાનોએ હિંમત હાર્યા વગર ઓપરેશન ચાલુ રાખ્યું હતું. પોલીસની સતર્કતાને કારણે આરોપી ભાગવામાં સફળ રહ્યો નહોતો. ઘટનાસ્થળેથી પોલીસે આશરે 350 ગ્રામ જેટલો એમડી ડ્રગ્સનો ગેરકાયદેસર જથ્થો જપ્ત કર્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત લાખો રૂપિયામાં આંકવામાં આવી રહી છે.

તપાસનો ધમધમાટ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સનો જથ્થો કબજે કરી આરોપી વિરુદ્ધ હત્યાનો પ્રયાસ અને NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોને પહોંચાડવાનું હતું, તે દિશામાં ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ પર થયેલા આ હુમલાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ડ્રગ્સ માફિયાઓ કેટલા બેફામ બન્યા છે, પરંતુ પોલીસ પણ તેમને જેલના સળિયા પાછળ ધકેલવા મક્કમ છે.

# ડભોઈમાં રેલવેનો 'બુલડોઝર' એક્શન પ્લાન? 100 થી વધુ રહેવાસીઓને નોટિસ મળતા ફફડાટ



ડભોઇઃ ડભોઇ નગરના મહુડી ભાગોળ અને ઈદગાહ વિસ્તારમાં વર્ષોથી વસવાટ કરતા પરિવારો પર અત્યારે સંકટના વાદળો છવાયા છે. રેલવે દ્વારા ડભોઈથી વાઘોડિયા તરફ મોટી લાઈન નાખવાની કામગીરી તેજ કરવામાં આવી છે, જેના ભાગરૂપે રેલવે તંત્રએ 100 થી વધુ મકાનો અને દુકાનોને નોટિસ ફટકારી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પશ્ચિમ રેલવેના સિનિયર સેક્શન એન્જિનિયર (બરોડા ડિવિઝન) દ્વારા ડભોઇ રેલવે સ્ટેશન યાર્ડની આસપાસની જમીન પરના દબાણો દૂર કરવા કવાયત હાથ ધરાઈ છે. રેલવે લેન્ડ પ્લાન મુજબ જે કાચા-પાકા મકાનો કે દુકાનો રેલવેની હદમાં આવે છે, તેમને 10 દિવસની અંદર સ્વેચ્છાએ અતિક્રમણ દૂર કરવા સૂચના અપાઈ છે.નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે જો 10 દિવસમાં દબાણ દૂર કરવામાં નહીં આવે, તો રેલવે તંત્ર દ્વારા તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન સામાનને થતા નુકસાનની જવાબદારી જે-તે આસામીની રહેશે. એટલું જ નહીં, જો રેલવેની કામગીરીમાં કોઈ અવરોધ ઊભો કરશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.જે લોકો ઘરે હાજર ન હતા, તેમના દરવાજા પર પણ નોટિસ ચોંટાડી દેવામાં આવી છે. વર્ષોથી અહીં રહેતા પરિવારોમાં હવે પોતાનું છત છીનવાઈ જવાનો ડર જોવા મળી રહ્યો છે. રેલવેના વિકાસ સામે સ્થાનિકોનો રોજગાર અને આશરો જોખમમાં મુકાતા આગામી દિવસોમાં આ મામલે મોટો વિવાદ સર્જાય તેવી શક્યતા છે.શું તંત્ર આ ગરીબ પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થા આપશે કે પછી સીધું બુલડોઝર ફેરવી દેશે? તે હવે જોવાનું રહ્યું.

# ડભોઈમાં રેતી માફિયાઓના પાપે નિર્દોષનો જીવ ગયો

### ભૂમાફિયાઓએ ખોદેલા ખાડા બન્યા 'ડેથ ટ્રેપ', મગરે યુવાનને ફાડી ખાધો!



ડભોઈ: ડભોઈ તાલુકાના સીતપુર અને ભિલોડિયા પંથકમાં ભૂમાફિયાઓના કાળા કારોબારે વધુ એક ઘરનો ચિરાગ બુઝાવી દીધો છે. રેતી ખનન માટે નિયમોને નેવે મૂકીને ખોદવામાં આવેલા વિશાળ ખાડાઓ હવે માનવ જિંદગી માટે જીવતા મોતના કૂવા સાબિત થઈ રહ્યા છે. ભિલોડિયા ગામના એક ૩૫ વર્ષીય આશાસ્પદ યુવાનને મગરે શિકાર બનાવતા સમગ્ર પંથકમાં તંત્ર અને માફિયાઓ વિરુદ્ધ ભારે રોષ ફાટી નીકળ્યો છે.

ઘટનાની વિગત: પાણી ભરવા ગયેલા યુવાન પર કાળનો પંજો

ભિલોડિયા ગામના રહેવાસી મનોજભાઈ રામાભાઈ તડવી (ઉંમર વર્ષ ૩૫) ગત રોજ પાણી ભરવા માટે ગયા હતા. રેતી ખનનને કારણે ખેતરો અને સીમમાં રચાયેલા ઊંડા ખાડાઓમાં નદીના પાણી સાથે મગરો પણ આવી ગયા છે. મનોજભાઈ પાણી ભરી રહ્યા હતા ત્યારે ઓચિંતા જ એક મગરે તેમના પર હુમલો કરી તેમને ઊંડા પાણીમાં ખેંચી લીધા હતા. સ્થાનિકોએ અંદાજે ૫ કલાકની ભારે જહેમત અને શોધખોળ કરી ત્યારે યુવાનનો ક્ષત-વિક્ષત મૃતદેહ મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

સ્થાનિકોનો સીધો આક્ષેપ છે કે સીતપુર અને આસપાસના વિસ્તારોમાં ભૂમાફિયાઓએ તંત્રની મિલીભગતથી બેફામ ખનન કર્યું છે. રેતી કાઢી લીધા બાદ આ માફિયાઓ ખાડા પૂરવાની તસ્દી લેતા નથી, જેમાં નદીના પાણી ભરાતા તે મગરોનું નિવાસસ્થાન બની જાય છે. વન વિભાગને વારંવાર રજૂઆત કરવા છતાં મગરોને પાંજરે પૂરવાની તસ્દી લેવામાં આવતી નથી, જેના કારણે આજે એક નિર્દોષે જીવ ગુમાવવો પડ્યો છે.

પાક્કો ગુજરાતીના વેધક સવાલો:

૧. શું ભૂમાફિયાઓના ખિસ્સા ગરમ કરવા માટે નિર્દોષ નાગરિકોના જીવ લેવા જરૂરી છે?

૨. વન વિભાગ અને ખાણ-ખનિજ વિભાગ ઊંઘતું કેમ ઝડપાય છે? શું મોટા હપ્તાઓ તંત્રના મોઢા સીવી દે છે?

૩. ગેરકાયદે ખનન કરનારા માફિયાઓ સામે હત્યાનો ગુનો કેમ ન નોંધાવો જોઈએ?

ગ્રામજનોની માંગ:આ ઘટનાને પગલે ભિલોડિયા અને સીતપુરના ગ્રામજનોમાં વહીવટી તંત્ર સામે જબરો આક્રોશ છે. લોકોની માંગ છે કે નદી કિનારે ગેરકાયદે ખનન કરનારા ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી થાય, મગરોને તાત્કાલિક પાંજરે પૂરવામાં આવે અને મૃતક યુવાનના પરિવારને યોગ્ય વળતર આપવામાં આવે. રેતી ખનન દ્વારા કુદરતી સ્ત્રોતોનું નુકસાન તો થઈ જ રહ્યું છે, પણ હવે તે માનવભક્ષી મગરોને રહેઠાણ પૂરું પાડીને નિર્દોષોના જીવ લઈ રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે ડભોઈનું તંત્ર જાગશે કે હજુ વધુ એક મૃત્યુની રાહ જોશે?

ફફડાટ

### લાઈનબદ્ધ શટર અધખુલ્લા જોઈને વેપારીઓમાં ફફડાટ

# માણસા માર્કેટ યાર્ડમાં તસ્કરો ત્રાટક્યા, CCTV એક જ રાતમાં 17થી વધુ દુકાનોના તાળા તૂટ્યા

### ગત રાત્રે તસ્કર ટોળકીએ માણસા માર્કેટ યાર્ડમાં ત્રાટકીને તરખાટ મચાવ્યો હતો

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના માણસા પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ ગઈકાલે(17 એપ્રિલે) મધરાતે તસ્કરોએ માણસા માર્કેટ યાર્ડને નિશાન બનાવી પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તસ્કરોએ કોઈ પણ ડર વગર ઠંડા કલેજે એક પછી એક 17થી વધુ દુકાનોના તાળા તોડી ચોરીને અંજામ આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ અને ફફડાટ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે તસ્કર ટોળકીએ માણસા માર્કેટ યાર્ડમાં ત્રાટકીને તરખાટ મચાવ્યો હતો.તસ્કરોએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે યાર્ડની સુરક્ષા વ્યવસ્થાને ભેદીને અંદર પ્રવેશ કર્યો હતો. નવાઈની વાત એ છે કે કોઈ એક-બે નહીં પરંતુ લાઈનસર 17થી વધુ દુકાનોના તાળા તોડી નાખવામાં આવ્યા હતા.

બાદમાં તસ્કરોએ ગણતરીના કલાકોમાં જ આટલી મોટી સંખ્યામાં દુકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. આજે વહેલી સવારે જ્યારે વેપારીઓ પોતાનો રોજિંદો વેપાર કરવા માટે માર્કેટ યાર્ડ પહોંચ્યા ત્યારે દ્રશ્યો જોઈને ચોંકી ઉઠ્યા હતાં. માર્કેટ યાર્ડની



લાઈનબદ્ધ દુકાનોના તાળા તૂટેલા અને શટર અધખુલ્લા જોઈ વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

વેપારીઓએ અંદર જઈને જોતા માલ સામાન વેરવિખેર પડ્યો હતો અને ગલ્લાઓમાંથી રોકડ રકમની ચોરી થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાયું હતું. આ સમાચાર વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં વેપારીઓ ઉમટી પડ્યા હતા.આ બનાવની જાણ થતા જ માણસા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે.

એક બે નહીં પણ એકસાથે 17થી વધુ દુકાનોના તાળા તૂટ્યાની બુમરાણ ઉઠતા પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને જોઈ ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ એક્સપર્ટની મદદ લેવામાં આવી છે. ઉપરાંત માર્કેટ યાર્ડમાં લાગેલા સીસીટીવી ફૂટેજની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

કેટલા મુદ્દામાલની ચોરી થઈ તે તપાસ ચાલુ હાલમાં પોલીસે ભોગ બનનાર વેપારીઓની યાદી તૈયાર કરી કેટલા મુદ્દામાલની ચોરી થઈ છે.તેની વિગતવાર માહિતી મેળવવાની કવાયત શરૂ કરી છે. જોકે આ ઘટનાએ માણસામાં પોલીસની નાઈટ પેટ્રોલિંગની પોલ ખોલી નાખી છે.

લોદરા ગામમાં પણ ચાર દુકાનના તાળા તોડી તસ્કરોએ ચોરી કરી માણસા તાલુકાને તસ્કરોએ ગત મોડી રાતે ઘમરોળ્યુ હોય એવું ચિત્ર ઉપસી આવ્યું છે. માણસા માર્કેટ યાર્ડમાં એકસાથે 17થી વધુ દુકાનોમાં તરખાટ મચાવ્યા પછી લોદરા ગામમાં પણ ચાર દુકાનના તાળા તોડી તસ્કરોએ ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે. હાલમાં આ મામલે પોલીસ તંત્ર દોડતું થઈ ગયુ છે. અને લોદરામાં ભોગ બનનાર વેપારીઓના નિવેદન નોંધવાની તજવીજ શરુ કરી છે.

### દહેગામ શ્રી સંઘમાં ભવ્ય આરાધના ભવનનું ઉદ્ઘાટન

# ત્રણ દિવસીય ધાર્મિક મહોત્સવનો શુભ પ્રારંભ, સાધુ-સાધ્વીજીની ઉપસ્થિતિ

ઉદ્ઘાટન

### મહોત્સવ જૈન સમાજમાં આનંદ અને આધ્યાત્મિક ઉત્સાહનું કેન્દ્ર બનશે

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે શ્રી સંઘ દ્વારા નિર્મિત ભવ્ય આરાધના ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવશે આ પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક મહોત્સવનો શુભારંભ થયો છે, જે 18 એપ્રિલ, 2026ના રોજ શરૂ થશે . આ મહોત્સવ જૈન સમાજમાં આનંદ અને આધ્યાત્મિક ઉત્સાહનું કેન્દ્ર બનશે .આ મહોત્સવ પરમપૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય વિજય અભયદેવ સુરીશ્વરજી અને વિજય મોક્ષરત્નસુરીશ્વરજીના પાવન સાનિધ્યમાં યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં આશરે 8 સાધુ ભગવંતો અને 40 સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત રહેશે. કેટલાક મહાત્માઓ અહીં વર્ષીતપના પારણાં પણ કરશે,




જે આ પ્રસંગને વિશેષ મહત્વ આપે છે.

મહોત્સવના પ્રથમ દિવસે, વૈશાખ સુદ 1, શનિવાર, 18 એપ્રિલે, સવારે 6:15 કલાકે પૂજ્ય ગુરુભગવંતોનો ભવ્ય પ્રવેશ અને સામૈયું યોજાશે . ત્યારબાદ સવારે 7:00 કલાકે શ્રી શત્રુંજય વિહારધામ દેરાસરમાં પ્રવેશ કરવામાં આવશે . સવારે 7:30 થી 8:30 દરમિયાન જૈન સમાજ હોલમાં શ્રી સંઘ નવકારશી યોજાશે . સવારે 9:00 કલાકે ઋષભ ભુપેન્દ્રભાઈ શાહ (જર્મની)ના હસ્તે શ્રી ઋષભ અભય મંડપનું ઉદ્ઘાટન થશે . આ પ્રસંગે બેસતા મહિનાનું મહામાંગલિક અને ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીના જન્મ વધામણાં પણ યોજાશે . બપોરે 12:00 કલાકે સ્વામી વાત્સલ્ય અને સાંજે 7:00 કલાકે સંગીતકાર સૌમિલ શાહ દ્વારા પ્રભુભક્તિ કાર્યક્રમ રજૂ કરશે .દ્વિતીય દિવસે, વૈશાખ સુદ 2, રવિવાર, 19 એપ્રિલે, સવારે નવકારશી બાદ 8:30 કલાકે ઉપાશ્રયનું ઉદ્ઘાટન અને દાતાશ્રીઓના હસ્તે તકતી અનાવરણ કરવામાં આવશે. ત્યારબાદ ઋષભ અભય મંડપ ખાતે દાતાશ્રીઓનું સન્માન કરાશે. બપોરે સ્વામી વાત્સલ્ય કાર્યક્રમમાં વિવિધ દાતાશ્રીઓ દ્વારા લાભ લેવામાં આવશે અને સાંજે ફરી પ્રભુભક્તિનું આયોજન થશે.તૃતીય દિવસે, વૈશાખ સુદ 3, સોમવાર, 20 એપ્રિલે, સવારે નવકારશી બાદ 9:00 કલાકે ઋષભ વંદના અને 11:00 કલાકે ઈક્ષુરસથી વર્ષીતપ પારણાં યોજાશે. આ પવિત્ર પ્રસંગે મહાત્માઓને ઈક્ષુરસ વહોરાવવાની વિધિ કરવામાં આવશે. બપોરે સ્વામી વાત્સલ્ય સાથે આ મહોત્સવનું સમાપન થશે.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન બહારગામથી પધારેલા મહેમાનો માટે જૈન સમાજ હોલ ખાતે ચોવીહારની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શ્રી સંઘના સભ્યોએ તમામ સમાજજનોને આ પાવન અવસરે જોડાઈ ધર્મલાભ લેવા અપીલ કરી છે.

# કલોલમાં ONGC કેન્ટીન સંચાલકના બંધ મકાનના તાળાં તૂટ્યા, 6.30 લાખની મત્તા સાફ

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના સિટીમોલ-2 વિસ્તારમાં આવેલી શ્રીનાથ રેસીડેન્સીમાં રહેતા ઓએનજીસી કેન્ટીન સંચાલક સહિત પરિવારના સભ્યો બિહાર ખાતે સામાજિક પ્રસંગે ગયા હતા. જેનો લાભ ઉઠાવી તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી 6.30 લાખની મત્તા ચોરી ગયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.કલોલ શહેરના સિટીમોલ-2 પાસે આવેલી શ્રીનાથ રેસીડેન્સીમાં રહેતા ONGC કેન્ટીનના કોન્ટ્રાક્ટર અને તેમના ભાઈ વતન બિહાર ગયા હોવાથી બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ અને સોનાના દાગીના સહિત કુલ 6.30 લાખની ચોરી કરી પલાયન થઈ ગયા છે.મળતી વિગત મુજબ કલોલના સિટીમોલ પાસે રહેતા રાહુલ અગ્નિદેવ નામના યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેના મામા હરીશ રામધની કામતી ONGC કેન્ટીનનો વ્યવસાય સંભાળે છે.ગત 11મી એપ્રિલના રોજ હરીશભાઈ વતન બિહાર ગયા હતા. જ્યારે તેમના બીજા ભાઈ સંજયભાઈ




અને તેમનો પરિવાર પણ ગત 16મી એપ્રિલે વતન જવા નીકળ્યો હતો. રવિવારે સવારે રાહુલ હોટલ પર હતો ત્યારે સંજયભાઈએ તેને ફોન કરીને જાણ કરી હતી કે કોઈએ ઘરે ચોરી કરી હોવાની શંકા છે.

આ સાંભળી રાહુલ તુરંત શ્રીનાથ રેસીડેન્સી પહોંચ્યો હતો ત્યારે બંને મામાના ઘરના મુખ્ય દરવાજાના નકુચા તૂટેલા હતા. આથી, તેણે હરીશભાઈના ઘરમાં જઈને જોતા રૂમમાં બધો સામાન વેરવિખેર પડ્યો હતો અને તિજોરીનું લોક પણ તૂટેલું હતું. આ અંગે વધુ તપાસ દરમિયાન તિજોરીમાંથી 1.50 લાખની રોકડ , 20 ગ્રામનો સોનાનો દોરો અને 20 ગ્રામનો સોનાનો સેટ મળીને કુલ 6.30 લાખ રૂપિયાની મત્તા ગાયબ હતી. જોકે બીજા મામા સંજયભાઈના ઘરમાં પણ સામાન વેરવિખેર હતો પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ ત્યાંથી કોઈ મોટી રકમ-દાગીનાની ચોરી થઈ હોવાનું જોવા મળ્યું ન હતું. જોકે સંજયભાઈ વતનથી પરત આવ્યા બાદ ત્યાં ચોરી થઈ છે કે નહીં તેની ચોક્કસ વિગતો જાણી શકાશે. હાલમાં કલોલ શહેર પોલીસે રાહુલની ફરિયાદના આધારે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તસ્કરોનું પગેરું શોધવા તપાસ તેજ કરી છે.

## લાખણીમાં શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ, વેપારીઓને લાખોનું નુકસાન



લાખણી:- લાખણીના ગેળા રોડ પર આવેલ નવીનભાઈ શાહના શોપિંગ સેન્ટરમાં આજે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, ત્રીજા માળે થયેલા શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી, જે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ગઈ હતી.આગ લાગતા જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીની ડોલો દ્વારા આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ ઝડપથી ફેલાતા તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયું હતું અને ફાયર બ્રિગેડની ત્રણ ગાડીઓ દ્વારા આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ ઘટનામાં દુકાનોમાં રહેલો મોટો માલસામાન બળી ખાક થઈ ગયો હતો. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં રાખેલા એસી, ફ્રિજ અને પંખા સંપૂર્ણપણે બળી જતાં વેપારીઓને લાખો રૂપિયાનું ભારે નુકસાન થયું હોવાનું અનુમાન છે.ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, કોઈ જાનહાનિ થયાની માહિતી પ્રાપ્ત થઈ નથી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે અને આગ લાગવાના ચોક્કસ કારણોની વધુ તપાસ ચાલુ છે.

### શું માત્ર પૂજા-પાઠ કરવાથી કે જ્ઞાનની વાતો કરવાથી જીવન સફળ થઈ જાય?

# શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - ૩ (કર્મયોગ), માત્ર વિચારોના વંટોળમાં અટવાવું કે મેદાનમાં ઉતરીને 'ગેમ' બદલવી? શ્રીકૃષ્ણનો માસ્ટરક્લાસ!

અધ્યાય ૨ માં અર્જુને જ્ઞાન તો મેળવ્યું, પણ હવે તેના મનમાં એક નવો 'કન્ફ્યુઝન' જન્મે છે. તેને લાગે છે કે જો જ્ઞાન જ શ્રેષ્ઠ હોય, તો મારે આ લોહીયાળ યુદ્ધ (કર્મ) કરવાની શું જરૂર? હું બસ શાંતિથી હિમાલય જઈને ધ્યાન કેમ ન ધરું?આ જ પ્રશ્ન આપણને પણ થાય છે 'કેમ આપણે રોજ સવારે ઉઠીને ઓફિસ જવું પડે છે? કેમ આપણે આ જવાબદારીઓ ઉપાડવી પડે છે?' અહીંથી શરૂ થાય છે કર્મયોગ :ધ આર્ટ ઓફ એક્શન.

૧. કામચોરી એ ભક્તિ નથી: કૃષ્ણની 'એક્શન' થેરાપી

ઘણા લોકો વિચારે છે કે આધ્યાત્મિકતા એટલે બધું છોડીને બેસી જવું. પણ કૃષ્ણ કહે છે, 'અર્જુન, આ દુનિયામાં કોઈ પણ માણસ એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી.' શ્વાસ લેવો એ પણ કર્મ છે અને વિચારવો એ પણ કર્મ છે.

જો તમે કોઈ જવાબદારીથી ભાગવા માટે 'મારે તો શાંતિ જોઈએ છે' એવું કહો છો, તો એ શાંતિ નથી પણ કાયરતા છે. કૃષ્ણ સમજાવે છે કે મનથી કામનાઓ કરવી અને બહારથી ઢોંગ કરવો એના કરતાં મેદાનમાં ઉતરીને પરસેવો પાડવો એ શ્રેષ્ઠ ભક્તિ છે.

૨. 'કર્મણ્યેવાધિકારસ્તે...' પરિણામનું ટેન્શન કે કામનું પેશન?

આ ગીતાનો સૌથી વધુ જાણીતો અને સૌથી વધુ ગેરસમજાયેલો શ્લોક છે. કૃષ્ણ કહે છે કે તારો અધિકાર માત્ર 'કર્મ' પર છે, 'ફળ' પર નહીં. આ વાત આજે આપણને 'ડી-મોટિવેટિંગ' લાગે, પણ હકીકતમાં આ સ્ટ્રેસ મેનેજમેન્ટ નું સૌથી મોટું સૂત્ર છે.નદી ક્યારેય એવું નથી પૂછતી કે મેં આટલા ગામડાઓને



પાણી પાયું તો મને બદલામાં શું મળ્યું? વહેવું એ એનો સ્વભાવ છે. જે ક્ષણે નદી વહેવાનું બંધ કરી દે, તે ક્ષણે તે ગંદુ ખાબોચિયું બની જાય છે. એમ જ, માણસ જ્યારે ફળની આશામાં કામ કરવાનું છોડી દે છે, ત્યારે તેનું જીવન સ્થગિત થઈ જાય છે.

પરિણામની ચિંતા એ ભવિષ્યની ઉધઈ છે, જે તમારા વર્તમાનની શક્તિને ખાઈ જાય છે.

૩. નિ:સ્વાર્થ સેવા: 'સેલ્ફી' મોડમાંથી 'સેવા' મોડમાં

કૃષ્ણ ત્રીજા અધ્યાયમાં 'યજ્ઞ'ની વાત કરે છે. અહીં યજ્ઞ એટલે માત્ર અગ્નિમાં આહુતિ આપવી એવું નથી, પણ તમારા દરેક કાર્યને સમાજ માટે આહુતિ બનાવવી તે છે.

જે રીતે વાદળ સમુદ્રમાંથી પાણી લે છે અને વરસાદ સ્વરૂપે પાછું આપે છે, જે રીતે વૃક્ષો આપણને ફળ આપે છે પણ પોતે ખાતા નથી તે કુદરતનો કર્મયોગ છે. જ્યારે તમે માત્ર 'મારું શું?' વિચારીને કામ કરો છો ત્યારે તમે બંધનમાં પડો છો, પણ જ્યારે તમે 'સમાજનું શું?' વિચારીને કામ કરો છો ત્યારે તમે મુક્ત થઈ જાઓ છો.

૪. કયો દુશ્મન આપણા ખિસ્સા માં છુપાયેલો છે?

અધ્યાયના અંતે અર્જુન બહુ પ્રેક્ટિકલ સવાલ પૂછે છે ભગવાન, માણસ ઈચ્છતો ન હોવા છતાં પાપ કે ભૂલ કેમ કરી બેસે છે? જાણે કોઈ તેને પરાણે ખેંચતું હોય! ત્યારે કૃષ્ણ જીવનના સૌથી મોટા વિલનનો પરિચય કરાવે છે કામ (વાસના/ઈચ્છા) અને ક્રોધ.આ એવા અગ્નિ છે જે ક્યારેય તૃપ્ત થતા નથી. જેમ ધુમાડો અગ્નિને ઢાંકી દે છે, તેમ અનંત ઈચ્છાઓ આપણી બુદ્ધિને ઢાંકી દે છે.

ઈન્દ્રિયો કરતાં મન મોટું છે, મન કરતાં બુદ્ધિ મોટી છે અને બુદ્ધિ કરતાં 'આત્મા' મોટો છે. બુદ્ધિથી મન પર કંટ્રોલ મેળવવો એ જ સાચો વિજય છે. તમારું કામ એ જ તમારી ઓળખ કર્મયોગ આપણને શીખવે છે કે દુનિયા છોડવાની જરૂર નથી, બસ કામ કરવાની રીત બદલવાની જરૂર છે. તમે ડોક્ટર હોવ, એન્જિનિયર હોવ, ગૃહિણી હોવ કે વિદ્યાર્થી જો તમે તમારા કાર્યને 'ઈશ્વરની સેવા' સમજીને કરશો, તો તમારો થાક ઉત્સાહમાં બદલાઈ જશે.યાદ રાખજો બજારમાં હજારો પુસ્તકો વેચાય છે, પણ 'ગીતા' વંચાય છે, કારણ કે તે આપણને મરતા નઈ, પણ જીવતા શીખવે છે! મન થી સંકલ્પ કરીએ આજે હું જે પણ કામ કરીશ (ચાહે તે નાનું હોય કે મોટું), તે પરિણામની ચિંતા કર્યા વગર પૂરા મનથી અને ઈમાનદારીથી કરીશ. કારણ કે મારા રથનો સારથિ તો મારો 'કાનુડો' છે!

(ક્રમશ: આગામી અધ્યાય ૪ માં આપણે જાણીશું 'જ્ઞાનકર્મસંન્યાસ યોગ' કેવી રીતે જ્ઞાનની અગ્નિ આપણા પાપોને ભસ્મ કરી શકે છે?)

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

ધુમ્મસની ચાદર :સુરેન્દ્રનગર 41.2C સાથે સૌથી ગરમ, અનેક શહેરોનું વાતાવરણ વાદળછાયું રહી શકે; 3 દિવસ માવઠાની આગાહી

# સુરતના તાપમાનમાં 4Cનો વધારો, શહેર 'ધુમ્મસની ચાદર'માં લપેટાયું

## સુરતમાં આજે (18 એપ્રિલ) વહેલી સવારે કુદરતનું અનોખું રૂપ જોવા મળ્યું હતું. શહેર ગાઢ ધૂમમ્સના આઘોશમાં જોવા મળ્યું હતું

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના સુરત સિવાય અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના 6 શહેરોમાં ગરમીનો પારો 40Cને પાર પહોંચી ગયો છે. રાજકોટને પાછળ છોડીને સુરેન્દ્રનગર 41.2C સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. છેલ્લા 24 કલાકમાં સુરતના મહત્તમ તાપમાનમાં 4Cનો વધારો નોંધાયો છે, જ્યારે ભાવનગરમાં 2Cનો વધારો થયો છે. બીજી તરફ, ગાંધીનગર અને રાજકોટના તાપમાનમાં 1Cનો ઘટાડો નોંધાયો છે. 19થી 21 એપ્રિલ દરમિયાન કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોમાં તાપમાન 2થી 4 ડિગ્રી ઘટી શકે છે. આજે અનેક શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

સુરતમાં આજે (18 એપ્રિલ) વહેલી સવારે કુદરતનું અનોખું રૂપ જોવા મળ્યું હતું. શહેર ગાઢ ધૂમમ્સના આઘોશમાં જોવા મળ્યું હતું. વહેલી સવારે વિઝિબિલિટી એટલી ઓછી થઈ ગઈ હતી કે સામેની બિલ્ડિંગો પણ દેખાતી બંધ થઈ ગઈ હતી, જેના કારણે વાહનચાલકો અને નોકરીયાત વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાંચો સંપૂર્ણ સમાચાર

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા મુજબ, હાલમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જેનો પ્રભાવ ઉત્તર-પશ્ચિમ ભાગોમાં જોવા મળી રહ્યો છે. સાથે-સાથે, દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાન અને આસપાસના રાજસ્થાન વિસ્તારમાં સમુદ્ર સપાટીથી આશરે 0.9 કિમી ઊંચાઈએ ચક્રવાતી પરિભ્રમણ રચાયું છે. તેમજ ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ સુધી ટ્રફ લાઈન પસાર થઈ રહી છે, જે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર લાવી શકે છે. વરસાદની આગાહી મુજબ, 19થી 21 એપ્રિલ વચ્ચે સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. માછીમારો માટે રાહતની વાત એ છે કે, આગામી પાંચ દિવસ માટે કોઈ ખાસ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. દરિયાકાંઠા વિસ્તારોમાં પવનની ગતિ 15થી 20 નોટ્સ વચ્ચે રહેવાની સંભાવના છે.

હવામામ નિષ્ણાત અંબાલાલ પટેલ આગાહી કરતા કહ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે 19, 20 અને 21 એપ્રિલે બોટાદ, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવશે અને પ્રી મોન્સૂન એક્ટિવિટીનો વરસાદ થઈ શકે છે. પંચમહાલના ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. દરિયો તોફાની બનવાની સાથે



દક્ષિણ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કરા પડવાની પણ સંભાવના છે.

આગામી 26, 27, 28 એપ્રિલના રોજ વધુ ગરમી પડવાની આગાહી છે. રાજ્યમાં એપ્રિલના અંતમાં મહત્તમ તાપમાન 42થી 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ શકે છે. 29 એપ્રિલથી લગભગ મેની શરૂઆતમાં ફરી હવામાનમાં પલટો આલશે, જેમાં 11થી 20 મેમાં અરબસાગરમાં હલચલ જોવા મળશે. 23 મે આસપાસ દરિયામાં ઊંચા મોજા ઉછળી શકે. મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં અરબસાગરમાં ફરી એક હલચલ જોવા મળશે.

રાજસ્થાન-યુપીમાં હીટવેવ વચ્ચે વરસાદ, દિલ્હીમાં તાપમાન 10C સુધી ઘટ્યું દેશના લગભગ તમામ રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે. આ દરમિયાન રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીમાં શુક્રવારે વરસાદે થોડી રાહત આપી છે. તેમ છતાં આ રાજ્યોમાં પારો 40C થી ઉપર રહ્યો. રાજસ્થાનના બાડમેરમાં દિવસનું તાપમાન 42.9C અને જેસલમેરમાં 42.8C નોંધાયું. દિલ્હીમાં પણ 41C પારો સાથે ગઈકાલનો દિવસ આ વર્ષનો સૌથી ગરમ રહ્યો. જોકે, સાંજે હળવા વરસાદથી તાપમાન 7થી 10C સુધી ઘટી ગયું. હવામાન વિભાગ અનુસાર, આગામી 2-3 દિવસમાં ફરી તાપમાન વધી શકે છે અને હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. દેશના લગભગ તમામ રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે. આ દરમિયાન રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીમાં શુક્રવારે વરસાદે થોડી રાહત આપી છે. તેમ છતાં આ રાજ્યોમાં પારો 40C થી ઉપર રહ્યો. રાજસ્થાનના બાડમેરમાં દિવસનું તાપમાન 42.9C અને જેસલમેરમાં 42.8C નોંધાયું.

યુપીના ગાઝિયાબાદ અને મુઝફ્ફરનગરમાં પણ વરસાદ થયો. લગભગ 16 જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40C અથવા તેનાથી વધુ રહ્યું, જેના કારણે હીટવેવની સ્થિતિ રહી. પ્રયાગરાજ, વારાણસી સહિત 50 શહેરોમાં ભીષણ ગરમી પડી. હવામાન વિભાગે જણાવ્યું છે કે રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી તાપમાન 2-3C વધુ વધશે.

અહીં દિલ્હીમાં પણ 41C પારો સાથે ગઈકાલનો દિવસ આ વર્ષનો સૌથી ગરમ રહ્યો. જોકે, સાંજે હળવા વરસાદથી તાપમાન 7 થી 10C સુધી ઘટી ગયું. હવામાન વિભાગ અનુસાર, આગામી 2-3 દિવસમાં ફરી તાપમાન વધી શકે છે અને હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. મધ્ય પ્રદેશ અને ઓડિશાના ઘણા જિલ્લાઓમાં તાપમાન 43.5C ને પાર પહોંચી ગયું છે. MP ના 13 જિલ્લાઓમાં શાળાઓનો સમય સવારે 7:30 વાગ્યાથી કરી દેવામાં આવ્યો છે. ઓડિશાના બોલાંગીર, સુબર્ણપુર અને કલાહાંડી જિલ્લાઓમાં 21 એપ્રિલ સુધી તમામ શાળાઓ, કોલેજો અને આંગણવાડી કેન્દ્રો બંધ રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના સુરત સિવાય અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના 6 શહેરોમાં ગરમીનો પારો 40Cને પાર પહોંચી ગયો છે. રાજકોટને પાછળ છોડીને સુરેન્દ્રનગર 41.2C સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. છેલ્લા 24 કલાકમાં સુરતના મહત્તમ તાપમાનમાં 4Cનો વધારો નોંધાયો છે, જ્યારે ભાવનગરમાં 2Cનો વધારો થયો છે. બીજી તરફ, ગાંધીનગર અને રાજકોટના તાપમાનમાં 1Cનો ઘટાડો નોંધાયો છે.

SMCની ટીમે આ કામગીરીને રૂટિન અને ચૂંટણી આચારસંહિતાના પાલનનો ભાગ ગણાવ્યો હતો

# 'ભાજપના દબાણ દેખાતા નથી?, દલાલી બંધ કરો':બેનરો-ઝંડા હટાવવા મુદ્દે AAP અને મ્યુ. કોર્પોરેશન વચ્ચે ભારે હોબાળો

ઉગ્ર ઘર્ષણ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને સુરત મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ

• સુરત

સુરતના વરાછા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને સુરત મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. વોર્ડ નંબર 3માં AAPના ચૂંટણી કાર્યાલય પાસે લાગેલા બેનરો અને ઝંડા ઉતારવા આવેલી ટીમનો કાર્યકરોએ વિરોધ કરી ભાજપના ઈશારે કામગીરી થતી હોવાનો આક્ષેપ કર્યો હતો.ઘટનાસ્થળે હાજર AAPના કાર્યકરોએ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, શહેરમાં અનેક જગ્યાએ ભાજપના ગેરકાયદે બેનરો અને ઝંડા લાગેલા છે,



ત્યાં તમારી ટીમ કેમ નથી જતી? કાર્યકરોએ સીધો આક્ષેપ કર્યો હતો કે, શાસક પક્ષના ઈશારે જાણીજોઈને આમ આદમી પાર્ટીના પ્રચાર સાહિત્યને ટાર્ગેટ કરવામાં આવી રહ્યું છે. કાર્યકરોએ અધિકારીઓને ભાજપના કાર્યાલય પર જઈને પણ તપાસ કરવા પડકાર ફેંક્યો હતો. કોર્પોરેશનના કર્મીઓ ભાજપના ઈશારે કામ કરતા હોવાનો AAP નેતાનો આક્ષેપ.SMCની ટીમે આ કામગીરીને રૂટિન અને ચૂંટણી આચારસંહિતાના પાલનનો ભાગ ગણાવ્યો હતો. જોકે, AAPના કાર્યકરોએ દલીલ કરી હતી કે, તેમની પાસે ઓફિસ અને પ્રચાર માટેની તમામ જરૂરી મંજૂરીઓ છે. આ દરમિયાન 'ભાજપની દલાલી બંધ કરો' જેવા ઉગ્ર સૂત્રોચ્ચારથી વાતાવરણ તંગ બની ગયું હતું. મામલો એટલો બિચક્યો હતો કે કામગીરી કર્યા વિના જ પરત ફરવું પડતું હતું.આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાઈરલ થયો છે. જેમાં AAPના ઉમેદવાર અને કાર્યકરો મ્યુનિસિપલ કોર્પોરેશનની ગાડી અટકાવતા અને અધિકારીઓ સાથે દલીલ કરતા નજરે પડે છે. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાને લઈને મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. ચૂંટણીના આ માહોલમાં વહીવટી તંત્રની નિષ્પક્ષતા સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.આપના કાર્યકરે કેમેરા સામે જણાવ્યુ હતું કે, અમે ઈમાનદારીથી કામ કર્યું છે એટલે ભાજપ ગભરાઈ ગયું છે. જનતા બધું જોઈ રહી છે અને આ વખતે મતના માધ્યમથી જવાબ આપશે. બીજી તરફ SMC તંત્રનું કહેવું છે કે કોઈ પણ પક્ષના ગેરકાયદે દબાણો ચલાવી લેવામાં આવશે નહીં. હવે જોવાનું એ રહેશે કે આ વિવાદ આગામી મતદાન પર કેટલી અસર પાડે છે.

# મારી સાથે રહે નહીતર તારા મા-બાપ અને બાળકોને મારી નાખીશ

## રાજકોટમાં નંબર પ્લેટ વગરની થારમાં આવી પૂર્વ પતિએ પત્નીને ધમકાવી

• રાજકોટ

રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં છૂટાછેડા લીધા હોવા છતાં એક પૂર્વ પતિએ તેની પત્નીને બળજબરીથી પોતાની સાથે રહેવા મજબૂર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી છે. શીતલ પાર્ક વિસ્તારમાં રહેતી મહિલાના ઘરે તેનો પૂર્વ પતિ અલ્તાફ ખિયાણી નંબર પ્લેટ વગરની કાળા રંગની થાર ગાડી લઈને પહોંચ્યો હતો અને શેરી વચ્ચે બેફામ ગાળાગાળી કરી હોબાળો મચાવ્યો હતો.આરોપીએ મહિલાને ધમકાવતા કહ્યું હતું કે, 'જો તું મારી સાથે પાછી નહીં રહે, તો તારા મા-બાપ અને બાળકોને મારી નાખીશ.' આ મામલે પીડિત મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.ફરિયાદી મહિલાના જણાવ્યા અનુસાર, વર્ષ 2015માં તેના પ્રથમ લગ્ન થયા હતા, જેનાથી તેને બે સંતાનો છે. 2023માં પ્રથમ પતિ સાથે છૂટાછેડા થયા બાદ તેણે ફેબ્રુઆરી 2025માં અલ્તાફ ખિયાણી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જોકે, લગ્નના છ મહિનામાં જ મનમેળ



ન બેસતા અને અવારનવાર ઝઘડા થતા હોવાથી બંનેએ કાયદેસર રીતે છૂટાછેડા લીધા હતા.ગઈકાલે સાંજે અંદાજે 5 વાગ્યાના સુમારે અલ્તાફે મહિલાને ફોન કરી તેની જાણકારી મેળવી હતી. ત્યારબાદ તે તાત્કાલિક નંબર પ્લેટ વગરની કાળી થાર ગાડી લઈને મહિલાના ઘર પાસે પહોંચી ગયો હતો. મહિલાના પિતાએ તેને ત્યાં આવવાની ના પાડતા અલ્તાફ ઉશ્કેરાઈ ગયો હતો અને પરિવાર સમક્ષ બેફામ ગાળાગાળી કરવા લાગ્યો હતો.આરોપી અલ્તાફે મહિલા પર દબાણ લાવતા ધમકી આપી હતી કે, 'જો તું ફરી મારી સાથે રહેવા નહીં આવે, તો હું તને, તારા માતા-પિતા અને તારા બાળકોને મારી નાખીશ.' હોબાળો વધતા મહિલાનો ભાઈ સમજાવવા વચ્ચે પડ્યો હતો, પરંતુ આરોપી કોઈ વાત સમજવા તૈયાર નહોતો અને શેરી વચ્ચે હોબાળો ચાલુ રાખ્યો હતો.મહિલાની ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસે અલ્તાફ બસીર ખિયાણી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસ અત્યારે આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરી રહી છે અને ફરાર આરોપીની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# 3 વર્ષના ગુમ બાળકને વરાછા પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યું

## હસતા-રમતા આવેલા દીકરાને જોઈને માતા-પિતાની આંખો હર્ષના આંસુથી છલકાઈ

• સુરત

સુરત શહેરના વરાછા વિસ્તારમાં જવાહરનગર સોસાયટી પાસે ઘર આંગણે રમતા-રમતા ગુમ થયેલા ત્રણ વર્ષના માસૂમ બાળકને વરાછા પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે. સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયાના વ્યાપક ઉપયોગ દ્વારા પોલીસે આ સફળ કામગીરી પાર પાડી છે.મળતી માહિતી પ્રમાણે, વરાછાની જવાહરનગર સોસાયટીમાં રહેતા મુન્નાકુમાર મહંતો જેઓ સિલાઈ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેઓ ગત રોજ બપોરે દોઢ વાગ્યાના સુમારે ઘરે જમવા આવ્યા હતા. આ સમયે તેમનો 3 વર્ષનો પુત્ર કાર્તિક ઘર પાસે રમી રહ્યો હતો. જોકે, થોડી જ વારમાં કાર્તિક અચાનક નજરથી ઓઝલ થઈ ગયો હતો. પરિવારે આસપાસના વિસ્તારમાં ભારે શોધખોળ કરી હોવા છતાં બાળકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે ગભરાયેલા પિતાએ વરાછા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. બાળક ગુમ થયાની ગંભીરતાને સમજીને વરાછા પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પીએસઆઈ એ.જી. પરમાર અને તેમની સર્વેલન્સ ટીમે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે ટૂંકા સમયમાં આશરે 52 જેટલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા.સીસીટીવી ફૂટેજની સાથે-સાથે પોલીસે બાળકના ફોટા સોશિયલ મીડિયાના ગ્રુપોમાં વાયરલ કર્યા હતા અને સ્થાનિક વિસ્તારમાં લાઉડસ્પીકર દ્વારા એનાઉન્સમેન્ટ પણ શરૂ કરાવ્યું હતું. ટેકનિકલ સર્વેલન્સ અને માનવીય સ્ત્રોતો (હ્યુમન સોર્સ) ની મદદથી પોલીસને ચોક્કસ કડી મળી હતી કે બાળક રણજીતનગર વિસ્તારમાં જોવા મળ્યું છે.

# RTEમાં 9172 ભૂલકાંઓ પ્રવેશમાંથી બહાર

## શહેરનાં 4માંથી 2 ફોર્મમાં ઓલપાડનો દાખલો

• સુરત

આરટીઈમાં વાલીઓની ઉતાવળથી ભૂલકાઓ પ્રવેશ પ્રક્રિયામાંથી બહાર ફેંકાઈ રહ્યા છે. આવકના દાખલામાં શહેરને બદલે ઓલપાડનો સિક્કો અને સબ-રજિસ્ટ્રાર વિનાના ભાડા કરારને કારણે 9,172 બાળકો પ્રવેશમાંથી બહાર ફેંકાયા છે.શહેરમાં 19% અને ગ્રામ્યમાં 34% ફોર્મ રિજેક્ટ થતા વાલીઓમાં ચિંતા વધી છે, જેના કારણે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ વાલીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.અનેક વાલીઓના ડોક્યુમેન્ટ્સ તૈયાર ન હોવાથી તેમના બાળકો પ્રવેશથી વંચિત રહ્યા છે. જેથી શિક્ષણ વિભાગે વાલીઓના હિતને જોતા ફોર્મ ભરવાની મુદત 23 એપ્રિલ કરી છે. હવે રજિસ્ટ્રેશન 40 હજારથી વધીને 55 હજારને પાર પહોંચી શકે છે. 40,356માંથી 9,172 ફોર્મ રદ થવા પાછળ વાલીઓની ટેકનિકલ ભૂલ બહાર આવી છે. 16,881 બેઠકો સામે 28,402 માન્ય અરજીઓ અને હજુ વધનારા ફોર્મ જોતા આગામી દિવસમાં એડમિશન મેળવવું હવે નસીબનો ખેલ જેવું બની ગયું છે.

કામની વાત | આ કેસોથી જાણો કે વાલીઓ કઈ કઈ ભૂલ કરી રહ્યા છે કેસ નંબર-1: વરાછામાં રહેતા વાલીએ ઓલપાડનો તલાટીનો દાખલો રજૂ કરી દીધો હતો. જેને કારણે તેમના બાળકનું ફોર્મ રિજેક્ટ થયું હતું.\ કેસ નંબર-2: અડાજણમાં ભાડે રહેતા વાલીએ સબ-રજિસ્ટ્રાર કચેરીનું રજીસ્ટ્રેશન વિવાનું ભાડા કરાર રજૂ કરતા બાળક રેસમાંથી બહાર થયું.


લવ મેરેજ બાદ માવતર પક્ષએ બોલાવવાનું બંધ કર્યું, ડિપ્રેશનમાં પરિણીતાએ ઝેરી દવા પીધી

# રાજકોટમાંથી વધુ બે બાંગ્લાદેશી મહિલા ઝડપાઈ

• રાજકોટ

રાજકોટ શહેરના ઉષાબેન રવિભાઈ મહેતા (ઉં.વ. 36) એ ગઈકાલે બપોરે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેમને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે, ઉષાબેને દોઢ વર્ષ પહેલાં પ્રથમ પતિથી છૂટાછેડા લીધા બાદ રવિભાઈ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ લગ્ન ઉષાબેનના માવતર પક્ષને મંજૂર ન હોવાથી માતા સહિતના પિયર પક્ષના સભ્યોએ તેમની સાથેના તમામ વ્યવહારો તોડી નાખ્યા હતા. પરિવારના આ અસ્વીકારને કારણે પરિણીતા લાંબા સમયથી ડિપ્રેશનમાં હતી, જેના લીધે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

રાજકોટ: રાજકોટ શહેર SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) એ રૈયા



ચોકડી પાસેથી ગેરકાયદેસર રીતે રહેતી બે બાંગ્લાદેશી મહિલાઓને ઝડપી પાડી છે. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ બંને મહિલાઓ છેલ્લા દોઢ વર્ષથી કોઈ પણ કાયદેસરના આધાર પુરાવા વગર અહીં મજૂરી કામ અર્થે વસવાટ કરતી હતી. SOG દ્વારા આ બાબતે અન્ય તપાસ એજન્સીઓને જાણ કરવામાં આવી છે અને બંને મહિલાઓને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા 10 મહિનામાં રાજકોટમાંથી કુલ 38 બાંગ્લાદેશી નાગરિકો (29 મહિલા, 6 પુરુષ અને 3 બાળકો) ને ઝડપી પાડી ડિપોર્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટ: મનસુખભાઈ છાપીયા ટાઉનશીપમાં રહેતી અલ્ફીઝા ઠાસરીયા નામની 25 વર્ષીય સગર્ભા મહિલાએ તેના પતિ અને સાસુ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. ફેબ્રુઆરીમાં પ્રેમ લગ્ન કર્યા બાદ સાસુ ઘરકામ બાબતે મેણાટોણા મારતા હતા અને પતિ અન્ય યુવતીઓ સાથેના સંબંધો બાબતે ઠપકો આપતા મારપીટ કરતો હતો. તાજેતરમાં પતિ મોરબી જવાનો હોવાથી ત્રણ મહિનાનો ગર્ભ ધરાવતી અલ્ફીઝાએ તેના જંગલેશ્વર સ્થિત દાદીના ઘરે જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ વાત પર ઉશ્કેરાઈને પતિ ફેઝલે 'માવતર પક્ષ સાથે સંબંધ રાખવાનો નથી' તેમ કહી પત્નીને માર માર્યો હતો અને દાદીના ઘર પાસે મૂકીને જતો રહ્યો હતો. આ મામલે તાલુકા પોલીસે પતિ ફેઝલ અને સાસુ કુલસુમબેન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## કેમરન ગ્રીને ફટકારી '5 લાખ'ની એક સિક્સર:ડાયરેક્ટ કાર સાથે અથડાયો બોલ, ચક્રવર્તીએ સિઝનની પહેલી વિકેટ લીધી

### IPLની 25મી મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઇટ રાઇડર્સને હરાવ્યા



IPLની 25મી મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઇટ રાઇડર્સને હરાવ્યા. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કેમરન ગ્રીનના છગ્ગા પર બોલ કાર સાથે અથડાયો. વોશિંગ્ટન સુંદરે સરળ કેચ છોડ્યો, જ્યારે જોસ બટલરે સ્ટમ્પિંગની તક ગુમાવી દીધી. વરુણ ચક્રવર્તીએ 19મી સિઝનમાં પોતાની પ્રથમ વિકેટ લીધી.પાંચમી ઓવરમાં કેમરન ગ્રીન DRS લેવાને કારણે આઉટ થવાથી બચી ગયા. ઓવરના ચોથા બોલ પર મોહમ્મદ સિરાજે બાઉન્સર ફેંક્યો. બોલ વિકેટકીપર પાસે ગયો, ગુજરાતે કોટ બિહાઇન્ડની અપીલ કરી અને અમ્પાયરે આઉટ આપ્યો. ગ્રીને રિવ્યુ લીધો, રિપ્લેમાં જોવા મળ્યું કે બોલ બેટને લાગ્યો ન હતો. ગ્રીન નોટઆઉટ રહ્યા અને DRSમાં બચી ગયા.

13મી ઓવરમાં કેમરન ગ્રીને સિક્સર ફટકારી, જેના પર બોલ સ્ટેડિયમમાં ઉભેલી કાર પર લાગ્યો. ઓવરનો ત્રીજો બોલ અશોક શર્માએ ધીમો ફેંક્યો. ગ્રીન આગળ નીકળીને મિડ-વિકેટ તરફ સિક્સર ફટકારી. બોલ 'ટાટા સિયેરા' કાર પર લાગ્યો, જેનાથી ગાડી પર નિશાન પડી ગયું.

'ટાટા' IPLની ટાઈટલ સ્પોન્સર કંપની છે. કાર પર બોલ લાગ્યા પછી કંપની દ્વારા ચેરિટી માટે 5 લાખ રૂપિયાનું ડોનેશન આપવામાં આવે છે. ટુર્નામેન્ટમાં સૌથી વધુ સ્ટ્રાઈક રેટ ધરાવતા પ્લેયરને ફાઈનલ પછી એવોર્ડ તરીકે કાર પણ આપવામાં આવે છે.14મી ઓવરમાં વોશિંગ્ટન સુંદરે સરળ કેચ છોડી દીધો. ઓવરના ત્રીજા બોલ પર રાશિદ ખાને ગુડ લેન્થ પર બોલ ફેંક્યો. કેમરન ગ્રીને સ્વીપ શોટ રમ્યો, પરંતુ બોલ સ્ક્વેર લેગ તરફ હવામાં ઉછળી ગયો. સુંદર દોડતા બોલ પાસે પહોંચ્યો, પરંતુ કેચ પકડી શક્યો નહીં. જીવનદાન મળ્યું ત્યારે ગ્રીન 62 રનના સ્કોર પર હતો. આનાથી અગાઉના બોલ પર વિકેટકીપર જોસ બટલરથી પણ મુશ્કેલ કેચ છૂટી ગયો હતો.20મી ઓવરમાં જોસ બટલરે સ્ટમ્પિંગની તક પણ ગુમાવી દીધી. ઓવરના પાંચમા બોલે રાશિદ ખાને ફુલર લેન્થ ફ્લિપર ફેંક્યો. કેમરન ગ્રીન આગળ નીકળીને મોટો શોટ રમવા ગયો, પરંતુ ચૂકી ગયો. બોલ વિકેટકીપર બટલર તરફ ગયો, પરંતુ તે બોલ પકડી શક્યો નહીં. બોલ બાઉન્ડ્રીની પાર જતો રહ્યો. 3 જીવનદાન બાદ ગ્રીન 79 રન બનાવીને આઉટ થયો.

ગુજરાતની બેટિંગમાં કોલકાતાના અનુકૂલ રોયે પાવરપ્લેની એક ઓવરમાં 20 રન ખર્ચ કર્યા. લેફ્ટ આર્મ સ્પિનર ત્રીજી ઓવરમાં બોલિંગ કરવા આવ્યા. બીજા બોલ પર શુભમન ગિલે ઈનસાઈડ આઉટ શોટ રમ્યો અને કવર્સની દિશામાં છગ્ગો ફટકાર્યો. સાઈ સુદર્શને પછી ચોથા અને છટ્ઠા બોલ પર લેગ સાઈડની દિશામાં વધુ 2 સિક્સર ફટકારી. ઓવરમાં 3 છગ્ગાની મદદથી 20 રન બન્યા.શુભમન ગિલે સાઈ સુદર્શન સાથે મળીને અનુકૂલ રોયની ઓવરમાં 20 રન બનાવ્યા.10મી ઓવરમાં કોલકાતાના વરુણ ચક્રવર્તીએ જોસ બટલરને કેચ આઉટ કરાવ્યો. તેણે ઓવરનો પહેલો બોલ ફુલર લેન્થ ફેંક્યો, બટલર સિક્સર મારવા ગયો, પરંતુ લૉંગ ઓન પર કેમરન ગ્રીનના હાથે કેચ આઉટ થઈ ગયો. આ ચક્રવર્તીની સિઝનની પ્રથમ વિકેટ હતી. આ પહેલા ચેન્નઈ, હૈદરાબાદ અને મુંબઈ સામે તેને વિકેટ મળી ન હતી. તે IPL પહેલા જ ટી-20 વર્લ્ડ કપમાં ટોપ વિકેટ ટેકર રહ્યો હતો.

નિધન

ગીલની ગુંજ કોલકાતા સુધી ગાજી; GTની ટોપ 4માં એન્ટ્રી

# ગુજરાતે જીતની હેટ્રિક અમદાવાદમાં લગાવી:પાંચ વિકેટે KKRને હરાવ્યું

### ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી કોલકાતા તરફથી કેમેરન ગ્રીને 55 બોલમાં 7 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 79 રન બનાવ્યા હતા

ગુજરાત ટાઈટન્સે IPLની વર્તમાન સીઝનમાં સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે શુક્રવારે કોલકાતા નાઈટ રાઈડર્સને 5 વિકેટથી હરાવ્યું હતું. અમદાવાદમાં 181 રનનો ટાર્ગેટ ગુજરાતે 19.4 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા કોલકાતાની ટીમ 20 ઓવરમાં 180 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે રન ચેઝને એકતરફી બનાવી દીધો હતો. તેણે 50 બોલમાં 86 રનની શાનદાર ઈનિંગ રમી હતી. તે સાઈ સુદર્શન સાથે ઓપનિંગમાં ઉતર્યા હતા અને બંનેએ 31 બોલમાં 57 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. ગિલે બટલર સાથે 38 રન અને સુંદર સાથે 46 રનની ભાગીદારી નોંધાવી હતી. ગિલ સિવાય સાઈ સુદર્શને 22, બટલરે 25 અને સુંદરે 13 રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી વરુણ ચક્રવર્તીને 2 વિકેટ મળી હતી. ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી કોલકાતા તરફથી કેમેરન ગ્રીને 55 બોલમાં 7 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 79 રન બનાવ્યા હતા. જોકે, ટીમનો અન્ય કોઈ બેટ્સમેન 30 રનનો આંકડો પણ પાર કરી શકી નહોતી.



ગુજરાત તરફથી કગીસો રબાડાએ સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી. મોહમ્મદ સિરાજ અને અશોક શર્માને 2-2 વિકેટ મળી હતી, જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણા અને રાશિદ ખાનના ફાળે એક-એક વિકેટ આવી હતી. 20મી ઓવરના ચોથા બોલ પર શાહરૂખ ખાને બે રન લઈને પોતાની ટીમને જીત અપાવી હતી. ગુજરાતે આ મેચ 5 વિકેટથી જીતી લીધી છે.

ગુજરાતને જીતવા માટે છેલ્લી 6 બોલમાં 5 રનની જરૂર છે. વૈભવ અરોરાએ 19મી ઓવરમાં માત્ર 6 રન આપ્યા હતા. આ તમામ રન સિંગલ-ડબલ (એક-બે રન) દ્વારા આવ્યા હતા. 17મી ઓવરના છેલ્લા બોલ પર ગુજરાતે ચોથી વિકેટ ગુમાવી છે. કેપ્ટન શુભમન ગિલ 86 રન બનાવીને આઉટ થયો. તેને વૈભવ અરોરાએ કેમેરન ગ્રીનના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. 15મી ઓવરના ત્રીજા બોલ પર ગુજરાતે ત્રીજી વિકેટ ગુમાવી. વોશિંગ્ટન સુંદર 13 રન બનાવીને આઉટ થયો. તેને વરુણ ચક્રવર્તીએ કાર્તિક ત્યાગીના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ચક્રવર્તીએ આ પહેલા બટલરને પણ આઉટ કર્યો હતો 14મી ઓવરમાં કાર્તિક ત્યાગીએ 16 રન ખર્ચ્યા. તેની ઓવરમાં ગિલે છગ્ગો અને સુંદરે ચોગ્ગો ફટકાર્યો હતો. 11મી ઓવરના પહેલા બોલ પર શુભમન ગિલે હાફ સેન્ચુરી પૂરી કરી છે. તેમણે માત્ર 27 બોલમાં અર્ધશતક ફટકારી. ગુજરાતની ટીમે 100 રનનો આંકડો પણ હાંસલ કરી લીધો છે. 10મી ઓવરના પહેલા બોલ પર ગુજરાતે બીજી વિકેટ ગુમાવી છે. જોસ બટલર 25 રન બનાવીને આઉટ થયો. વરુણ ચક્રવર્તીએ તેને કેમેરન ગ્રીનના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. વરુણ ચક્રવર્તીને આ સીઝનની પ્રથમ વિકેટ મળી. તેણે KKR (કોલકાતા નાઈટ રાઈડર્સ) માટે પોતાની 100 વિકેટ પણ પૂરી કરી લીધી છે. 9મી ઓવરમાં જોસ બટલરના ખભા પર કાર્તિક ત્યાગીનો બાઉન્સર બોલ વાગ્યો હતો. બટલર આ બોલ પર પુલ શોટ રમવા માંગતા હતા, પરંતુ બોલની ગતિ સામે થાપ ખાઈ ગયો અને બોલ સીધો તેના ખભા પર લાગ્યો. જોકે, તેણે બેટિંગ કરવાનું ચાલુ રાખ્યું હતું. છટ્ઠી ઓવરના પહેલા બોલ પર ગુજરાતે પહેલી વિકેટ ગુમાવી. સાઈ સુદર્શન 22 રન બનાવીને આઉટ થયો. તેને સુનીલ નારાયણે કાર્તિક ત્યાગીના હાથે કેચ આઉટ કરાવ્યો. 57 રનની ઓપનિંગ પાર્ટનરશીપ તૂટી. ગુજરાતની ટીમ પાવરપ્લેમાં એક વિકેટ ગુમાવવા છતાં 71 રન બનાવવામાં સફળ રહી. અત્યારે કેપ્ટન ગિલ અને બટલરની જોડી ક્રીઝ પર છે. 5મી ઓવરમાં ગુજરાતે 50 રનનો આંકડો પાર કરી લીધો છે. શુભમન ગિલે વૈભવ અરોરાના બીજા બોલ પર છગ્ગો ફટકારીને ટીમનો સ્કોર 50ને પાર પહોંચાડી દીધો. વૈભવની આ ઓવરમાંથી કુલ 12 રન આવ્યા. બીજી ઓવરમાં કાર્તિક ત્યાગીએ 150 kmphની ઝડપે બોલ ફેંક્યો હતો. જોકે, આ બોલ પર 3 રન બન્યા હતા. ત્યાગીની આ ઓવરમાંથી કુલ 11 રન આવ્યા. તેની ઓવરના છેલ્લા બે બોલ પર શુભમન ગિલે સતત બે ચોગ્ગા ફટકાર્યા હતા.વૈભવ અરોરાએ કોલકાતા માટે પહેલી ઓવર ફેંકી હતી. તેણે આ ઓવરમાં 9 રન આપ્યા. તેની ઓવરના ચોથા બોલ પર કેપ્ટન શુભમન ગિલે ચોગ્ગો ફટકાર્યો હતો.

રધરફોર્ડનું બેટ તૂટ્યું, ડી કોકે ધોનીને પાછળ છોડ્યો

# મેદાનમાં હાર્દિક-બુમરાહ વચ્ચે તુતુ-મેંમેં થઈ, રોહિત પણ અકળાયો:શ્રેયસના શાનદાર કેચથી પંડ્યા આઉટ

### વાનખેડે સ્ટેડિયમમાં ક્વિન્ટન ડી કોકે વિકેટકીપર તરીકે સૌથી વધુ 50+ સ્કોરના મામલે એમએસ ધોનીને પાછળ છોડ્યા

પંજાબ કિંગ્સે IPL 2026ની 24મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટે હરાવ્યું. વાનખેડે સ્ટેડિયમમાં ક્વિન્ટન ડી કોકે વિકેટકીપર તરીકે સૌથી વધુ 50+ સ્કોરના મામલે એમએસ ધોનીને પાછળ છોડ્યા. ગુરુવારે ડી કોક અણનમ 112 રન બનાવીને મુંબઈ માટે બીજા સૌથી મોટા વ્યક્તિગત સ્કોરર બન્યા. પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયરના ડાઈવિંગ કેચથી હાર્દિક પંડ્યા પેવેલિયન પરત ફર્યા.ક્વિન્ટન ડી કોકે IPLમાં વિકેટકીપર તરીકે પોતાનો 25મો 50+ સ્કોર પૂરો કર્યો. સૌથી વધુ ફિફ્ટી+ સ્કોરના મામલે તેઓ બીજા સ્થાને પહોંચી ગયા. વિકેટકીપર તરીકે સૌથી વધુ 50+ સ્કોર કેએલ રાહુલ (31)ના નામે છે, જ્યારે તેમના પછી એમએસ ધોની (24), દિનેશ કાર્તિક (21) છે. ક્વિન્ટન ડી કોકે આ મેચમાં અણનમ 112 રન બનાવીને મુંબઈ ઈન્ડિયન્સ માટે IPLમાં બીજો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બનાવ્યો. આ યાદીમાં ટોચ પર સનથ જયસૂર્યા (114)* છે, જેમણે 2008માં આ ઈનિંગ રમી હતી. ડી કોકે રોહિત શર્માને પાછળ છોડીને બીજું સ્થાન મેળવ્યું. ટી-20 ક્રિકેટમાં ડી કોકે નવમી સદી પૂરી કરી. સૌથી વધુ સદીના મામલે ક્રિસ ગેલ (22) ટોચ પર છે. તેમના પછી બાબર આઝમ (11) અને ડેવિડ વોર્નર (10) છે.

આ IPLમાં પંજાબ કિંગ્સ સામે કોઈ મુંબઈના બેટરની બીજી સદી છે. આ પહેલા લેન્ડલ સિમન્સ 2014માં મોહાલીમાં અણનમ 100 રન બનાવ્યા હતા.ડી કોક એ વિકેટકીપર બેટરોમાં સામેલ થઈ ગયા છે, જેમણે IPLની ત્રણ અલગ-અલગ ટીમો માટે સદી ફટકારી છે. આ યાદીમાં કેએલ રાહુલ (PBKS, LSG, DC) અને સંજુ સેમસન (DD, RR, CSK) સાથે ક્વિન્ટન ડી કોક (DD, LSG, MI)નું નામ જોડાઈ ગયું છે. પ્રભસિમરન સિંહે 25 વર્ષની ઉંમરે પંજાબ કિંગ્સ માટે સૌથી વધુ 50+ સ્કોર બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે 10 વખત 50 કે તેથી વધુ રન બનાવ્યા છે. આ મામલે તેણે ડેવિડ મિલર (9) અને શોન માર્શ (6) ને પાછળ છોડી દીધા. મેચ દરમિયાન જસપ્રીત બુમરાહની ઓવરમાં જોવા મળ્યું કે હાર્દિક પંડ્યા પોતાની ઈચ્છાથી એક ફિલ્ડ બદલવા માંગતા હતા, બુમરાહ તેનાથી સહમત નહોતા. પરંતુ પછી તરત જ બુમરાહે હાથ ઊંચો કરીને માની લીધું. કેમેરા તરત જ રોહિત શર્મા પર ગયો, જેમાં તે પણ પરેશાન દેખાયા અને તેમણે પોતાનું માથું પકડી લીધું. ચાહકોને બુમરાહના રિએક્શનથી લાગી રહ્યું છે કે તેમને પણ હાર્દિકનું આ વલણ સારું ન લાગ્યું. ત્રીજી ઓવરમાં અર્શદીપ સિંહે IPLમાં પોતાની 100 વિકેટ પૂરી કરી. પહેલી બોલ પર તેણે રાયન રિકેલ્ટનને આઉટ કર્યો. લેગ સાઈડની બોલ પર રિકેલ્ટનનો કેચ શશાંક સિંહે પકડ્યો. આગળની બોલ પર સૂર્યકુમાર યાદવ પણ આઉટ થઈ ગયો. સૂર્યાનો કેચ ચહલે લીધો.

આ સાથે અર્શદીપ IPLમાં 100 કે તેથી વધુ વિકેટ લેનારા મુખ્ય લેફ્ટ-આર્મ પેસર્સની યાદીમાં સામેલ થઈ ગયો છે. આ યાદીમાં ટ્રેન્ટ બોલ્ટ (144), જયદેવ ઉનડકટ (114), આશિષ નેહરા (106) અને ઝહીર ખાન (102)નો સમાવેશ થાય છે.

અર્શદીપ પંજાબ કિંગ્સ માટે 100 વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો. તે પહેલા ટીમ માટે સૌથી વધુ વિકેટ પીયૂષ ચાવલા (84)ના નામે હતી. રસપ્રદ વાત એ રહી કે IPLમાં પાવરપ્લેમાં 11 ઈનિંગ્સ (21.1 ઓવર) પછી આ તેની પ્રથમ વિકેટ હતી. T20 ક્રિકેટમાં પણ છેલ્લા 9 મેચ પછી પાવરપ્લેમાં આ તેની પ્રથમ વિકેટ રહી.ચોથી ઓવરના બીજા બોલ પર નમન ધીરને જીવનદાન મળ્યું. માર્કો યાનસને ઓફ સ્ટમ્પની બહાર લેન્થ બોલ નાખ્યો, જેના પર ધીરે સ્કૂપ શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ બેટ પર બરાબર લાગ્યો નહીં અને શોર્ટ ફાઈન લેગ તરફ હવામાં ગયો.

## 'રોહિત-કોહલીને કાઢવા સહેલાં નથી':મુનાફ પટેલે કહ્યું-ગૌતમને હટાવવામાં આવશે તો ગંભીર પરિણામો આવી શકે

પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર મુનાફ પટેલે ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરના સમર્થનમાં મોટું નિવેદન આપ્યું છે. તેમણે BCCIને ચેતવણી આપી કે જો ગંભીરને હટાવવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. ગૌતમ ગંભીરે 2024 T-20 વર્લ્ડ કપ પછી ટીમ ઈન્ડિયાના હેડ કોચનો પદભાર સંભાળ્યો હતો. તેમના કાર્યકાળમાં ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ અને T-20 વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટ જીતી છે. જોકે ટેસ્ટ ક્રિકેટમાં ટીમનું પ્રદર્શન નબળું રહ્યું છે, જેના કારણે તેમને હટાવવાની માંગ ઉઠી રહી છે. ગંભીર જેવા કોચને હટાવવાથી ખેલાડીઓને સંભાળવા મુશ્કેલ થઈ જશે. તે સત્ય બોલે છે અને જરૂર પડ્યે મોટા ખેલાડીઓને બહાર કરવાનો સાહસ રાખે છે. મુનાફે કહ્યું- ગંભીર હંમેશા સાચું બોલે છે, પરંતુ આ વાત ઘણા લોકોને પસંદ નથી આવતી. તેણે એમ પણ કહ્યું-ગંભીરમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા મોટા ખેલાડીઓને પણ 'ના' કહેવાની અને જરૂર પડ્યે બહાર કરવાની હિંમત છે.મુનાફ પટેલ IPLમાં દિલ્હી કેપિટલ્સના બોલિંગ કોચની ભૂમિકા ભજવી રહ્યા છે. ટીમે આ સિઝનમાં અત્યાર સુધી 4 મેચમાં 2 જીત નોંધાવી છે અને પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે.



મુનાફે કહ્યું- ગંભીર હંમેશા સાચું બોલે છે, પરંતુ આ વાત ઘણા લોકોને પસંદ નથી આવતી. તેણે એમ પણ કહ્યું- ગંભીરમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા મોટા ખેલાડીઓને પણ 'ના' કહેવાની અને જરૂર પડ્યે બહાર કરવાની હિંમત છે.મુનાફ પટેલ IPLમાં દિલ્હી કેપિટલ્સના બોલિંગ કોચની ભૂમિકા ભજવી રહ્યા છે. ટીમે આ સિઝનમાં અત્યાર સુધી 4 મેચમાં 2 જીત નોંધાવી છે અને પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે. ગૌતમ ગંભીરે 2024 T-20 વર્લ્ડ કપ પછી ટીમ ઈન્ડિયાના હેડ કોચનો પદભાર સંભાળ્યો હતો. તેમના કાર્યકાળમાં ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ અને T-20 વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટ જીતી છે. જોકે ટેસ્ટ ક્રિકેટમાં ટીમનું પ્રદર્શન નબળું રહ્યું છે, જેના કારણે તેમને હટાવવાની માંગ ઉઠી રહી છે.

## સેમસન ICC પ્લેયર ઓફ ધ મંથ બન્યો T-20 વર્લ્ડકપમાં 321 રન બનાવ્યા

### ફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે 89 રનની ઇનિંગ રમી હતી

ભારતના ઓપનર સંજુ સેમસનને માર્ચ મહિનાનો ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ મળ્યો છે. દુબઈમાં ICCએ મંગળવારે તેની જાહેરાત કરી. સેમસને T-20 વર્લ્ડ કપમાં ભારત માટે સૌથી વધુ 321 રન બનાવ્યા હતા.શરૂઆતની મેચોમાં પ્લેઈંગ XIમાં ન હોવા છતાં પણ સંજુએ સુપર-8માં પોતાને સાબિત કર્યા. તેણે કહ્યું કે- આ એવોર્ડ તેને તેની ક્રિકેટ કારકિર્દીના ખાસ તબક્કામાં મળ્યો છે. ભારતની T-20 વર્લ્ડ કપ જીતમાં યોગદાન આપવું એક સ્વપ્ન સાકાર થવા જેવું હતું અને આ ક્ષણનું મહત્વ સમજવામાં સમય લાગ્યો. તેણે આગળ કહ્યું- ભારતીય ક્રિકેટમાં ઘણી પ્રતિભા છે અને ટીમ તથા કોચિંગ સ્ટાફનો વિશ્વાસ તેના પ્રદર્શનમાં મદદરૂપ રહ્યો. સેમસને ઝિમ્બાબ્વે સામે 24 રનથી શરૂઆત કરી અને પછી સતત સારું પ્રદર્શન કર્યું. વેસ્ટ ઈન્ડિઝ સામે તે સદીથી ત્રણ રનથી ચૂકી ગયો, પરંતુ 97* રન બનાવીને ભારતને સેમિફાઈનલમાં પહોંચાડ્યું. આ પછી, તેણે ઈંગ્લેન્ડ સામે વાનખેડેમાં 89 રન બનાવીને ટીમને 253/7 સુધી પહોંચાડી. ઈંગ્લેન્ડ આ લક્ષ્ય હાંસલ કરી શક્યું નહીં અને સાત રનથી હારી ગયું. અમદાવાદમાં ફાઈનલમાં પણ તેણે 89 રન બનાવ્યા અને ભારતને 96 રનથી જીત અપાવવામાં યોગદાન આપ્યું. માર્ચમાં રમાયેલી ત્રણ T20 મેચોમાં સેમસને 275 રન બનાવ્યા. તેની સરેરાશ 137.50 અને સ્ટ્રાઈક રેટ 199.27 રહ્યો.આ પહેલીવાર છે જ્યારે સેમસને પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીત્યો છે. આ પહેલા પાંચ મહિનામાં અલગ-અલગ દેશોના ખેલાડીઓ આ સન્માન જીતી ચૂક્યા છે. જ્યારે, મહિલાઓમાં ન્યુઝીલેન્ડની કેપ્ટન મેલી કેરને આ એવોર્ડ ત્રીજી વાર મળ્યો. તેણે ઝિમ્બાબ્વે અને સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું. કેરે ઝિમ્બાબ્વે સામેની ODI સિરીઝની ત્રણ મેચમાં 16 વિકેટ લીધી, જેમાં 7/34 તેમનો કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ રહ્યો. સાથે જ બેટિંગમાં 140 રન બનાવીને ટીમને મહત્વની ભૂમિકા ભજવી.

## T20 વર્લ્ડ કપમાં ફિક્સિંગ, પાવર પ્લેમાં કેપ્ટનની 1 ઓવર સામે શંકા, ICC એ તપાસ શરૂ કરી

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની એન્ટી-કરપ્શન યુનિટે ક્રિકેટ કેનેડામાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર, મેચ ફિક્સિંગ અને ટીમ સિલેક્શનમાં દખલગીરી જેવા ગંભીર આરોપોની તપાસ શરૂ કરી છે. રિપોર્ટ અનુસાર, આ તપાસનો મુખ્ય છેડો 17 ફેબ્રુઆરી, 2026ના રોજ ચેન્નાઈમાં રમાયેલા કેનેડા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના ટી20 વર્લ્ડ કપ મુકાબલા સાથે જોડાયેલો છે. આ મેચમાં કેનેડાના કેપ્ટન દિલપ્રીત બાજવા દ્વારા ફેંકવામાં આવેલી એક ઓવર શંકાના દાયરામાં છે, જેમાં તેમણે નો-બોલ અને વાઈડ સાથે 15 રન આપ્યા હતા. જોકે, હજુ સુધી કોઈ ખેલાડી પર સત્તાવાર આરોપ નક્કી થયા નથી, પરંતુ તપાસ એજન્સી આ બાબતે ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.ભ્રષ્ટાચારના આ વિવાદમાં કેનેડાના પૂર્વ કોચ ખુર્રમ ચૌહન અને પુબુદુ દસનાયકેના નિવેદનોએ પણ ખળભળાટ મચાવ્યો છે. એક કથિત ઓડિયો રેકોર્ડિંગમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્રિકેટ કેનેડાના કેટલાક પૂર્વ બોર્ડ મેમ્બર્સ દ્વારા ખાસ ખેલાડીઓને ટીમમાં લેવા માટે કોચ પર દબાણ કરવામાં આવ્યું હતું. દસનાયકેએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તેમણે આવા ખોટા કામોની ના પાડી ત્યારે તેમને કોન્ટ્રેક્ટ ખતમ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ તમામ બાબતોનો ખુલાસો તાજેતરમાં એક ડોક્યુમેન્ટ્રી 'કરપ્શન, ક્રાઈમ અને ક્રિકેટ' દ્વારા કરવામાં આવ્યો છે.

ગેરાલ્ડ કોએટ્ઝી: 145+ ની સ્પીડ અને આક્રમક અંદાજ

## સનરાઈઝર્સ હૈદરાબાદમાં ધૂરંધર બોલરની એન્ટ્રી, બેટિંગ બાદ હવે બોલિંગ સેક્શન પણ મજબૂત

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની સીઝન વચ્ચે જ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) માટે મુશ્કેલીઓ વધી હતી. ઈંગ્લેન્ડના બે દિગ્ગજ ફાસ્ટ બોલરો બ્રાયડન કાર્સે અને ડેવિડ પેન ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. જોકે, ફ્રેન્ચાઈઝી માલિક કાવ્યા મારન અને ટીમ મેનેજમેન્ટે તરત જ એક્શનમાં આવીને તેમના મજબૂત વિકલ્પો શોધી કાઢ્યા છે. બ્રાયડન કાર્સેની જગ્યાએ અગાઉ દિલશાન મદુશંકાને ટીમમાં લેવામાં આવ્યો હતો, અને હવે ડેવિડ પેનના સ્થાને ગેરાલ્ડ કોએટ્ઝીના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જેનાથી હવે અભિષેક અને ટ્રેવિસ અને ક્લાસેન જેવા ધૂરધંર બેટિંગ સેક્શનની સાથે હવે બોલિંગ સેક્શન પણ મજબૂત થઈ ગયું છે. સાઉથ આફ્રિકાના આક્રમક ફાસ્ટ બોલર ગેરાલ્ડ કોએટ્ઝીને હૈદરાબાદે 2 કરોડ રૂપિયાની કિંમતે પોતાની ટીમ સાથે જોડ્યો છે. કોએટ્ઝી પોતાની ઘાતક સ્પીડ માટે જાણીતો છે, જે સતત 145 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે બોલિંગ કરીને બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી શકે છે. તેની પાસે 14 વનડે અને 18 ટી20 ઈન્ટરનેશનલ મેચોનો અનુભવ છે, જેમાં તેણે કુલ 67 વિકેટ ઝડપી છે.કોએટ્ઝી માટે આ લીગ નવી નથી. તે અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને ગુજરાત ટાઈટન્સ (GT) જેવી ટીમોનો હિસ્સો રહી ચૂક્યો છે. તેણે અત્યાર સુધી 14 IPL મેચોમાં 15 વિકેટ ઝડપી છે. બોલિંગની સાથે સાથે તે નીચલા ક્રમે ઉપયોગી બેટિંગ કરવાની પણ ક્ષમતા ધરાવે છે, જે હૈદરાબાદની ટીમમાં વધારાની ઊંડાઈ (Depth) લાવશે.સનરાઈઝર્સ માટે હાલમાં સારા સમાચાર એ પણ છે કે ટીમને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી સાકિબ હુસૈન અને પ્રફુલ હિંગે જેવા ધારદાર યુવા બોલરો મળ્યા છે. બીજી તરફ, કેપ્ટન પેટ કમિન્સ પણ પોતાની પીઠની ઈજામાંથી મુક્ત થઈ રહ્યો છે અને એપ્રિલના અંત સુધીમાં મેદાન પર પરત ફરે તેવી શક્યતા છે. હેડ કોચ ડેનિયલ વેટોરી પાસે હવે બોલિંગમાં અનેક મજબૂત વિકલ્પો ઉપલબ્ધ છે, જે ટીમને ટૂર્નામેન્ટમાં ફરી બેઠી કરવામાં મદદરૂપ થશે.



### કરિયર બચાવવા જેકલીન બોયફ્રેન્ડ સુકેશનો ભોગ લેશે! ; મોંઘી-મોંઘી ગિફ્ટ્સ મળ્યાનો દાવો

# 200 કરોડની છેતરપિંડી કેસમાંથી છટકવા સરકારી સાક્ષી બનવા તૈયાર

## EDની તપાસમાં સામે આવ્યું હતું કે સુકેશે છેતરપિંડીના આ પૈસાથી જેકલીન ફર્નાન્ડિસને કરોડો રૂપિયાની કિંમતી ભેટો આપી હતી

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસે 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી દરમિયાન એક્ટ્રેસે જાણકારી આપી કે તે આ મામલે તપાસ એજન્સીઓ સાથે સંપૂર્ણ સહયોગ કરવા તૈયાર છે. કોર્ટે એક્ટ્રેસની વાત સાંભળ્યા બાદ તેને નિર્દેશ આપ્યો છે કે આ માટે તેમને સૌથી પહેલા પ્રવર્તન નિર્દેશાલય (ED) પાસે ઔપચારિક અરજી દાખલ કરવી પડશે. આ મામલો ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલો છે. સુકેશ પર આરોપ છે કે તેણે રેનબેક્સીના પૂર્વ પ્રમોટર શિવિન્દર સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી લગભગ 200 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

EDની તપાસમાં સામે આવ્યું હતું કે સુકેશે છેતરપિંડીના આ પૈસાથી જેકલીન ફર્નાન્ડિસને કરોડો રૂપિયાની કિંમતી ભેટો આપી હતી. તેમાં લક્ઝરી બેગ, હીરાના ઘરેણાં, મોંઘા ઘોડા અને બિલાડીઓ સામેલ હતી. આ કારણે EDએ જેકલીનને પણ આ મની લોન્ડરિંગ કેસમાં આરોપી બનાવી હતી. સુકેશ ચંદ્રશેખર કેસને કારણે જેકલીન ફર્નાન્ડિસને છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેને વિદેશ જવા માટે દર વખતે કોર્ટમાંથી પરવાનગી લેવી પડતી હતી. તેના ઘણા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને ફિલ્મો પણ પ્રભાવિત થયા. એવું માનવામાં આવે છે કે સરકારી સાક્ષી બનીને જેકલીન પોતાને આ કાનૂની ગૂંચવણમાંથી બહાર કાઢવા માંગે છે જેથી તે પોતાની એક્ટિંગ કરિયર પર ફરીથી ધ્યાન આપી શકે.





જેકલીન ફર્નાન્ડિસ લાંબા સમયથી આ હાઈ-પ્રોફાઈલ કેસમાં આરોપી તરીકે તપાસનો સામનો કરી રહી છે. હવે તેણે કોર્ટ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો છે કે તે સરકારી સાક્ષી બનીને સત્ય બહાર લાવવા માંગે છે. જો ED તેની અરજી સ્વીકારી લે છે અને કોર્ટ તેની મંજૂરી આપે છે, તો જેકલીન આ કેસમાં આરોપીમાંથી સાક્ષી બની જશે. કાયદાકીય નિષ્ણાતોના મતે, જો તે સુકેશ વિરુદ્ધ પાકી માહિતી આપે તો તેને સજામાં છૂટ અથવા કાયદાકીય કાર્યવાહીમાંથી રાહત મળી શકે છે.

જેકલીન ફર્નાન્ડિસે કોર્ટમાં આ કેસ રદ કરવાની માંગ કરી છે. ED અનુસાર, જેકલીન સાથે મિત્રતા થયા પછી સુકેશે તેના પર 7 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા હતા. સુકેશે જેકલીનને આ વસ્તુઓ ભેટમાં આપી હતી.

બહેરીનમાં રહેતા જેકલીનના માતા-પિતાને 1.89 કરોડની બે ગાડીઓ (પોર્શ અને મસેરાટી)

જેકલીનની બહેનને સવા કરોડની BMW કાર

સુકેશ સાથે જેકલીન ફર્નાન્ડિસની ઘણી તસવીરો વાઈરલ થઈ ચૂકી છે.

સુકેશ સાથે જેકલીન ફર્નાન્ડિસની ઘણી તસવીરો વાઈરલ થઈ ચૂકી છે.

કેસની સંપૂર્ણ ટાઈમલાઈન

ઓગસ્ટ 2021: દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) એ સુકેશ વિરુદ્ધ FIR નોંધી અને 200 કરોડની છેતરપિંડીનો પર્દાફાશ થયો.

ઓક્ટોબર 2021: આ મામલામાં પહેલીવાર જેકલીન ફર્નાન્ડિસનું નામ સામે આવ્યું અને ED એ તેમની કલાકો સુધી પૂછપરછ કરી.

ડિસેમ્બર 2021: જેકલીનને મુંબઈ એરપોર્ટ પર વિદેશ જતાં રોકવામાં આવી, તેમની વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જારી થઈ.

ઓગસ્ટ 2022: ED એ પોતાની સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં જેકલીનને આરોપી તરીકે નામિત કરી.

નવેમ્બર 2022: પટિયાલા હાઉસ કોર્ટમાંથી જેકલીન ફર્નાન્ડિસને આ મામલામાં નિયમિત જામીન મળી ગયા.

એપ્રિલ 2026: જેકલીને કોર્ટમાં સરકારી સાક્ષી બનવાની ઈચ્છા વ્યક્ત કરી અને EDને અરજી આપવાની પ્રક્રિયા શરૂ થઈ.કરિયર અને ઈમેજ પર અસર પડી છે .સુકેશ ચંદ્રશેખર કેસને કારણે જેકલીન ફર્નાન્ડિસને છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેને વિદેશ જવા માટે દર વખતે કોર્ટમાંથી પરવાનગી લેવી પડતી હતી. તેના ઘણા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને ફિલ્મો પણ પ્રભાવિત થયા. એવું માનવામાં આવે છે કે સરકારી સાક્ષી બનીને જેકલીન પોતાને આ કાનૂની ગૂંચવણમાંથી બહાર કાઢવા માંગે છે જેથી તે પોતાની એક્ટિંગ કરિયર પર ફરીથી ધ્યાન આપી શકે.

### ફફડતાં ફફડતાં ભાગી; કહ્યું- ક્યારેય કોઈને એકલા મળવા નહીં જઉં

# 'એકલા રૂમમાં બોલાવી, અડપલાં કર્યાં!':ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહ પર ડિરેક્ટરની ગંદી નજર



બોલિવૂડ ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહે તેના કરિયરના શરૂઆતના દિવસોના એક ખરાબ અનુભવ શેર કર્યો છે. ડેઝીએ જણાવ્યું કે- કેવી રીતે એક કાસ્ટિંગ મીટિંગ દરમિયાન એક ફિલ્મમેકરે તેને ખોટી રીતે સ્પર્શ કર્યો, જેના પછી તે ખૂબ જ અનકમ્ફર્ટેબલ થઈ ગઈ. એક્ટ્રેસે એ પણ સ્પષ્ટ કર્યું કે આ ઘટના પછી તેણે નિર્ણય કર્યો કે તે કામના સંબંધમાં ક્યારેય કોઈને એકલા નહીં મળે. 'ફ્રી પ્રેસ જર્નલ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં ડેઝી શાહે જણાવ્યું કે- આ ઘટના મુંબઈની છે. સાઉથના એક ફિલ્મમેકર મુંબઈમાં કાસ્ટિંગ માટે આવ્યા હતા. ડેઝીએ જણાવ્યું, ત્યાં લગભગ 6 થી 7 છોકરીઓ કામના સંબંધમાં મળવા પહોંચી હતી. તે ફિલ્મમેકર દરેક છોકરીને એકલામાં મળી રહી હતી. જ્યારે મારો વારો આવ્યો અને હું અંદર ગઈ, ત્યારે મને મીટિંગ પૂરી થાય તે પહેલાં જ અજીબ લાગવા માંડ્યું હતું. એક્ટ્રેસે તે અસહજ ક્ષણને યાદ કરતા કહ્યું કે- તે ફિલ્મમેકરે મને ખોટી રીતે સ્પર્શ કર્યો અને મારો હાથ પકડી લીધો. મને તે બિલકુલ પસંદ ન આવ્યું. ડેઝીએ એ પણ જણાવ્યું કે તેને શરૂઆતથી જ કોઈનો સ્પર્શ પસંદ નથી. તેણે કહ્યું, હું મસાજ પણ નથી કરાવતી કારણ કે મને સ્પર્શ પસંદ નથી, પછી ભલે તે કોઈ મહિલા જ કેમ ન હોય. આવા સંજોગોમાં કોઈ અજાણ્યા પુરુષનો મને સ્પર્શ કરવો મારા માટે ખૂબ મોટી વાત હતી. તે સ્થિતિમાં ડેઝીએ ફિલ્મમેકરને કહ્યું- હું તમારી સાથે પછી વાત કરું છું, પરંતુ તેણે ક્યારેય તેનો સંપર્ક કર્યો નહીં. ડેઝીએ કહ્યું કે તેણે પોતાને સુરક્ષિત રાખવા માટે ત્યાંથી તરત જ નીકળી જવાનું વધુ સારું માન્યું. આ ઘટનાએ તેને એક મોટો પાઠ શીખવ્યો કે ઈન્ડસ્ટ્રીમાં કામ માટે ક્યારેય કોઈને એકલા મળવું ન જોઈએ.ડેઝીએ 2019માં ગુજરાતી ફિલ્મ 'ગુજરાત 11' કરી હતી. 2023માં તેણે ટીવી શો 'ખતરોં કે ખિલાડી 13'માં ભાગ લીધો હતો. ઈન્ટરવ્યૂ દરમિયાન ડેઝીને તેના અને સલમાન ખાનના કનેક્શન પર પણ સવાલ પૂછવામાં આવ્યો. અવારનવાર કહેવાય છે કે ડેઝીનું કરિયર સલમાન ખાનના કારણે જ ચાલી રહ્યું છે. આના પર તેણે કહ્યું, લોકો હંમેશા વિચારે છે કે કોઈ મહિલાની સફળતા પાછળ કોઈનો હાથ હોય છે. હવે મને આ વાતોનું ખરાબ નથી લાગતું. લાઈફમાં મદદ મળવી સામાન્ય વાત છે, પરંતુ મારી પોતાની મહેનત પણ મહત્વ રાખે છે.ડેઝીએ પોતાની કારકિર્દી ડાન્સર અને મોડલ તરીકે શરૂ કરી હતી. તે કોરિયોગ્રાફર ગણેશ આચાર્યની આસિસ્ટન્ટ રહી ચૂકી છે. આ પછી તેણે મોડેલિંગ અને ફોટોશૂટ કર્યા. 2011માં તે કન્નડ ફિલ્મ 'ભદ્રા' અને હિન્દી ફિલ્મ 'બોડીગાર્ડ'માં જોવા મળી હતી. પછી ડેઝીએ 2014માં સલમાન સાથે 'જય હો'માં કામ કર્યું. આ પછી તે 'હેટ સ્ટોરી 3'માં જોવા મળી. બાદમાં તેણે 'આક્રમણ', 'રત્નરતન' અને 'રેસ 3' જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું. ડેઝીએ 2019માં ગુજરાતી ફિલ્મ 'ગુજરાત 11' કરી હતી. 2023માં તેણે ટીવી શો 'ખતરોં કે ખિલાડી 13'માં ભાગ લીધો હતો. ઈન્ટરવ્યૂ દરમિયાન ડેઝીને તેના અને સલમાન ખાનના કનેક્શન પર પણ સવાલ પૂછવામાં આવ્યો. અવારનવાર કહેવાય છે કે ડેઝીનું કરિયર સલમાન ખાનના કારણે જ ચાલી રહ્યું છે. આના પર તેણે કહ્યું, લોકો હંમેશા વિચારે છે કે કોઈ મહિલાની સફળતા પાછળ કોઈનો હાથ હોય છે. હવે મને આ વાતોનું ખરાબ નથી લાગતું. લાઈફમાં મદદ મળવી સામાન્ય વાત છે, પરંતુ મારી પોતાની મહેનત પણ મહત્વ રાખે છે.ડેઝીએ પોતાની કારકિર્દી ડાન્સર અને મોડલ તરીકે શરૂ કરી હતી. તે કોરિયોગ્રાફર ગણેશ આચાર્યની આસિસ્ટન્ટ રહી ચૂકી છે. આ પછી તેણે મોડેલિંગ અને ફોટોશૂટ કર્યા. 2011માં તે કન્નડ ફિલ્મ 'ભદ્રા' અને હિન્દી ફિલ્મ 'બોડીગાર્ડ'માં જોવા મળી હતી. પછી ડેઝીએ 2014માં સલમાન સાથે 'જય હો'માં કામ કર્યું. આ પછી તે 'હેટ સ્ટોરી 3'માં જોવા મળી. બાદમાં તેણે 'આક્રમણ', 'રત્નરતન' અને 'રેસ 3' જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું.

### ઓસ્કર એકેડેમીના પેજ પર શાહરુખ ખાન છવાયો

# ઓમ શાંતિ ઓમ'નો વીડિયો શેર કર્યો, 'કિંગ' ખાને કહ્યું- 'હવે લાગે છે કે હું દુનિયાનો બાદશાહ છું'


બોલિવૂડના 'કિંગ' ખાન હાલમાં 'દુનિયાના બાદશાહ' હોવાની લાગણી અનુભવી રહ્યા છે. તાજેતરમાં પ્રતિષ્ઠિત ધ એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ (ઓસ્કર એકેડેમી)એ શાહરુખ ખાનની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ના પ્રખ્યાત ડાયલોગની ક્લિપ શેર કરી છે, જેના પર શાહરુખે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. ઓસ્કર એકેડેમીએ 'કિસી ચીઝ કો શિદ્દત સે ચાહો' વાળો વીડિયો શેર કર્યો વાસ્તવમાં ઓસ્કર એકેડેમીએ 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મના એવોર્ડ નાઈટ સીનનો મોનોલોગ શેર કરતા લખ્યું, 'નસીબની એક વાત છે તે ક્યારેય ચૂકતું નથી.' એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસ (AMPAS), જેને દુનિયાભરમાં ધ એકેડમીના નામથી ઓળખવામાં આવે છે, આ સંસ્થા દર વર્ષે ઓસ્કર એવોર્ડ પ્રદાન કરે છે.એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસ (AMPAS), જેને દુનિયાભરમાં ધ એકેડમીના નામથી ઓળખવામાં આવે છે, આ સંસ્થા દર વર્ષે ઓસ્કર એવોર્ડ પ્રદાન કરે છે.આના પર શાહરુખે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોસ્ટને રીટ્વીટ કરતા લખ્યું કે, 'એકેડેમી એવોર્ડ્સ, ઓમની સ્પીચ દ્વારા તમે મને જૂની યાદોમાં પહોંચાડી દીધો હવે મને ખરેખર લાગે છે કે હું દુનિયાનો બાદશાહ છું.''ઓમ શાંતિ ઓમ'થી દીપિકાએ ડેબ્યૂ કર્યું હતુંફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નું ડિરેક્શન ફરાહ ખાને કર્યું હતું. 2007માં રિલીઝ થયેલી આ ફિલ્મથી દીપિકા પાદુકોણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મમાં અર્જુન રામપાલ અને શ્રેયસ તલપડે પણ મુખ્ય ભૂમિકાઓમાં હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.'ઓમ શાંતિ ઓમ' ફિલ્મ 9 નવેમ્બર 2007ના રોજ રિલીઝ થઈ હતી. તેનો 'ઈતની શિદ્દત સે' ડાયલોગ આજે પણ મોટિવેશન માટે ઉપયોગમાં લેવામાં



આવે છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહરૂખ ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેનું ડિરેક્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે. ફિલ્મમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન અને દીપિકા પાદુકોણ પણ મહત્ત્વની ભૂમિકામાં છે.એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, શાહરુખ, અલ્લુ અર્જુનની ફિલ્મ 'રાકા'માં કેમિયો કરી શકે છે. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. નોંધનીય છે કે, 'રાકા'નું ડિરેક્શન એટલી કરી રહ્યા છે, જેમણે શાહરુખ ખાનની સુપરહિટ ફિલ્મ 'જવાન'નું ડિરેક્શન કર્યું હતું. 'ઓમ શાંતિ ઓમ'થી દીપિકાએ ડેબ્યૂ કર્યું હતુંફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નું ડિરેક્શન ફરાહ ખાને કર્યું હતું. 2007માં રિલીઝ થયેલી આ ફિલ્મથી દીપિકા પાદુકોણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મમાં અર્જુન રામપાલ અને શ્રેયસ તલપડે પણ મુખ્ય ભૂમિકાઓમાં હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.'ઓમ શાંતિ ઓમ' ફિલ્મ 9 નવેમ્બર 2007ના રોજ રિલીઝ થઈ હતી. તેનો 'ઈતની શિદ્દત સે' ડાયલોગ આજે પણ મોટિવેશન માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહરૂખ ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેનું ડિરેક્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે. ફિલ્મમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન અને દીપિકા પાદુકોણ પણ મહત્ત્વની ભૂમિકામાં છે.એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, શાહરુખ, અલ્લુ અર્જુનની ફિલ્મ 'રાકા'માં કેમિયો કરી શકે છે. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. નોંધનીય છે કે, 'રાકા'નું ડિરેક્શન એટલી કરી રહ્યા છે, જેમણે શાહરુખ ખાનની સુપરહિટ ફિલ્મ 'જવાન'નું ડિરેક્શન કર્યું હતું.

### ફિલ્મ 'ગિન્ની વેડ્સ સની 2' 24 એપ્રિલ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# 'ગિન્ની વેડ્સ સની 2'માં હાસ્ય, પ્રેમ અને ટ્વિસ્ટ:મેધા શંકર-અવિનાશ તિવારીએ સંબંધો અને લગ્ન પર ખૂલીને વાત કરી




ખાખીઃ ધ બિહાર ચેપ્ટર' ફેમ અવિનાશ તિવારી અને '12th ફેઈલ' એક્ટ્રેસ મેધા શંકરની ફિલ્મ 'ગિન્ની વેડ્સ સની 2' ટૂંક સમયમાં રિલીઝ થશે. આ માત્ર લવ સ્ટોરી નથી, પરંતુ સંબંધો, પરિવાર અને આજના સમયની ગૂંચવણોને હળવાશથી દર્શાવે છે.'સ્ક્રિપ્ટ સાંભળતા જ હું વાર્તા સાથે જોડાઈ ગઈ. ગિન્નીનું પાત્ર મને ખૂબ જ રિલેટેબલ લાગ્યું, જેનું જીવન, પ્રેમ અને પરિવાર વાસ્તવિક જેવા છે.' અવિનાશ તિવારીએ કહ્યું કે, 'શરૂઆતમાં હું મૂંઝવણમાં હતો, પરંતુ વાર્તાની તાજગી અને હ્યુમરે મને બાંધી રાખ્યો.'બંનેનું કહેવું છે કે, 'ફિલ્મમાં કોમેડી સાથે મજબૂત ઈમોશન પણ છે, જે દર્શકોને હસાવવાની સાથે સ્પર્શી જશે. સંબંધોની સચ્ચાઈ, લગ્નનું દબાણ અને પ્રેમની ગૂંચવણો ફિલ્મને ખાસ બનાવે છે. અવિનાશ તિવારી અને મેધા શંકરે પર્સનલ લાઈફ, સંબંધો અને એકબીજાની ખૂબીઓ-ખામીઓ પર વાત કરી. રજૂ છે કેટલાક ખાસ અંશોફિલ્મ 'ગિન્ની વેડ્સ સની 2' 24 એપ્રિલ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

પ્રશ્ન : 'ગિન્ની વેડ્સ સની 2' તમારા માટે શું છે? સ્ક્રીપ્ટમાં એવું શું હતું, જેના કારણે તમે તેને પસંદ કરી?

મેધા શંકરઃ આ સ્ક્રીપ્ટ રાઈટર અને ડિરેક્ટર પ્રશાંત વર્માએ સંભળાવી હતી. હું બહુ ઓછી વાર આટલી જોરથી હસી છું, જેટલી તેને સાંભળતી વખતે હસી. ત્યારે જ લાગ્યું કે આ ફિલ્મ ખાસ છે. દરેક પાત્ર વાસ્તવિક છે અને પ્રેમ કહાણી હૃદયને સ્પર્શી જાય તેવી છે. ફિલ્મમાં મજા અને કોમેડી છે. સ્ક્રીપ્ટ સાંભળીને જ હું તૈયાર થઈ ગઈ હતી.

પ્રશ્નઃ અવિનાશ, તમને ફિલ્મમાં શું ખાસ લાગ્યું?

અવિનાશ તિવારીઃ જ્યારે પ્રશાંતે વાર્તા સંભળાવી, ત્યારે હું દર 3-4 મિનિટે હસી રહ્યો હતો. સાચું કહું તો, શરૂઆતમાં મન હતું કે ફિલ્મને ના પાડી દઉં, કારણ કે હું કંઈક અલગ કરવા માંગતો હતો.

પરંતુ જેમ જેમ વાર્તા આગળ વધી, લાગ્યું કે હું આ જ શોધી રહ્યો હતો. આ લગ્નની ફિલ્મ છે, પરંતુ તેને અલગ અને તાજી રીતે બનાવવામાં આવી છે. મેધા શંકર અને અવિનાશ તિવારી પહેલીવાર 'ગીન્ની વેડ્સ સની 2'માં સાથે કામ કરી રહ્યા છે.

### પહાડ જેટલો ખોરાક નથી ખાધો; લોકોને દયાળુ બનવા અપીલ કરી

# બોડી શેમિંગ કરનારા પાપારાઝી પર પત્રલેખા ભડકી:એક્ટ્રેસે કહ્યું, 'મેં બાળકને જન્મ આપ્યો છે

'સિટી લાઈટ્સ' ફેમ એક્ટ્રેસ અને પ્રોડ્યુસર પત્રલેખા તાજેતરમાં બોડી શેમિંગનો શિકાર થઈ છે. વાસ્તવમાં તાજેતરમાં એક પાપારાઝી પેજે રાજકુમાર રાવની પત્ની પત્રલેખાનો વીડિયો શેર કરીને તેના વધેલા વજન પર સંવેદનહીન ટિપ્પણી કરી હતી. આના પર એક્ટ્રેસ ભડકી ગઈ હતી અને બોડી શેમિંગ કરનારાને સણસણતો જવાબ આપ્યો હતો. પત્રલેખાએ જવાબ આપતા કહ્યું કે, તેણે હમણાં જ એક બાળકને જન્મ આપ્યો છે અને તેના શરીરમાં આવેલા ફેરફારો એક કુદરતી પ્રક્રિયાનો ભાગ છે.

આખો મામલો ત્યારે શરૂ થયો જ્યારે એક પાપારાઝી પેજે પત્રલેખાનો એક વીડિયો પોસ્ટ કર્યો. વીડિયોમાં પત્રલેખા પોતાની કારમાંથી ઉતરી રહી હતી અને તેની પાછળ પતિ રાજકુમાર રાવ પણ જોવા મળી રહ્યા હતા. આ વીડિયો સાથે કેપ્શન લખવામાં આવ્યું હતું, 'આમને શું થઈ ગયું છે?' (What's happened to her?)પત્રલેખાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ કમેન્ટની સખત ટીકા કરી. તેણે લખ્યું, 'પેપ પેજીસ, મને શું થયું છે? વાત એ છે કે મેં હમણાં જ એક બાળકને જન્મ આપ્યો છે! હા, મારું વજન વધી ગયું છે, જે તમને બધાને કદાચ કોઈ અસ્વાભાવિક વાત લાગી રહી છે.'પત્રલેખાએ આગળ કહ્યું કે, 'મેં બેસીને કોઈ પહાડ જેટલો ખોરાક ખાધો નથી. આ મારી પ્રેગ્નન્સી પ્રત્યે મારા શરીરની સ્વાભાવિક પ્રતિક્રિયા છે.'રાજકુમાર રાવ અને પત્રલેખા 15 નવેમ્બર 2025ના રોજ દીકરીના માતા-પિતા બન્યાં હતાં. રાજકુમાર રાવ અને પત્રલેખા 15 નવેમ્બર 2025ના રોજ દીકરીના માતા-પિતા બન્યાં હતાં.

એક્ટ્રેસે પોતાની પ્રોફેશનલ જવાબદારીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ડિલિવરી પછી તે માત્ર પોતાની તબિયતનું ધ્યાન નથી રાખી રહી, પરંતુ કામ પણ કરી રહી છે. તેણે લખ્યું, 'મેં માત્ર એક બાળકને જન્મ જ નથી આપ્યો, પરંતુ એક સાથે બે ફિલ્મોનું પ્રોડક્શન પણ સંભાળ્યું છે, જે સરળ કામ નથી. જો મારા હાથમાં હોત, તો હું આવી ન દેખાત, પરંતુ મારું શરીર આ રીતે પ્રતિક્રિયા આપી રહ્યું છે.'રાજકુમાર રાવ અને પત્રલેખાએ 15 નવેમ્બર, 2025ના રોજ તેમના પ્રથમ બાળક, એક દીકરીનું સ્વાગત કર્યું હતું. તેમણે પોતાની પુત્રીનું નામ રાજકુમારની દિવંગત માતાના નામ પર 'પાર્વતી પોલ રાવ' રાખ્યું છે.પત્રલેખા પહેલાં નેહા ધૂપિયા, દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ અને ઐશ્વર્યા રાય જેવા સેલેબ્સે પણ પોસ્ટપાર્ટમ વજન અને બોડી શેમિંગને લઈને પોતાનો અવાજ ઉઠાવ્યો છે.રાજકુમાર અને પત્રલેખાની પહેલી મુલાકાત વર્ષ 2014માં ફિલ્મ 'સિટી લાઈટ્સ' દરમિયાન થઈ હતી. ઘણા વર્ષો સુધી એકબીજાને ડેટ કર્યા પછી, રાજકુમારે ઓક્ટોબર 2021માં પત્રલેખાને પ્રપોઝ કર્યું હતું. નવેમ્બર 2021માં બંનેએ ચંદીગઢમાં એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કર્યાં હતાં.

